CMYK CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ મહા વદ -૪    ગુરૂવાર, તા.૦૫-૦૨-૨૦૨૬    અંક : ૩૨  વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# સાણંદમાં દારૂ અને હુક્કા પાર્ટીમાં પોલીસ ત્રાટકી : મહિલા સહિત ૮૦ ઝડપાયા

## પાર્ટીમાં ફૂડ કાઉન્ટરની સાથોસાથ ૧૧ જેટલા ટેબલ પર પર કેક, હુક્કો અને દારૂ મૂકવામાં આવ્યો હતો : પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી



અમદાવાદ

સાણંદ પોલીસે બાતમીને આધારે રેડ કરીને એક નિર્વાણા ગ્રીન્સના વિકેન્ડ હોમમાં ચાલતી દારૂની મહેફિલનો પર્દાફાશ કર્યો હતો.પોલીસે ૮૦ જેટલા યુવક અને યુવતીની અટકાયત કરી છે. આ તમામના મેડિકલ ટેસ્ટ રાતે જ કરવામાં આવ્યા છે. મહત્ત્વનું છે કે, પોલીસ આ રેડ અંગે તમામ સામે ફરિયાદ નોંધી મુદ્દામાલ જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સાણંદના ગોરસ સિમ નજીક આવેલા નિર્વાણા ગ્રીન વિકેન્ડ હોમમાં એક પ્રાઈવેટ બંગલોમાં એક ૨૫મી એનિવર્સરીની પાર્ટી હતી. જેમાં દારૂની મહેફિલનું આયોજન કરાયું હતું. જે અંગે બાતમી મળતા પોલીસની ટીમે રેડ કરીને ૮૦ જેટલા યુવક અને યુવતીની ધરપકડ કરી હતી. આ સાથે જ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાણંદના ગોરસ સિમ નજીક એક પ્રાઈવેટ વિકેન્ડ હોમમાં એવીની ૨૫મી એનીવર્સરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોને આમંત્રિત કરાયા હતાં. અહીં ફૂડ કાઉન્ટર ગોઠવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૧ જેટલા ટેબલ પર પર કેક, હુક્કો અને દારૂ પીરસવામાં આવ્યો હતો.

પોલિસે રેડ કરતા જ મહેફિલમાં ભંગ પડ્યો હતો અને ત્યાં હાજર યુવક અને યુવતીઓમાં અફરાતફરી મચી ગઇ હતી. પોલીસ ૮૦ જેટલા યુવક યુવતીની ધરપકડ કરીને પોલીસ સ્ટેશન લઈ આવી હતી અને ત્યાંથી સાણંદની સરકારી હોસ્પિટલ ખાતે મેડિકલ ટેસ્ટ માટે લઈ જવાયા હતા. માહિતી અનુસાર મહિલાઓને સાડા ત્રણ વાગ્યે વહેલી સવારે જ્યારે પુરુષોને સાડા પાંચ વાગ્યે વહેલી સવારે જ મેડિકલ તપાસ માટે લઈ જવામાં આવ્યા હતા. મહિલાઓને મેડિકલ તપાસ બાદ નોટિસ ફટકારીને છોડી મૂકવામાં આવી હતી. જ્યારે પુરુષો હજુ પણ પોલીસની જ કસ્ટડીમાં છે.

# અમેરિકા અને રશિયા વચ્ચે થયેલ ન્યૂ સ્ટાર્ટ સંધિની અવધિ સમાપ્ત : પરમાણુ શસ્ત્રોની હોડ વધશે

## કરાર સમાપ્ત થતા હવે હવે બન્ને દેશોના વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રો, આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલો, સબમરીન લોન્ચ મિસાઈલો અને બોમ્બર પર કોઈ બંધનકર્તા મર્યાદા કે નિયમ રહ્યો નહીં



નવી દિલ્હી

રશિયા અને અમેરિકા વચ્ચે પરમાણુ શસ્ત્રો પરની છેલ્લી મોટી કાનૂની મર્યાદા હવે ખતમ થઈ ગઈ છે. આજે ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ 'ન્યૂ સ્ટાર્ટ' સંધિ ની મુદત પૂરી થઈ ગઈ છે. લગભગ ૫૦ વર્ષમાં પ્રથમ વખત એવું બન્યું છે કે બંને દેશોના વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રો, જેમ કે આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલો, સબમરીન લોન્ચ મિસાઈલો અને બોમ્બર પર કોઈ બંધનકર્તા મર્યાદા કે નિયમ રહ્યો નથી. આ ઘટનાથી વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની નવી સ્પર્ધા શરૂ થવાનો ખતરો વધી ગયો છે.

ન્યૂ સ્ટાર્ટ સંધિ પરમાણુ શસ્ત્રોની સ્પર્ધાને રોકવા માટે ૨૦૧૦માં કરવામાં આવેલો એક ઐતિહાસિક કરાર હતો. ૨૦૧૦માં તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને રશિયન રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે આના પર હસ્તાક્ષર કર્યા હતા. આ સંધિ ૨૦૧૧માં અમલમાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય એવા વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોની તૈનાતી મર્યાદિત કરવાનો હતો. જે કોઈ દેશના મુખ્ય રાજકીય, સૈન્ય અને ઔદ્યોગિક ઠેકાણાઓને નિશાન બનાવવા સક્ષમ હોય.રશિયાએ સ્પષ્ટ કર્યું છે કે, તે હવે ન્યૂ સ્ટાર્ટ સંધિથી બંધાયેલું નથી.

રશિયન વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકાએ રાષ્ટ્રપતિ પુતિનના તે પ્રસ્તાવનો જવાબ આપ્યો નથી. જેમાં બંને દેશોને વધુ ૧૨ મહિના સુધી સંધિની મર્યાદાઓનું પાલન કરવાનું કહેવામાં આવ્યું હતું. સંયુક્ત રાષ્ટ્ર એ આને આંતરરાષ્ટ્રીય શાંતિ માટે "ગંભીર ક્ષણ" ગણાવી છે.

# રશિયામાં માલગાડી પાટા ઉપરથી ખડી ગયા બાદ ફ્યુલ વેગનમાં પ્રચંડ વિસ્ફોટ

## રશિયાના ટેમ્બોવ વિસ્તારની ઘટનામાં માલગાડીના ૩૦ જેટલા વેગન ક્ષતિગ્રસ્ત : સદનસીબે કોઈ જાનહાનિ નહીં



ટેમ્બોવ,

રશિયાના ટેમ્બોવ વિસ્તારમાં પસાર થઈ રહેલી એક માલગાડીમાં ભયાનક વિસ્ફોટ થતાં અફરાતફરી મચી ગઈ છે. પ્રાથમિક અહેવાલો અનુસાર, રશિયાના મહત્વના સપ્લાય રૂટ પરથી પસાર થઈ રહેલી ટ્રેનના ફ્યૂલ વેગનમાં આ બ્લાસ્ટ થયો હતો.

મોસ્કો-વોરોનેઝ-રોસ્તોવ રૂટ પર આવેલા કોચેતોવકા-૨ સ્ટેશન પાસે થયો હતો. મળતી માહિતી મુજબ, ટ્રેન પાટા પરથી ઉતરી જવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી અને ત્યારબાદ ઈંધણના વેગનમાં વિકરાળ આગ લાગી હતી. આ વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેની જ્વાળાઓ આકાશમાં એક હજાર ફૂટથી પણ વધુ ઊંચાઈ સુધી જોવા મળી હતી. આ દુર્ઘટનામાં રેલવેના આશરે ૩૦ જેટલા વેગન ક્ષતિગ્રસ્ત થયા છે. જોકે હજુ સુધી કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર પ્રાપ્ત થયા નથી. આ વિસ્ફોટને કારણે આ વ્યસ્ત રેલવે લાઇન પરની કામગીરી ખોરવાઈ ગઈ હતી, જેના પરિણામે અનેક ઈન્ટરસિટી ટ્રેનોના શિડ્યુલ ખોરવાયા હતા અને ટ્રેનો મોડી પડી હતી.

યુક્રેન પર આશંકા કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ વિસ્ફોટ પાછળ યુક્રેનનો હાથ હોઈ શકે છે. યુક્રેન દ્વારા અગાઉ પણ રશિયાના મહત્વના સપ્લાય રૂટ અને વ્યૂહાત્મક સ્થળો પર ડ્રોન હુમલા કરવામાં આવ્યા છે.

# દક્ષિણ ફિલિપિન્સના નાનકડા ટાપુ ઉપર ભીષણ આગ : એક હજાર ઘર ભસ્મીભૂત

## નાનકડા ટાપુમાં લાગેલી આગથી વિસ્તારની સમગ્ર વસતી તબાહ થઈ ગઈ



બોંગાઓ,

દક્ષિણ ફિલીપીન્સના બોંગાઓ સ્થિત એક નાના ટાપુ પર મંગળવારે રાત્રે લાગેલી ભીષણ આગે આખી વસ્તીને તબાહ કરી દીધી છે. આગની જ્વાળાઓએ અંદાજે ૧૦૦૦ જેટલા ઘરોને પોતાની ઝપેટમાં લઈ લીધા અને ૫૦૦૦ લોકોને બેઘર કરી દીધા. આ આગ એટલી ભયાનક હતી કે લગભગ ચાર કલાક સુધી સતત સળગતી રહી અને તેજ પવનોએ તેને વધુ ભયાવહ બનાવી દીધી.

સમાચાર એજન્સીઓ પ્રસિદ્ધ કરેલા અહેવાલ અનુસાર આગ 'બારાંગાય લામિયન' નામના વિસ્તારમાં શરૂ થઈ હતી. આ વિસ્તાર એક નાના ટાપુ પર વસેલો છે. જ્યાં ઘરો પાણીની ઉપર લાકડાના થાંભલાઓ પર બનેલા હોય છે. મોટાભાગના ઘરો લાકડું, વાંસ અને નારિયેળના પાંદડા જેવી હળવી સામગ્રીથી બનેલા હતા. ઘરો એકબીજાની અત્યંત નજીક હોવાને કારણે આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ હતી.

આ ભયાનક આગમાં ૧૦૦૦ થી વધારે ઘર બળીને ખાખ થયા હતા. આ ઉપરાંત આગને કારણે આખી વસ્તી લગભગ ખાલી થઈ ગઈ છે. અસરગ્રસ્ત લોકો અત્યારે ખુલ્લા આકાશ નીચે અથવા કામચલાઉ આશ્રયસ્થાનોમાં રહેવા મજબૂર છે.અસરગ્રસ્તોનો પ્રાથમિક આંકડો જ પાંચ હજાર કરતા વધારે લોકોનો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં રાત્રિના અંધકારમાં વિશાળ જ્વાળાઓ અને કાળો ધુમાડો જોઈ શકાય છે. જ્વાળાઓ એટલી ઊંચી હતી કે દૂરથી પણ આખો વિસ્તાર સળગતો દેખાતો હતો.

આ પ્રકારના ટાપુઓ પર વસેલી વસ્તીઓ મોટાભાગે ગરીબ સમુદાયોની હોય છે. ઘરો પાણી પર થાંભલાઓ પર હોવાને કારણે ફાયર બ્રિગેડની ગાડીઓ સરળતાથી પહોંચી શકતી નથી. જ્વલનશીલ સામગ્રી અને ગીચતાને કારણે આગને મોકળું મેદાન મળે અને ફાયરવિભાગ અંદર સુધી જઈ શકતો નથી. તેજ પવનોએ આગને ફેલાવામાં મદદરૂપ સાબિત થયા હતા.

અધિકારીઓએ હજુ સુધી આગ લાગવાના ચોક્કસ કારણનો ખુલાસો કર્યો નથી, હાલ તપાસ ચાલી રહી છે. સામાન્ય રીતે શોર્ટ સર્કિટ અથવા ગેસ લીકેજને કારણે આવી ઘટનાઓ બનતી હોય છે. સ્થાનિક સરકાર અને રાહત એજન્સીઓ અત્યારે અસરગ્રસ્ત પરિવારોને ખોરાક, પાણી, કપડાં અને કામચલાઉ રહેઠાણ પૂરી પાડી રહી છે. હજારો લોકોએ પોતાનું સર્વસ્વ ગુમાવ્યું હોવાથી તેમના પુનર્વસનમાં લાંબો સમય લાગશે.

# વિશ્વ પ્રસિદ્ધ અખબાર વોશિંગ્ટન પોસ્ટમાં મોટાપાયે કર્મચારીઓની કરાઈ છટણી

## અખબારના પશ્ચિમ એશિયાના દિલ્હી, બેઈજિંગ અને કિવમાં મુખ્ય બ્યુરો બંધ કરવામાં આવ્યા : છટણીથી આંતરરાષ્ટ્રીય રિપોર્ટિંગ ટીમ સૌથી વધુ પ્રભાવિત

વોશિંગ્ટન,

ધ વોશિંગ્ટન પોસ્ટમાં મોટા પાયે છટણીઓએ વૈશ્વિક પત્રકારત્વને હચમચાવી નાખ્યું છે. ચટણીથી કોંગ્રેસના સાંસદ શશી થરૂરના પુત્ર અને વરિષ્ઠ પત્રકાર ઈશાન થરૂરને પણ અસર થઈ છે. છટણીથી આંતરરાષ્ટ્રીય રિપોર્ટિંગ ટીમ સૌથી વધુ પ્રભાવિત થઈ હતી, જેમાં પશ્ચિમ એશિયાના દિલ્હી, બેઈજિંગ અને કિવમાં મુખ્ય બ્યુરો બંધ કરવામાં આવ્યા હતા.

વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત અખબારોમાંના એક ગણાતા વોશિંગ્ટન પોસ્ટે બુધવારે મોટા પાયે છટણીની જાહેરાત કરી હતી. આ નિર્ણયથી અખબારના આંતરરાષ્ટ્રીય રિપોર્ટિંગ, સ્પોર્ટ્સ ડેસ્ક અને અન્ય ઘણા વિભાગો પર ગંભીર અસર પડી હતી. છટણી બાદ, ઘણા વરિષ્ઠ અને અનુભવી પત્રકારોએ સોશિયલ મીડિયા પર પોતાનું દુઃખ શેર કર્યું. કોંગ્રેસના સાંસદ શશી થરૂરના પુત્ર ઈશાન થરૂર પણ છટણી કરાયેલા લોકોમાં સામેલ હતા. ઈશાન લાંબા સમયથી ધ વોશિંગ્ટન પોસ્ટ સાથે સંકળાયેલા હતા.

છટણી કરાયેલા ઈશાન થરૂરે સોશિયલ મીડિયા પોસ્ટમાં પોતાનું દુઃખ શેર કર્યું. ઈશાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે તે તેમની બરતરફીથી ખૂબ જ દુઃખી છે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૨ વર્ષથી જે આંતરરાષ્ટ્રીય પત્રકારો અને સંપાદકો સાથે કામ કર્યું છે તેમની સાથે અલગ થવું ખૂબ જ દુઃખદ હતું. તેમણે એમ પણ કહ્યું કે ૨૦૧૭ માં શરૂ કરાયેલી તેમની કોલમ "વર્લ્ડ વ્યૂ" તેમની કારકિર્દીનો એક આદરણીય ભાગ હતો અને લાખો વાચકો દ્વારા વાંચવામાં આવ્યો હતો.આ છટણીની સૌથી મોટી અસર વોશિંગ્ટન પોસ્ટની આંતરરાષ્ટ્રીય રિપોર્ટિંગ ટીમ પર પડી છે. સમગ્ર પશ્ચિમ એશિયા ટીમને દૂર કરવામાં આવી હતી. દિલ્હી, બેઈજિંગ, કિવ, લેટિન અમેરિકા અને બર્લિન જેવા મુખ્ય બ્યુરો બંધ કરવામાં આવ્યા હતા અથવા નોંધપાત્ર રીતે ઘટાડવામાં આવ્યા હતા. દરમિયાન, જેરુસલેમ બ્યુરો ચીફ ગેરી શિહે કહ્યું કે તેમણે સાત વર્ષ સુધી વિશ્વભરમાં રિપોર્ટિંગ કર્યું, અને તે તેમના જીવનનો એક ખાસ અનુભવ હતો. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે આજે એક દુઃખદ દિવસ છે, પરંતુ અમે પ્રામાણિક પત્રકારત્વ કર્યું છે.

# ઉધમપુર એન્કાઉન્ટરમાં જૈશ-એ-મોહમ્મદના કમાન્ડર માવી સહિત બે પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા



શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં બે પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા. આતંકવાદીઓમાંથી એક, રૂબાની ઉર્ફે અબુ માવિયા, જૈશ-એ-મોહમ્મદનો ટોચનો કમાન્ડર હતો અને ઘણા વર્ષોથી આ વિસ્તારમાં સક્રિય હતો.

બસંતગઢ વિસ્તારમાં કિયા ગામના જંગલોમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું. માહિતી અનુસાર, સેના અને સુરક્ષા દળોને વિસ્તારમાં શંકાસ્પદ ગતિવિધિઓ વિશે માહિતી મળી હતી. ત્યારબાદ, સીઆરપીએફ, વ્હાઈટ નાઈટ કોર્પ્સ, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા દળોએ ઓપરેશન કિયા નામનું સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું.

સુરક્ષા દળોએ વિસ્તારને સંપૂર્ણપણે ઘેરી લીધો અને આતંકવાદીઓ સાથે ઝઘડો કર્યો. ૨૦ મિનિટની ગોળીબારમાં બે આતંકવાદીઓને સફળતાપૂર્વક નિષ્ક્રિય કરવામાં આવ્યા. એન્કાઉન્ટર દરમિયાન, આતંકવાદીઓએ ભાગી જવાનો પ્રયાસ કર્યો.

સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, રામનગર, બસંતગઢ અને બિલ્લાવરના જંગલોમાં હજુ પણ આતંકવાદીઓની હાજરીની શંકા છે, અને આ વિસ્તારનું નિરીક્ષણ ચાલુ છે. સુરક્ષા દળોની ચોક્કસ વ્યૂહરચના, ઉચ્ચ સ્તરનું વ્યાવસાયિક સંકલન અને ઓપરેશનમાં પ્રાદેશિક નિયંત્રણની પ્રશંસા કરવામાં આવી રહી છે. ઓપરેશનના સફળ સમાપ્તિ પછી, સુરક્ષા દળો સમયસર કોઈપણ સંભવિત ખતરાને રોકવા માટે વિસ્તાર પર નજર રાખી રહ્યા છે.

અગાઉ, ૩૧ જાન્યુઆરીના રોજ, કિશ્તવાડના જંગલમાં સેનાના વ્હાઈટ નાઈટ કોર્પ્સ, પોલીસ અને સીઆરપીએફ જવાનો વચ્ચે એન્કાઉન્ટર થયું હતું.

જેમાં ત્રણ સૈનિકો ઘાયલ થયા હતા અને એક આતંકવાદી ઘાયલ થયો હતો. એ નોંધવું જોઈએ કે બસંતગઢના જંગલો કિશ્તવાડ જિલ્લામાં ફેલાયેલા છે. ૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ, જોફડ વિસ્તારમાં એક આતંકવાદી એન્કાઉન્ટર થયું હતું. તે સમયે, ત્રણ આતંકવાદીઓ ઘેરાયેલા હોવાનું જાણવા મળ્યું હતું.

ત્યારબાદ, ૨૬ નવેમ્બરના રોજ, ત્રણ શંકાસ્પદો ચિગલા બાલોટા ગામમાં એક સ્થાનિક પાસેથી ખોરાક લઈને નજીકના જંગલમાં ભાગી ગયા હતા. આ વિસ્તાર પણ જોફડની બાજુમાં છે. પર્વતીય પ્રદેશ અને ગાઢ જંગલને કારણે, આતંકવાદીઓ રાત્રિના અંધારામાં ભાગી ગયા હતા.

CMYK CMYK

# ગાંધીનગરમાં પૂ. ભાઇશ્રીના વ્યાસાસને 'નેચર ફર્સ્ટ' ભાગવત કથા : પ્રકૃતિના જતન માટે જાગૃતિ લાવવા પ્રયાસ

### ભાવનગરના અગ્રણી ઉદ્યોગપતિ કોમલકાંત શર્માએ કથા શ્રવણ કરી આયોજકોના પ્રયાસને બિરદાવ્યો



ભાવનગર,તા.૫

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પૂ. ભાઈશ્રીના વ્યાસાસને પ્રકૃતિ પ્રેમ ભાગવત કથાનો પ્રારંભ થયો છે. આ કથા પ્રકૃતિ પ્રેમીઓમાં વિશેષ આકર્ષણ જમાવી રહી છે, જ્યાં પર્યાવરણ સંરક્ષણ માટે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.જ્યારે પૃથ્વી સહિત પંચમહાભૂતોનું શોષણ થઈ રહ્યું છે, ત્યારે વિશ્વભરના લોકોએ પ્રકૃતિને બચાવવા માટે પોતાના સ્તરે પ્રયાસો કરવા અનિવાર્ય છે. જેના ભાગરૂપે આ ભાગવત કથા ખાસ મેસેજ આપવા યોજાઈ છે. બુધવારે ભાવનગરના અગ્રણી ઉદ્યોગપતિ અને લીલા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન કોમલકાંત શર્માએ ઉપસ્થિત રહી કથા શ્રવણનો લાભ લીધો હતો. તેમણે આયોજક સંસ્થાને આ સુંદર પ્રયાસને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર ૬ ખાતે આ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જાણીતા કથાકાર પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા વ્યાસપીઠ પરથી પ્રકૃતિના જતન અને સંરક્ષણ અંગે વચનામૃત આપી રહ્યા છે. 'નેચર ફર્સ્ટ' સંસ્થા દ્વારા આયોજિત આ કથા અંગે સંસ્થાના ટ્રસ્ટી એન પી.પટેલે જણાવ્યું કે, જો આપણે પ્રકૃતિના જતન માટે સમય નહી ફાળવીએ, તો પ્રકૃતિ આપણું રક્ષણ કરવામાં અસમર્થ બનશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, હજારો વર્ષોથી આપણે પ્રકૃતિ પર નિર્ભર છીએ, અને હવે જ્યારે પ્રકૃતિનો વિનાશ થઈ રહ્યો છે, ત્યારે લોકોમાં જાગૃતિ લાવવી એ સમયની માંગ છે.

### પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યો હેતુ

### પ્રકૃતિના સંરક્ષણ માટે જનજાગૃતિ લાવવા આ અનોખો પ્રયાસ

'નેચર ફર્સ્ટ'ના અગ્રણી અને ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન મહેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે, વિશ્વની વસ્તીની સરખામણીમાં આપણે પ્રકૃતિના જતનમાં પાછળ છીએ. તેમણે ઉમેર્યું કે, પ્રકૃતિના સંરક્ષણ માટે જનજાગૃતિ લાવવાના આશયથી આ અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે. મહેન્દ્રભાઈ ત્રિવેદીએ ભાર મૂક્યો કે, જ્યારે પૃથ્વી સહિત પંચમહાભૂતોનું શોષણ થઈ રહ્યું છે, ત્યારે વિશ્વભરના લોકોએ પ્રકૃતિને બચાવવા માટે પોતાના સ્તરે પ્રયાસો કરવા અનિવાર્ય છે.

### માત્ર વિચાર નહિ, આચરણ પણ ખરું

પ્રકૃતિ પ્રેમ કથામાં પ્લાસ્ટિકના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ

આ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથામાં પ્લાસ્ટિકના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નેચર ફર્સ્ટ સંસ્થાના આયોજકોએ જણાવ્યું કે, પાણી પણ પ્લાસ્ટિકની બોટલમાં લાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે, જે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. દેશ અને દુનિયામાં પ્લાસ્ટિકનું પ્રદુષણ વધી રહ્યું છે ત્યારે ધર્મના માધ્યમથી લોકોને લાલબત્તી ધરવા સાથે સામાજિક સંદેશ આપવાનું પ્રેરક કાર્ય થઈ રહ્યું છે જેની ભારે પ્રસંશા થઈ રહી છે.

પર્યાવરણ જાળવણી માટે ખાસ જાગૃત ભાવનગરના અગ્રીમ ઉદ્યોગપતિ કોમલકાંત શર્મા એ બુધવારે ઉપસ્થિત રહી ભાગવત કથાનું શ્રવણ કર્યું હતું અને આયોજકોના પ્રયાસને બિરદાવ્યો હતો. નેચર ફર્સ્ટ સંસ્થાના અગ્રણીઓ તેમજ પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ કોમલકાંત શર્માને આવકાર્ય હતા. આ તકે કોમલભાઈ શર્મા દ્વારા વ્યાસપીઠ પર શ્રી પોથીજી અને પૂ. ભાઈશ્રીને વંદન કર્યા હતા. તેમજ પૂ. ભાઈશ્રીને ગાય માતાની પ્રતિમા સ્મૃતિરૂપે ભેટ ધરી આશીર્વાદ લીધા હતા.

# ઓસ્ટ્રેલિયામાં રહેતા અમદાવાદના યુવકને ડિજિટલ અરેસ્ટ કરી ૪૮ લાખ પડાવ્યા

અમદાવાદ,

છેલ્લા કેટલાક મહિનાઓથી લોકોને અલગ અલગ ડર બતાવી ડિજિટલ અરેસ્ટ કરી ઠગવાના કિસ્સાઓમાં વધારો થયો છે. હવે વિદેશમાં રહેતા દ્ઈ઼ પણ સાયબર ફ્રોડ કરતી ટોળકીના નિશાના પર આવ્યા છે. ઓસ્ટ્રેલિયામાં રહેતા અમદાવાદના એક યુવકને મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે ડિજિટલ અરેસ્ટ કરી ઓસ્ટ્રેલિય ડોલર સહિત રૂ. ૪૮ લાખ પડાવ્યા હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં રહેતા યુવકના પિતાએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.અમદાવાદના નારણપુરા મીરા અંબિકા રોડ પર રહેતા વૃદ્ધના બે દીકરા છે.મોટો દીકરો ઓસ્ટ્રેલિયામાં એડીલેડ રહે છે,જ્યારે નાનો દીકરો સિડનીમાં રહે છે. ૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સિડનીમાં રહેતા દીકરાને ભારતીય નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી હોવાનું જણાવી યુવકના મોબાઈલ નંબર અને બેંક એકાઉન્ટના આધારે કરોડો રૂપિયાનાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયા છે અને તેમાં દેશવિરોધી પ્રવૃત્તિઓ સંકળાયેલી છે હોવાનું કહી યુવકને ડરાવ્યો હતો.

સાયબર ગઠિયાઓએ યુવકને વીડિયો કોલ પર હાજર રાખીને સતત નજર હેઠળ રાખ્યો હતો. તેને કેમેરા સામે જ રહેવા, કોઈને મળવાનું નહીં અને કોઈ સાથે વાતચીત નહીં કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સહકાર નહીં આપે તો ઓસ્ટ્રેલિયાની સ્થાનિક પોલીસ દ્વારા ધરપકડ કરાવવાની અને ભારત આવશે ત્યારે એરપોર્ટ પરથી જ પકડાઈ જવાની ધમકીઓ આપવામાં આવી હતી. આ દબાણને કારણે યુવક માનસિક રીતે ડરી ગયો હતો.ગઠિયાઓએ યુવકને સિડનીમાં નવો મોબાઈલ અને નવું સિમકાર્ડ લેવા પણ મજબૂર કર્યો હતો. એટલું જ નહીં, તેના મોબાઈલ અને લેપટોપના એડ્રેસ મેળવી લઈને તેના ફોન અને લેપટોપ પર કાબૂ મેળવી લીધો હતો. તપાસના નામે તેની તમામ બેંક વિગતો મેળવી લેવામાં આવી અને ઓસ્ટ્રેલિયામાં આવેલા તેના એકાઉન્ટમાંથી ૨૫,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર, એટલે કે અંદાજે ૧૪ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ સાથે અમદાવાદ નારણપુરા ખાતેની એક્સિસ બેંકમાં રહેલી યુવકની ૩૪ લાખ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ પણ તોડાવીને ગઠિયાઓએ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી.સાયબર ગઠિયાઓ યુવકને ખાતરી આપતા હતા કે તપાસ પૂર્ણ થયા બાદ તમામ રકમ પરત આપવામાં આવશે, પરંતુ હકીકતમાં આ એક મોટી ઠગાઈ હતી.એક મહિના સુધી ચાલેલી આ 'ડિજિટલ એરેસ્ટ' બાદ યુવકને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થયો. તેણે ઓસ્ટ્રેલિયામાં સાયબર સિક્યુરિટી વિભાગમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે અમદાવાદની બેંકમાંથી રકમ જતી હોવાની જાણ થતાં પિતાએ બેંકમાં તપાસ કરતા ૩૪ લાખ રૂપિયા ટ્રાન્સફર થઈ ગયાનું સામે આવ્યું. ત્યારબાદ અમદાવાદ સાઈબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે સાયબર માફિયાઓ દ્વારા વિદેશમાં રહેતા ભારતીય નાગરિકને ડિજિટલ એરેસ્ટ કરીને પૈસા પડાવવાનો આ પ્રથમ બનાવ હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે.

# સગીર પીડિતા માનસિક રીતે અસ્વસ્થ હોવા છતાં તેની ફરિયાદને આપમેળે ખોટી ગણી ન શકાય

### અમદાવાદ પોસ્કો કોર્ટનું કડક વલણ : ખોખરા પોલીસની સી સમરી ફગાવી નવેસરથી તપાસના આદેશ

અમદાવાદ,

અમદાવાદની સ્પેશિયલ પોસ્કો કોર્ટે એક અત્યંત સંવેદનશીલ કેસમાં ખોખરા પોલીસ સ્ટેશનની તપાસને કડક શબ્દોમાં નકારી કાઢી છે. કોર્ટે પોલીસ દ્વારા રજૂ કરાયેલ 'સી' સમરી રિપોર્ટને સંપૂર્ણપણે ફગાવી દીધો છે અને નવેસરથી સઘન તપાસના આદેશ આપ્યા છે. જજ અસ્મિકાબેન ભટ્ટે આ કેસમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, સગીર પીડિતા માનસિક રીતે અસ્વસ્થ હોવા છતાં તેની ફરિયાદને આપમેળે ખોટી ગણી ન શકાય.કોર્ટે ભાર મૂક્યો કે આવા સંવેદનશીલ કેસમાં પીડિતાની માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ કાળજીપૂર્વક અને સંવેદનશીલ તપાસ કરવી જરૂરી છે, નહીં કે તેને આધારે કેસને બંધ કરી દેવો.

ખોખરા પોલીસે કોર્ટમાં રજૂઆત કરી હતી કે પીડિતા સગીરા માનસિક બીમારીની દવા લે છે અને તેને કાલ્પનિક વાર્તાઓ બનાવવાની આદત છે. મેડિકલ તપાસમાં પીડિતાના કપડાં પરના લોહીના ડાઘને માસિક ધર્મ સાથે સંબંધિત ગણાવ્યા હતા. આસપાસના સાક્ષીઓએ કોઈ ઘટના જોવાનો ઈનકાર કર્યો હતો. પોલીસે નિષ્કર્ષ કાઢ્યો હતો કે પીડિતાએ માતા-પિતાના ડરથી બચવા માટે દુષ્કર્મની ખોટી વાર્તા ઊભી કરી છે.

જોકે, સ્પેશિયલ પોસ્કો કોર્ટે આ તમામ કારણોને અપૂરતા, અસંવેદનશીલ અને અપર્યાપ્ત ગણાવ્યા છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે "માનસિક અસ્વસ્થતા ધરાવતી સગીર પીડિતા જૂઠું જ બોલે છે તેવું આપમેળે માની શકાય નહીં." આવા કેસમાં પીડિતાના કાયદાકીય અધિકારોનું રક્ષણ કરવું અને તેની વાતને ગંભીરતાથી લેવી જરૂરી છે.

# કડીમાં હાઈકોર્ટના વકીલ હોવાનું પાટિયું મારી લોકો પાસેથી પૈસા પડાવતા વકીલ દંપતિનો પર્દાફાશ

### 'બંટી અને બબલી'ની જોડીએ બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી લોકો પાસેથી લાખો રૂપિયા ખંખેરી લીધા

કડી,

મહેસાણા: મહેસાણાના કડીમાં વકીલાતની ડિગ્રી વગર જ એક દંપતીએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વકીલની દુકાન ખોલી નાખી હતી. એટલું જ નહીં, ન્યાય માંગવા આવતા નિર્દોષ લોકોને આ 'બંટી અને બબલી'ની જોડીએ બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી લાખો રૂપિયા ખંખેરી લીધા.

મહેસાણા જિલ્લાના કડીના નાની કડી વિસ્તારમાં રહેતા રામસંગજી ઠાકોર નામના વેપારીને એક વ્યક્તિ પાસેથી ઉછીના આપેલા પૈસા પરત લેવાના હતા. કાયદાકીય રીતે પૈસા પાછા મળે તે માટે તેઓ એક સારા વકીલની શોધમાં હતા. દરમિયાન તેમની નજર કડી જકાતનાકા પાસે આવેલા નર્મદા કોમ્પ્લેક્સમાં એક ઓફિસ પર પડી. ઓફિસના બોર્ડ પર મોટા અક્ષરે લખ્યું હતું - 'એ.આર. રાવલ, એડવોકેટ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ'. બોર્ડ પર દિલ્હી, મુંબઈ સુધી શાખાઓ હોવાના દાવા પણ હતા. આ જોઈને રામસંગજી ભરોસામાં આવી ગયા અને પોતાની પત્ની સાથે આ ઓફિસમાં પહોંચ્યા. જ્યાં કાળા કોટમાં સજ્જ એક પુરુષ અને એક મહિલા વકીલની ખુરશી પર બેઠા હતા. આ હતા મુખ્ય સુત્રધાર મિતેશ સાધુ અને તેની પત્ની ફાલ્ગુની સાધુ, જેમણે પોતાને અવિનાશ રાવલ અને ફાલ્ગુની રાવલ તરીકે ઓળખાવ્યા હતા.

રામસંગજીએ જ્યારે પોતાની સમસ્યા જણાવી, ત્યારે આ ભેજાબાજ દંપતીએ તરત જ પૈસા કમાવવાનો પ્લાન બનાવી લીધો. મદદ કરવાને બદલે તેમણે રામસંગજીને ડરાવવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું કે, "તમે જેમની પાસે પૈસા માંગો છો, તે તમારા પર બળાત્કારનો ખોટો કેસ કરવાની તૈયારીમાં છે અને જો કેસ થશે તો ૨૦ વર્ષની જેલ થશે." સામાન્ય પરિવારમાંથી આવતા ફરિયાદી ડરી ગયા. આ તકનો લાભ લઈ નકલી વકીલ મિતેશ સાધુએ કહ્યું કે, તેની પોલીસમાં ઊંચી ઓળખાણ છે અને જો પૈસા આપે તો તે 'સેટિંગ' કરી આપશે. જેલ જવાની બીકે રામસંગજીએ કટકે-કટકે પોતાના ધંધાના, પિતાના અને પત્નીના દાગીનાના મળી કુલ ૩ લાખ ૨૭ હજાર રૂપિયા આ ઠગ દંપતીને આપી દીધા. આરોપીઓ એટલા શાતિર હતા કે ખોટી અરજીઓ અને નોટિસો બનાવી ફરિયાદીને સતત ડરાવતા રહ્યા.

# દુષ્કર્મ પીડિત ૧૪ વર્ષીય બાળકીના ગર્ભપાતને હાઈકોર્ટે આપી મંજૂરી

### સગીરાને થયેલા અન્યાય અને તેના આરોગ્યને ધ્યાનમાં રાખી ગર્ભપાત માટે મંજૂરી આપી

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટમાં દાહોદ જિલ્લાની ૧૪ વર્ષ અને ૦૬ મહિનાની દુષ્કર્મ પીડિત સગીરાના ગર્ભપાત મુદ્દે મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. કોર્ટે માનવીય અભિગમ અપનાવી સગીરાને થયેલા અન્યાય અને તેના આરોગ્યને ધ્યાનમાં રાખી ગર્ભપાત માટે મંજૂરી આપી છે. મેડિકલ રિપોર્ટ મુજબ સગીરાને હાલ ૧૫ સપ્તાહનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું.

કેસની શરૂઆત દાહોદના ધાનપુર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદથી થઈ હતી. સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી સામે આઈપીસી તેમજ પોક્સો એક્ટની ગંભીર ધારાઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન કોર્ટમાં કેસ પેન્ડિંગ હોવા છતાં સગીરાનું ફરી અપહરણ થઈ જતા પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી, જે સંદર્ભે ધાનપુર પોલીસ મથકે નવી ફરિયાદ નોંધાઈ હતી.

સગીરાને સદેહે કોર્ટ સમક્ષ રજૂ કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કૉર્પસ અરજી દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટના આદેશ બાદ સગીરા મળી આવી હતી. કોર્ટ સમક્ષ સગીરાએ સ્પષ્ટ રીતે પોતાના માતા-પિતા સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેને કોર્ટ દ્વારા નોંધવામાં આવી હતી. ત્યારબાદ સગીરાના ગર્ભપાત માટે ફરીથી હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. હાઈકોર્ટે દાહોદ સિવિલ હોસ્પિટલને સગીરાની ફરી મેડિકલ તપાસ કરવા આદેશ આપ્યો હતો. આ મેડિકલ રિપોર્ટ આજે (બુધવાર) કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં સગીરાને ૧૫ સપ્તાહનો ગર્ભ હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે સગીરા અગાઉ પહેલી વખત ઘરેથી ભાગી ગઈ હતી, તે સમયે તેના વાલીઓ દ્વારા તેની યોગ્ય કાળજી અને સુરક્ષા રાખવાની બાંહેધરી કોર્ટ સમક્ષ આપવામાં આવી હતી. સાથે જ પ્રોબેશન ઓફિસરને સગીરાની નિયમિત મુલાકાત લઈને તેની સ્થિતિ પર નજર રાખવાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી. સગીરાએ શરૂઆતથી જ ગર્ભ રાખવા ઈચ્છતી નથી તેવી સ્પષ્ટ રજૂઆત કરી હતી. તેના આધારે ગર્ભપાત માટે કોર્ટની પરવાનગી માગતી અરજી દાખલ કરવામાં આવી હતી. સમગ્ર મેડિકલ અને કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હાઈકોર્ટે અરજીનો નિકાલ કર્યો છે, અને સગીરાના હિતને કેન્દ્રમાં રાખતો માનવીય નિર્ણય આપ્યો છે.

# ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે આયોજનને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું

### કેબિનેટ બેઠકના પ્રારંભમાં ૧૬ ફેબ્રુઆરીથી શરૂ થનારા વિધાનસભાના બજેટ સત્ર અંગે પણ વિગતવાર સમીક્ષા કરવામાં આવી

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રીમંડળની મહત્વપૂર્ણ કેબિનેટ બેઠક યોજાઈ હતી. સવારે ૧૦ વાગ્યે શરૂ થયેલી આ બેઠકમાં આગામી વિધાનસભાના બજેટ સત્રની પૂર્વ તૈયારીઓ, ખેડૂતોના હિતમાં લેવાયેલા નિર્ણયો, તેમજ રાજ્યમાં યોજાનારા ધાર્મિક ઉત્સવોની વ્યવસ્થાઓ સહિતના અનેક મહત્વના નીતિગત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં રાજ્યના સર્વાંગી વિકાસ અને સુશાસનને કેન્દ્રમાં રાખીને નિર્ણય લેવાયા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

બેઠકના પ્રારંભમાં ૧૬ ફેબ્રુઆરીથી શરૂ થનારા વિધાનસભાના બજેટ સત્ર અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. નાણાં વિભાગ દ્વારા તૈયાર કરાયેલા વર્ષ ૨૦૨૬-૨૭ના રાજ્ય બજેટની રૂપરેખા પર મંત્રીમંડળમાં મનોમંથન થયું હતું. નોંધનીય છે કે રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ ૧૭ ફેબ્રુઆરીના રોજ વિધાનસભામાં બજેટ રજૂ કરનાર છે. આ સત્ર દરમિયાન રજૂ થનારા વિવિધ સરકારી વિધેયકો, નીતિગત સુધારાઓ અને વિકાસલક્ષી યોજનાઓ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી, જેથી સત્ર સરળ અને પરિણામલક્ષી રીતે આગળ વધે.

કેબિનેટ બેઠકમાં ખેડૂતો અને કૃષિ ક્ષેત્રને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા રવિ પાકની સિઝન દરમિયાન ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે આયોજનને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું છે. ખરીદી પ્રક્રિયા પારદર્શક રહે અને ખેડૂતોને સમયસર ચુકવણી થાય તે માટે સંબંધિત વિભાગોને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત, સિંચાઈ સુવિધાઓ, વીજ પુરવઠા અને કૃષિ આધારિત માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા અંગે પણ ચર્ચા થઈ હતી.

# સુગર મિલના નામે માણસાના વેપારીને ૧ કરોડનો ચૂનો લગાવ્યો

ગાંધીનગર,

ઉત્તરાખંડ સ્થિત એક સુગર મિલના માલિક અને જનરલ મેનેજરે મોલાસીસનો જથ્થો પૂરો પાડવાના બહાને માણસાના એક વેપારી પાસેથી કરોડ રૂપિયા પડાવી લઈ માલ કે નાણાં પરત ન આપી હાથ અધ્ધર કરી લેતાં ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ ઝોન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ગાંધીનગર જિલ્લાનાં માણસા જીઆઈડીસીમાં ગુજરાત એગ્રીકો નામની ટ્રેડિંગ પેઢી ચલાવતા ૬૨ વર્ષીય અમરતભાઈ વેલજીભાઈ ચૌધરીએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. અમરતભાઈને તેમના મહેસાણા સ્થિત વેપારી મિત્ર કમલેશભાઈ ભાવસારે તેમને ઉત્તરાખંડની ધનશ્રી એગ્રો પ્રોડક્ટ પ્રા. લી. સુગર મિલમાં રોકાણ કરવાથી સારો નફો થશે તેવી લાલચ આપી હતી.બાદમાં ડિસેમ્બર ૨૦૨૪માં દિલ્હીની એક હોટલમાં કમલેશ ભાવસાર અને મિલના માલિક શ્રેયા સહાની વચ્ચે મુલાકાત થઈ હતી. આ બેઠકમાં ૨૫૦૦ મેટ્રિક ટન મોલાસીસ ૯૦૦૦ પ્રતિ ટનના ભાવે ખરીદવાનો સોદો નક્કી કરવામાં આવ્યો હતો. સોદાના ભાગરૂપે આરોપીઓએ એડવાન્સ ડિપોઝિટ તરીકે ૧.૨૫ કરોડની માંગણી કરી હતી.

આ સોદા બાબતે વિશ્વાસ કેળવવા આરોપીઓએ ૧૦૦ના સ્ટેમ્પ પેપર પર જનરલ મેનેજર અરુણકુમાર ભાટીની સહી સાથેનો એક સમજુતી કરાર વોટ્સએપ પર મોકલી આપ્યો હતો. આ કરાર પર વિશ્વાસ રાખીને અમરતભાઈએ મિલના પંજાબ નેશનલ બેંકના ખાતામાં એક કરોડ એક સો ટ્રાન્સફર કર્યા હતા.

# અમદાવાદ: રૂ. ૧.૫૨ કરોડના સોનાની દાણદોરીનું હવાલાથી પેમેન્ટ : કૌભાંડના તાર બનાસકાંઠા સાથે જોડાયા

### ટુર એન્ડ ટ્રાવેલ્સની આડમાં થતા કરોડો રૂપિયાના સોનાની દાણચોરી કૌભાંડનો અમદાવાદ એરપોર્ટ પર ભાંડાફોડ

અમદાવાદ,

ટુર એન્ડ ટ્રાવેલ્સની આડમાં થતા કરોડો રૂપિયાના સોનાની દાણચોરી કૌભાંડનો હાલ અમદાવાદ એરપોર્ટ પર ભાંડાફોડ થયો છે. આ મામલે અમદાવાદ એરપોર્ટ પર હાલ ૪ મહિલાઓની અટકાયત કરાઈ છે, જેઓની પૂછપરછમાં આ કૌભાંડમાં મદીનાથી ૧.૫૨ કરોડની ગોલ્ડ ચેન ગુજરાત પહોંચી હોવાનું અને તેનું પેમેન્ટ બનાસકાંઠાથી હવાલા નેટવર્કના માધ્યમથી થયું હોવાનું ચોંકાવનારું તથ્ય સામે આવી રહ્યું છે.

આ સમગ્ર દાણચોરીના કેસની મળતી માહિતી મુજબ, એક ફેબ્રુઆરીના રોજ જેદ્દાહથી અકાસા એરની ફ્લાઈટ નંબર ક્યુપી ૫૬૪ અમદાવાદ એરપોર્ટ પર ઉતરી હતી. મુસાફરોના સામાનના એક્સ-રે સ્કેનિંગ દરમિયાન કસ્ટમ્સ અધિકારીઓને શંકાસ્પદ લાગ્યું હતું. શંકાના આધારે એર ઈન્ટેલિજન્સ યુનિટની ટીમે મહિલા મુસાફરોને અટકાવી તેમની સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મહિલાઓ પાસેથી સોનાની સાત ચેઈન અને સાત સોનાની બંગડીઓ મળી આવી હતી.

આ અંગેની તપાસ કરતા મોટી માહિતી સામે આવી હતી. તપાસમાં સામે આવ્યું હતું કે, કસ્ટમ્સ અધિકારીઓની નજરથી બચવા માટે સોનાના આ દાગીનાઓ પર રોડિયમનું કોટિંગ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ જ્યારે તેની ચોકસાઈ કરી ત્યારે ૯૪૫.૫૭ ગ્રામ વજનનું સોનું હોવાનું જણાયું હતું. જેની બજાર કિંમત ૧.૫૨ કરોડ રૂપિયા થાય છે. બાદમાં તેમની એરપોર્ટ પર જ તાત્કાલિક ધોરણે અટકાયત કરી તેમની કડકાઈથી પૂછપરછ હાથ ધરાઈ હતી, ત્યારે તેમની પૂછપરછમાં આ આખા કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને તેઓએ આ ગોલ્ડ ચેન ક્યાંથી આવી તે અંગે ચોંકાવનારા ખુલાસા કર્યા હતા.

મહિલાઓની ત્યારે પૂછપરછ કરાઈ ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, આ સોનું તેમની સાથે મુસાફરી કરી રહેલા એક ટ્રાવેલ એજન્ટે આપ્યું હતું.

# બગસરાના ઝાંઝરીયા અને કુંકાવાવ-વડિયા તાલુકાના જુના બાદનપુરની "પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના" તરીકે પસંદગી




અમરેલી:કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજનાના ઘટક પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના (PMAGY) હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ઝાંઝરીયા અને કુંકાવાવ-વડિયા તાલુકાના જુના બાદનપુરની પસંદગી થઈ છે. આ બંને ગામો 'આદર્શ ગ્રામ' બની શકે તેવા હેતુથી ગેપ ફિલીંગ હેઠળ વિવિધ કામગીરી અને ગ્રામ વિકાસ યોજના (VDP) અંગે જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા અનુસરણ સમિતિના સભ્ય સચિવશ્રી અને અનુસૂચિત જાતિ કલ્યાણ નાયબ નિયામકશ્રીએ યોજના અંતર્ગત ગ્રામ વિકાસનો પ્લાન જિલ્લા કલેક્ટરશ્રી સમક્ષ પ્રસ્તુત કર્યો હતો. જિલ્લા કલેક્ટરશ્રીએ આ પ્લાન અંતર્ગત સમિતિને યોગ્ય માર્ગદર્શન આપી અને ગ્રામ વિકાસ યોજના તૈયાર કરવાની સૂચના આપી હતી.


પ્રધાનમંત્રીશ્રી આદર્શ ગ્રામ યોજનાના નવા ગામ તરીકે જિલ્લાના આ બંને ગામમાં માળખાકિય સુવિધાઓ, સામાજિક આર્થિક સુધારા માટેના પગલા લેવામાં આવશે, જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ પાયારૂપ બનશે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ બંને ગામના ગ્રામ વિકાસ માટે ભૂગર્ભ ગટર, મધ્યાહન ભોજન યોજના માટે શાળામાં શેડ, સ્મશાન, સોલાર રૂફ ટોપ, સ્ટ્રીટલાઈટ સહિતના કામોને પ્રાધાન્ય આપવાની સૂચના આપી હતી. આ ઉપરાંત ગામમાં પ્રત્યેક વ્યક્તિના જનધન ખાતા હોય તે સુનિશ્ચિત કરવા માટે લીડ બેંક મેનેજરશ્રીને સૂચના આપી હતી.

બેઠકમાં પ્રાંત અધિકારીશ્રી બગસરા-વડિયા શ્રી,નંદા, નાયબ કલેક્ટર પુરવઠા શ્રી કુંભાણી, પશ્ચિમ ગુજરાત વીજકંપનીના અધિકારીશ્રીઓ, બંને તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મહા શિવરાત્રીનો મેળો સ્થાનિક અને અનુભવીને બદલે ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીના હાથમાં

## ભૂતકાળના અનુભવ અને મેળાની મૂળ પરંપરા સાઈડલાઈન: એજન્સીએ જે જે સૂચનો કર્યાં ત્યાં તે ઈવેન્ટ નક્કી કરવા તંત્ર મજબૂર, સુવિધાને બદલે મેળામાં વધુ દેખાડો છલકશે



જૂનાગઢ:મહા શિવરાત્રીના મેળાને મુળ રીતે ઉજવવાને બદલે વધુ પડતા દેખાડા કરવાના અભરખામાં કરોડોનું આંધણ થશે બીજી તરફ યાત્રિકોને ૧૦ કિમી ચાલવાની મજબુરી ઉભી કરવામાં આવી રહી છે. પરંપરાગત યોજાતા મેળામાં આ વખતે યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓ રાખવામાં આવી છે. આ એજન્સી દ્વારા કરવામાં આવેલા સુચનોના આધારે ગોઠવણ કરવામાં આવી રહી છે. ઈવેન્ટ એજન્સીએ ભૂતકાળના અનુભવ, મેળાની મુળ પરંપરાને બદલે દેખાડા પર વધુ ફોકસ રાખ્યું હોવાનો સુર ઉઠી રહ્યો છે.સરકાર દ્વારા કોઈપણ પ્રકારની જાહેરાત કે દેખાડો કરવામાં ન આવે તો પણ લાખોની સંખ્યામાં યાત્રિકો શ્રધ્ધા અને પોતાની ભાવના સાથે આવે છે. અત્યાર સુધી મેળામાં અનેક પ્રકારની મુશ્કેલીઓ હોવા છતાં લાખો લોકો આવે છે. કુંભ મેળાની જેમ શિવરાત્રીના મેળાને ભવ્ય બનાવવાના સરકાર અને તંત્ર દ્વારા સપનાઓ જોવામાં આવી રહ્યા છે પરંતુ ભવનાથમાં જગ્યાની દ્રષ્ટીએ સ્થિતિ અલગ છે. આ વખતે મેળામાં દેખાડો કરવા માટે સરકારના આદેશ મુજબ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કામ ચલાઉ સ્ટ્રક્ચરનું ડિઝાઈનીગ, લેઆઉટ, અમલીકરણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓ અને રોશની માટે કરોડો રૂપીયાનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત મેળાના ભવ્ય આયોજન માટે કઈ ચીજ ક્યા સ્થળ પર કરવી તેના માટે ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી રાખવામાં આવી છે. આ એજન્સી દ્વારા સ્થાનિક અધિકારીઓને સાથે રાખી તેણે કહ્યા મુજબ અલગ-અલગ કાર્યક્રમ માટે અલગ-અલગ સ્થળ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમવાર જીલ્લા પંચાયતના ગ્રાઉન્ડમાં એસટી સહિતના અન્ય વાહન પાર્કિંગને બદલે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. ભરડાવાવથી છેક ભવનાથ સુધીની દીવાલોમાં શિવરાત્રીને લગતા પેઈન્ટીગ કરવાનો દેખાડો થઈ રહ્યો છે. કોઈ પ્રાઈવેટ ઈવેન્ટ હોય તેમ સરકાર દ્વારા મેળાનું આયોજન પણ અનુભવીઓને બદલે ઈવેન્ટ મેનેજમેન્ટના હવાલે કરી દેવામાં આવ્યું છે. મેળાની મુળ પરંપરા ભજન, ભોજન અને ભક્તિ છે તેના બદલે મોટા કલાકારોના ડાયરાઓ, દેખાડા, સુવિધા વધારવાને બદલે દુવિધા ઉભી કરવી સહિતના અનેક તાયફાઓથી હાલાકી પડે તેવી શક્યતાઓ છે.ભજન સંધ્યામાં સ્થાનિક કલાકારોને બદલે તાજેતરમાં બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાયેલા ધારાસભ્ય અને કલાકાર મૈથલી ઠાકુર, ગીતા રબારી, એશ્વર્યા મજમુદાર સહિતના અનેક નામાંકિત કલાકારોને બોલાવવામાં આવશે તેવું નક્કી કરાયું છે. આ માટે કરોડો રૂપિયા ખર્ચ કરાશે.

# ઉનાના ખત્રીવાડામાં સમસ્ત હિન્દુ પરિવારના ચોથા સમૂહ લગ્ન ધામધૂમ પૂર્વક ઉજવાયા

કૈલેશ ભટ્ટ ઉના:



ખત્રીવાડા ગામે સમસ્ત ગામ અને સરપંચ જીતેન્દ્રભાઈ શિયાળ અને તેમની ટીમ દ્વારા ચોથા સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવ્યું આ સમૂહ લગ્ન માં ગામ ની ૧૯ દીકરી ઓ એ પ્રભુતામાં પગલા માંડ્યા હતા આ સમૂહ લગ્ન ની મોટી ખાસિયત તે રહી કે આ ગામ માં કોઈ એક સમાજ ની દીકરી નઈ પણ ગામ ની દરેક સમાજ ની દીકરી ના સમૂહ લગ્ન માં જોડી ને લગ્ન કરાવવામાં આવે છે તથા જે દીકરીઓ ના લગ્ન હોય તેના ઘરે માંડવા બાંધવામાં આવે છે આમ એકજ દિવસે સમગ્ર ગામ ના દરેક ઘરે પ્રસંગ હોય તેવો માહોલ જોવા મળતો હોય છે અને ઉત્સાહભેર ગામ ના દરેક ઘર આ સમૂહ લગ્ન માં જોડાય છે અને દીકરી અને વિદાય આપે છે લગ્ન સંપન્ન થયા બાદ સ્થળ પર સરપંચ જીતેન્દ્રભાઈ તેમજ તલાટી મંત્રી ગૌરાંગભાઈ , યોગેશ મકવાણા, મહેશભાઈ, નાનુભાઈ દ્વારા મેરેજ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા આ સમૂહ લગ્ન માં ઉના ના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ મુખ્ય મહેમાન તરીકે પધારેલ હતા તથા ગામ ના આગેવાનો કાળુભાઈ શિયાળ, વાઘા ભાઈ શિયાળ રૂડા ભાઈ પામક,રામભાઈ લાખા ભાઈ શિયાળ ,ગાંડાભાઈ શિયાળ, કરસનભાઈ મકવાણા, છગનભાઈ બાંભણીયા, હમીરભાઈ શિયાળ, મનુભાઈ બાબુભાઈ રાઠોડ સહિત ના લોકો તથા ગામ ના યુવાનો એ આ સમૂહ લગ્ન માં જોડાઈ ને સમૂહ લગ્ન ને સફળ બનાવેલ

# ધોરાજીના સીમ વિસ્તારમાં 'સાવજ'ની ડણકથી ફફડાટ: ખેડૂતોએ ફટાકડા ફોડી રાતવાસો કરવો પડ્યો

## ધોરાજી-જેતપુર લાયન ટેરીટરી કોરિડોરનો ભાગ હોવાથી સિંહોની મુવમેન્ટ વધી



ધોરાજી:સૌરાષ્ટ્રમાં હવે જંગલના રાજા સિંહે રેવન્યુ વિસ્તારમાં ધામા નાખતા ધરતીપુત્રોમાં ભારે ફફડાટ ફેલાયો છે. રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં ભર શિયાળે સાવજની ડણક સંભળાતા ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ધોરાજીના કૈલાશનગર પાછળના સીમ વિસ્તારમાં રાત્રિના સમયે સિંહના આંટાફેરા અને ગર્જનાઓને કારણે ખેડૂતોમાં ભયનું લખલખું પ્રસરી ગયું છે. સ્થિતિ એવી છે કે ખેડૂતોએ હવે સ્વબચાવ માટે ફટાકડા ફોડીને જાગતા રહેવું પડે છે.સ્થાનિક ખેડૂત જીતેશભાઈ વઘાસિયાના જણાવ્યા અનુસાર, ગત રાત્રે સાડા નવના સુમારે જ્યારે તેઓ ખેતરમાં રખેવાળી કરી રહ્યા હતા, ત્યારે અચાનક એરંડાના ખેતરોમાંથી સતત ૪ થી ૫ વખત સિંહની ત્રાડ સંભળાઈ હતી. સિંહના અવાજો સંભળાતા ખેડૂતોએ એકઠા થઈ સ્વબચાવ માટે સુતરી બોમ્બ ફોડવા પડ્યા હતા. થોડા દિવસો પહેલા રેલવે ટ્રેક નજીક પશુનું મારણ પણ થયું હોવાની વિગતો સામે આવી છે, જે સાબિત કરે છે કે આ વિસ્તારમાં હવે હિંસક પ્રાણીઓની અવરજવર વધી ગઈ છે.

ઘટનાની જાણ થતા ધોરાજી વન વિભાગની ટીમ હરકતમાં આવી હતી. ઈર્ઢ નિહારિકા પંડ્યા અને તેમની ટીમે મધરાત્રે જ સમગ્ર વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન વન વિભાગને કેટલાક પશુના ફૂટમાર્ક (સગડ) મળી આવ્યા છે. જોકે, આ પગલાં સિંહના છે કે દીપડાના તે અંગે વન વિભાગ હજુ તપાસ કરી રહ્યું છે.

ધોરાજી આરએફઓ નિહારિકા પંડ્યા ના જણાવ્યા મુજબ ધોરાજી, જેતપુર અને તેની આસપાસનો વિસ્તાર લાયન ટેરીટરીનો એરિયા છે અને જૂનાગઢ સેન્ચ્યુરીથી પણ ખૂબ નજીક છે. આથી ખોરાકની શોધમાં સિંહોની મુવમેન્ટ અહી રહેતી હોય છે. હાલ વન વિભાગે નાઈટ પેટ્રોલિંગ વધારી દીધું છે અને ખેડૂતોને રાત્રે સાવચેત રહેવા સૂચના આપી છે.હાલમાં ધોરાજી પંથકના ખેડૂતો રવિ પાકને પાણી પાવા માટે રાતવાસો કરતા હોય છે, ત્યારે સાવજના ડરના ઓથાર નીચે પાણી વાળવા જવામાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે.

# અમરેલીમાં તા.૬ ફેબ્રુઆરીએ રોજગાર ભરતી મેળો યોજાશે

## ભરતી મેળામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત




અમરેલી:અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડ અમરેલી માટે ૧૮ થી ૫૦ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાઓને અનુરૂપ ધોરણ ૧૦ થી સ્નાતક (૦૧ થી ૦૨ વર્ષનો અનુભવ) લાયકાત ધરાવનાર તેમજ યુવા શક્તિ ફાઉન્ડેશન શાપર રાજકોટ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરૂપ ધોરણ ૫ થી ધોરણ ૯, એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ તમામ, સ્નાતક, ડિપ્લોમા, બી.ઈ અને બી.ટેક શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૦૬.૦૨.૨૦૨૬ના રોજ સવારે ૧૧ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, સી બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન અમરેલી ખાતે રોજગાર મેળો યોજાશે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લીક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લૉગિન કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પેરા લીગલ વોલેન્ટિયર્સ માટે સઘન તાલીમ શિબિર યોજાઈ

(મિલાપ રૂપારેલ દવારા)અમરેલી: અમરેલી: સામાન્ય જનતાને કાયદાકીય પ્રક્રિયાઓથી માહિતગાર કરવા અને ન્યાયતંત્ર સાથે જોડવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી દ્વારા તારીખ ૩૦/૧/૨૦૨૬ના રોજ પેરા લીગલ વોલેન્ટિયર્સ માટે એક વિશેષ ટ્રેનિંગ પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ શિબિરનો પ્રારંભ ડિસ્ટ્રિક્ટ જજ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન રિઝવાનબેન બુખારી દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે હાજર રહેલા તમામ વોલેન્ટિયર્સને સંબોધતા જણાવ્યું હતું કે, પીએલવી એ ન્યાયિક પ્રણાલીનો પાયાનો હિસ્સો છે.તેમણે પીએલવીની ભૂમિકા અને જવાબદારીઓ વિશે પ્રાથમિક માર્ગદર્શન આપી તાલીમ ખુલ્લી મૂકી હતી. આ ટ્રેનિંગમાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી ૧૦૩થી વધુ ઉત્સાહી પીએલવી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

સમગ્ર ટ્રેનિંગ દરમિયાન કાયદાકીય જ્ઞાનને સરળ શૈલીમાં પીરસવામાં આવ્યું હતું. જેમાં ફૂલ ટાઈમ સેક્રેટરી આર.વાય. ત્રિવેદીએ પીએલવીની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે કેવી રીતે એક વોલેન્ટિયર છેવાડાના માનવી સુધી કાયદાકીય મદદ પહોંચાડી શકે છે. એલ.એ.ડી.સી.નાં ચીફ એડવોકેટ હરેશભાઈ સેજુએ સામાન્ય જનતાને સ્પર્શતા રોજિંદા કાયદાઓ વિશે સમજ આપી હતી. ટ્રેનિંગને રસપ્રદ બનાવવા માટે પ્રોજેક્ટર પર નાલસાની યોજનાઓનાં વિડીયો દર્શાવવામાં આવ્યા હતા અને પ્રશ્નોત્તરી સેશન દ્વારા વોલેન્ટિયર્સની મૂંઝવણોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સુપ્રિટેન્ડેન્ટ આર.પી. ભંડેરી, સિનિયર ક્લાર્ક હર્ષદભાઈ સોલંકી અને આસિસ્ટન્ટ રવિરાજસિંહ સોલંકીએ નાલસાની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી હતી

# યુવાન સીઆરપીએફની ટ્રેનિંગ પૂર્ણ કરી પરત આવતા સ્વાગત કરાયું



લાઠી :લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામના અજય મધુભાઈ પરમારે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ની અત્યંત કપરી અને શિસ્તબદ્ધ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી વતનમાં આવતા ગ્રામજનો દ્વારા તેમનું સામૈયું અને સન્માન કરવામાં આવ્યું હતું.

ઢોલ-નગારાના તાલે અને પુષ્પવર્ષા સાથે જવાનને વધાવવામાં આવ્યા હતા. ગ્રામજનો અને આગેવાનો દ્વારા સાફો બાંધી, શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## દ્રષ્ટિ ભલે મર્યાદિત, પણ માનવતાની દ્રષ્ટિ અપાર

# નિવૃત સરકારી પ્રજ્ઞાચક્ષુ કર્મચારી અને સમાજસેવક રાજેશભાઈ રાવલે 'નિર્ધાર ટ્રસ્ટ' થકી સેંકડો વિધવા બહેનોના જીવનમાં પ્રગટાવ્યો આશાનો દીપ

## શારીરિક અક્ષમતાને હરાવી ૨૫ વર્ષથી બની રહ્યા છે સરકાર અને જરૂરિયાતમંદ ગંગાસ્વરૂપ બહેનો વચ્ચે સેતુ

ઝાલાવાડની ખમીરવંતી અને તપોવન જેવી પવિત્ર ધરા પર છેલ્લા અઢી દાયકાથી એક વિશિષ્ટ સેવાની જ્યોત પ્રજ્વલિત છે. આ જ્યોતના સૂત્રધાર છે સરકારી નિવૃત્ત કર્મચારી અને અનન્ય સમાજસેવક શ્રી રાજેશભાઈ રાવલ. પ્રજ્ઞાચક્ષુ એવા રાજેશભાઈની શારીરિક દ્રષ્ટિ ભલે મર્યાદિત હોય, પરંતુ તેમની માનવતાની અને સેવાકીય દ્રષ્ટિ અત્યંત વિશાળ અને કરુણાપૂર્ણ છે. 'નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ'ના સ્થાપક તરીકે તેમણે પતિના અવસાન બાદ સામાજિક અને આર્થિક રીતે ભાંગી પડેલી મહિલાઓના જીવનમાં આશાનો દીપ પ્રગટાવ્યો છે. આ સંસ્થા સાથે સર્વજ્ઞાતિના ૧૪૨૯ જેટલા બહેનો જોડાયેલા છે. શ્રી રાજેશભાઈનું જીવન એ વાતની જીવંત સાબિતી છે કે જો મનમાં દ્રઢ 'નિર્ધાર' હોય, તો શારીરિક અક્ષમતા ક્યારેય સમાજસેવાના માર્ગમાં અવરોધ બની શકતી નથી.શ્રી રાજેશ રાવલની આ નિઃસ્વાર્થ સેવા અને સમર્પણને રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે બિરદાવવામાં આવી છે. તેમને તત્કાલીન રાજ્યપાલ શ્રીમતી કમલા બેનીવાલના વરદ હસ્તે પ્રતિષ્ઠિત 'ધરતી રત્ન' એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત, રાજકોટ ખાતે 'દીપચંદ ગાર્ડી સેવા રત્ન' એવોર્ડ અને કુંડળધામ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે સંસ્થાના વિકાસ માટે રૂ. ૦૫ લાખનો ચેક અર્પણ કરી તેમની લોકસેવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર હંમેશા છેવાડાના માનવીના કલ્યાણ માટે કટિબદ્ધ રહી છે ત્યારે રાજેશભાઈની સંસ્થા સરકાર અને જરૂરિયાતમંદો વચ્ચે મજબૂત સેતુ બનીને કાર્ય કરી રહી છે. ખાસ કરીને રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગની 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ નિરાધાર બહેનોને મળતી માસિક રૂ. ૧૨૫૦ની સહાયને યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે આ સંસ્થા ભગીરથ કાર્ય કરે છે. અત્યાર સુધીમાં અંદાજે ૭૮૫ જેટલી વિધવા બહેનોને આ યોજનાનો લાભ અપાવવા માટે ફોર્મ ભરવાથી લઈ તમામ કાગળની કાર્યવાહીમાં સંસ્થા મદદરૂપ બની છે. તે જ રીતે કેન્દ્ર સરકારની 'રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના' હેઠળ પણ ૩૬૫ મહિલાઓને રૂ. ૨૦,૦૦૦ની સહાય અપાવવામાં સંસ્થા નિમિત્ત બની છે. આમ, સરકારની કલ્યાણકારી યોજનાઓ અને નિર્ધાર ટ્રસ્ટના સેવાકીય પ્રયાસોના સમન્વયથી સુરેન્દ્રનગરની સેંકડો મહિલાઓનું જીવન સુગમ બન્યું છે.

સ્વાવલંબન એ જ શ્રેષ્ઠ આત્મસન્માન છે, તે વાતને સાર્થક કરવા માટે નિર્ધાર ટ્રસ્ટ દ્વારા વિવિધ કૌશલ્ય વર્ધન કેન્દ્રો ચલાવવામાં આવે છે. વિધવા બહેનો અને તેમની દીકરીઓ સ્વમાનભેર જીવી શકે તે માટે 'શ્રીમતી ચંદ્રાબેન મધુસુદન શાહ સિવણ તાલીમ કેન્દ્ર' અને 'શ્રીમતી હર્ષાબેન પ્રકાશ કુંવરજી શાહ બ્યુટી પાર્લર તાલીમ કેન્દ્ર' કાર્યરત છે. ૨૧મી સદીના ટેકનોલોજીના યુગમાં આ બહેનો પાછળ ન રહી જાય તે માટે 'શ્રી રાધેશ્યામ કમ્પ્યુટર તાલીમ કેન્દ્ર' દ્વારા ઝઝઝ અને ટેલી -ક્રૠશ્ઞઅ જેવા કોર્સની વ્યવસાયલક્ષી તાલીમ પણ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૬૫ થી વધુ મહિલાઓએ તાલીમ મેળવી સ્વરોજગારી પ્રાપ્ત કરી છે. સંસ્થા માત્ર તાલીમ જ નથી આપતી, પરંતુ જરૂરિયાતમંદ બહેનોને સિવણ સંચો કે હાથલારી જેવા સાધનોની સહાય આપીને તેમને પગભર થવા માટેનો પાયો પણ તૈયાર કરી આપે છે.

સમાજમાં એકાંકી જીવન જીવતી વૃદ્ધ વિધવા માતાઓની સંભાળ રાખવી એ આપણી નૈતિક ફરજ છે. નિર્ધાર ટ્રસ્ટ દ્વારા 'શ્રીમતી સ્મિતાબેન ડી.વી. શાહ અને શ્રીમતી કંચનબેન હીરાભાઈ પટેલ વિધવા માતા ભોજનાલય' ચલાવવામાં આવે છે. આ ભોજનાલય દ્વારા શહેરની ૫૧ જેટલી નિરાધાર વૃદ્ધ માતાઓને દરરોજ શુદ્ધ અને પૌષ્ટિક ટિફિન સેવા તેમના ઘરે પહોંચાડવામાં આવે છે. રવિવારે વિશેષ મીઠાઈ સાથેનું ભોજન આપીને તેમના જીવનમાં આનંદ ભરવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ સાથે જ, અત્યંત નબળી આર્થિક સ્થિતિ ધરાવતી ૧૨૮૦ થી વધુ મહિલાઓને અનાજ અને કરિયાણાની કિટ આપીને તેમની સમસ્યાઓ હળવી કરવાનો પ્રયાસ પણ સંસ્થા કરે છે. બહેનોની માનસિક શાંતિ માટે દર વર્ષે શ્રાવણ માસમાં ધાર્મિક યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરવામાં આવે છે.

શિક્ષણ અને સામાજિક જવાબદારીના ક્ષેત્રે પણ નિર્ધાર ટ્રસ્ટ અગ્રેસર છે. શિક્ષણ એ પ્રગતિની ચાવી છે, અને વિધવા બહેનોના બાળકોનું શિક્ષણ નાણાના અભાવે ન અટકે તે માટે સંસ્થા સતત કાર્યશીલ છે. છેલ્લા ૧૯ વર્ષથી સંસ્થા દ્વારા વિધવા માતાઓના બાળકો માટે શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવે છે. જેમાં ફુલસ્કેપ ચોપડા, કંપાસ બોક્સ અને લંચબોક્સ જેવી જીવનજરૂરી ચીજોનો સમાવેશ થાય છે. તેજસ્વી બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે ફી સહાય અને પુસ્તકો પૂરા પાડીને તેમની કારકિર્દી ઘડવામાં નિર્ધાર ટ્રસ્ટ પાયાનું યોગદાન આપે છે.

સામાજિક દાયિત્વ નિભાવતા અત્યાર સુધીમાં ૩૬ દીકરીઓના લગ્ન પ્રસંગે કરિયાવરની વસ્તુઓ આપીને સંસ્થાએ એક પિતાની ગરજ સારી છે. દિવાળીમાં મીઠાઈનું વિતરણ હોય કે ઉત્તરાયણમાં ઊંધિયું-લાડુનું વિતરણ, દરેક પર્વમાં આ પરિવારોને સામેલ કરીને સંસ્થાએ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના મંત્રને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. શ્રી રાજેશભાઈ રાવલ અને તેમનો નિર્ધાર ટ્રસ્ટ આજે ગુજરાતના સેવાકીય નકશા પર એક તેજસ્વી દિવાદાંડી સમાન ઝળહળી રહ્યા છે.


## જાહેર નિવિદા

**દેશી છાણીયું ખાતર તથા લાલ ગોરાળુ માટીની ખરીદી**

બાગાયત નિરીક્ષકશ્રીની કચેરી ફળરોપા ઉછેર કેંદ્ર ધારી, તા.ધારી, જી.અમરેલી ખાતે રોપા ઉછેર માટે દેશી છાણીયું ખાતર તથા લાલ ગોરાળુ માટીની ખરીદી નીચેની વિગતે કરવાની થાય છે. રસ ધરાવતાં ઈસમોએ/ પાર્ટીએ આઈટમ વાઈઝ અલગ-અલગ ભાવ દર્શાવી જાહેરાત પ્રસિધ્ધ થયાના દીન-10 મા બંધ કવરમાં RPAD થી નીચેના સરનામે મોકલી આપવાના રહેશે.

| ક્રમ | આઈટમ | જરુરીયાત જથ્થો/વજન |
|---|---|---|
| ૧. | દેશી છાણીયુ ખાતર | 25 ટન |
| ૨. | લાલ ગોરાળુ માટી | 150 ટન |

શરતો :-
(૧) ભાવ પ્રતિ ટન મુજબના આપવાના રહશે.
(૨) ભાવ તમામ કરવેરા સહિતના આપવાના રહેશે.
(૩) ભાવ નર્સરી ખાતે પહોચતા કરવા સાથેના ભરવાના રહેશે.
(૪) માટી ફળદ્રુપ તથા સારી ગુણવતા વાળી વાવેતર માટે યોગ્ય હોવી જોઈએ.

સ્થળ : ધારી

તારીખ : 04/02/2026 — બાગાયત નિરીક્ષક

ક્રમાંક નં.નર્સરી / જા.ખ./ 20-21 / 26 — ધારી

-:ભાવ મોકલવાનું સરનામુ:-
બાગાયત નિરીક્ષકશ્રીની કચેરી,ફળરોપા ઉછેર કેંદ્ર
તાલુકા પંચાયતની બાજુમા, સ્ટેશન રોડ-ધારી.

જાહેરાત/અમર૨/જાહેરાત


સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

**સૌરાષ્ટ્ર આસપાસ**

## વ્યક્તિ અને વ્યવસાયના રિસ્ક મેનેજમેન્ટનો આધાર સ્તંભ

અનિશ્ચિત યુગમાં વ્યક્તિ અને વ્યવસાય માટે વીમો ખર્ચ નહીં, જવાબદારી એકવીસમી સદી વિકાસ, ટેક્નોલોજી અને તક્ની સાથે સાથે અનિશ્ચિતતાનો યુગ પણ છે. આજે જે જીવન સુરક્ષિત અને સુવ્યવસ્થિત લાગે છે તે કાલે અચાનક પડકારો સામે ઊભું રહી શકે છે. બદલાતી જીવનશૈલી, વધતી મોંઘવારી, આરોગ્ય સંબંધિત જોખમો, કાનૂની જવાબદારીઓ અને ડિજિટલ ખતરાએ માનવીને વધુ સંવેદનશીલ બનાવી દીધો છે. આવા સમયમાં વીમાને માત્ર ખર્ચ કે બોજ તરીકે જોવું એ જોખમને આમંત્રણ આપવું સમાન છે. વાસ્તવમાં વીમો હવે વૈભવ નહીં, પરંતુ વ્યક્તિ, પરિવાર અને વ્યવસાયની સુરક્ષા માટેની જવાબદારી બની ગયો છે.ઘણીવાર એવું માનવામાં આવે છે કે યુવાન, સ્વસ્થ અને સારી આવક ધરાવતી વ્યક્તિને વીમાની ખાસ જરૂર નથી. પરંતુ જીવનની અનિશ્ચિતતાઓ ઉંમર કે આવક જોઈને આવતી નથી. અકસ્માત, ગંભીર બીમારી અથવા અચાનક આર્થિક આંચ કોઈને પણ અસર કરી શકે છે. આવી પરિસ્થિતિમાં માત્ર બચત પૂરતી સાબિત થતી નથી. યોગ્ય વીમા કવરેજ જ આર્થિક સ્થિરતા જાળવી શકે છે અને મુશ્કેલ સમયમાં પરિવારને સંભાળી શકે છે. વીમો વ્યક્તિગત સલામતી સાથે સાથે માનસિક શાંતિ પણ આપે છે.વ્યક્તિગત જીવન જેટલું જ વ્યવસાયિક ક્ષેત્ર પણ આજે અનેક જોખમોથી ઘેરાયેલું છે. ગુજરાત જેવા ઉદ્યોગપ્રધાન રાજ્યમાં બાંધકામ, MSME, નિકાસ, IT, કેમિકલ્સ અને એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રો ઝડપથી વિકસી રહ્યા છે. વિકાસની સાથે જવાબદારીઓ અને જોખમો પણ વધી રહ્યા છે. કરાર, નાણાંકીય બાંધછોડ અને બજારની અનિશ્ચિતતા વચ્ચે વ્યવસાય ચલાવવો સરળ નથી. આવા સમયમાં આધુનિક વીમા ઉકેલો વ્યવસાય માટે સુરક્ષાનું કવચ બની ઊભરે છે.બેંક ગેરંટીના વિકલ્પ રૂપે વિકસેલા સ્યોરિટી બોન્ડ્સ વ્યવસાય માટે કાર્યકારી મૂડીને મુક્ત રાખવામાં મદદરૂપ થાય છે અને કોન્ટ્રાક્ટની વિશ્વસનીયતા વધારે છે. ખાસ કરીને બાંધકામ અને MSME ક્ષેત્ર માટે તે વિકાસને અટકાવ્યા વગર આગળ ધપાવવાનું સાધન બને છે. એ જ રીતે વૈશ્વિક સ્તરની હેલ્થ કવરેજ હવે માત્ર વૈભવ નથી. આંતરરાષ્ટ્રીય એક્સપોઝર ધરાવતા પરિવારો અને ઉચ્ચ આવકવાળા વર્ગ માટે વિશ્વના કોઈ પણ ખૂણે શ્રેષ્ઠ સારવારની સુવિધા મળવી એ સમજદાર આયોજનનો ભાગ બની ગયું છે.ગુજરાતનું અર્થતંત્ર મોટા ભાગે નિકાસ આધારિત હોવાથી ચુકવણીની અનિશ્ચિતતા એક મોટો પડકાર છે. ટ્રેડ ક્રેડિટ ઈન્સ્યોરન્સ ખરીદનારના ડિફોલ્ટથી રક્ષણ આપી રોકડ પ્રવાહને સ્થિર રાખે છે અને વેપાર વિસ્તરણ માટે આત્મવિશ્વાસ પૂરો પાડે છે. કાપડ, કેમિકલ્સ અને એન્જિનિયરિંગ ગુડ્સ જેવા ક્ષેત્રોમાં આ સુરક્ષા વ્યવસાયિક નિર્ણયો માટે આધારરૂપ બને છે.આ સાથે તૃતીય પક્ષના દાવાઓ, ઉત્પાદનની ખામીઓ અથવા વ્યવસાયિક નિર્ણયોથી ઊભી થતી જવાબદારીઓ પણ અવગણી શકાય તેવી નથી. લાયબિલિટી ઈન્સ્યોરન્સ આવા દાવાઓથી વ્યવસાય અને તેના નેતૃત્વને સુરક્ષિત રાખે છે. ડિરેક્ટરો અને અધિકારીઓ માટે નિર્ણય લેતા સમયે કાનૂની સુરક્ષા હોવી આજે અત્યંત જરૂરી બની ગઈ છે.ડિજિટલ યુગમાં જોખમો પણ ડિજિટલ બની ગયા છે. ડેટા ભંગ, રેન્સમવેર હુમલા અને ઓનલાઈન છેતરપિંડી હવે અપવાદ નહીં પરંતુ વાસ્તવિક ખતરો છે.., ઈ-કોમર્સ અને નિકાસ ક્ષેત્રમાં કાર્યરત વ્યવસાયો માટે સાયબર સુરક્ષા વિના વ્યવસાયની સતતતા શક્ય નથી. તે જ રીતે આંતરિક છેતરપિંડી, કર્મચારીઓની ઉચાપત અથવા તૃતીય પક્ષ દ્વારા થતા નાણાંકીય ગુનાઓ સામે કોમર્શિયલ ક્રાઈમ ઈન્સ્યોરન્સ વ્યવસાયને મજબૂત આધાર આપે છે.જાહેર સૂચિમાં જવાની તૈયારી કરતા કોર્પોરેટ માટે IPO સંબંધિત જવાબદારીઓ પણ ગંભીર મુદ્દો છે. યોગ્ય વીમા કવરેજ કંપની અને ડિરેક્ટરોને કાનૂની જોખમોથી બચાવી નિર્ભય રીતે આગળ વધવાની શક્તિ આપે છે.આ તમામ પરિસ્થિતિઓ એક જ વાત સ્પષ્ટ કરે છે કે વીમો હવે વિકલ્પ નથી.

# વેદની કેટલીક વ્યવહારુ શીખ

**કરંટ ટોપિક**

ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એ સૃષ્ટિના સૌ પ્રથમ ગ્રંથ છે. માનવ ઉત્ક્રાંતિના ઈતિહાસમાં સૌથી વધુ મહત્ત્વ ધરાવતો, સમાવેશીય, સાર્થક, પરિપક્વ અને સંપૂર્ણ ગ્રંથ-સમૂહ છે. આધ્યાત્મ અને ધર્મનું નિર્દેશન અહીં બહુ સ્પષ્ટતાથી આલેખાયું છે. તે ઉપરાંત તેમાં જીવન વ્યવહાર, સામાજિક સમીકરણો, શાસ્ત્રીય ક્રિયાકાંડ, વિજ્ઞાન અને કળા જેવી બાબતોનો પણ સમાવેશ કરાયો છે. આમાંની કેટલીક વાતો આજના સંદર્ભમાં વધુ યથાર્થ અને સ્વીકૃત જણાય છે.

ચાર વેદ અને તેમાં એકત્રિત – સંકલિત કરાયેલી વાતોનો સમાવેશ એક લેખમાં ન થઈ શકે. છતાં પણ આજના સંદર્ભમાં કેટલીક વાતોનો ઉલ્લેખ કરવો ઈચ્છનીય છે. આ પ્રકારના પ્રયત્નથી, કદાચ, વેદ પ્રત્યેની જિજ્ઞાસા અને વિશ્વાસ વધી શકે. અહીં ચારેય વેદોને આપણે વેદ તરીકે જ જોઈશું.

વેદમાં દરેક દિશામાંથી કલ્યાણકારી વિચાર મળી રહે તેવી પ્રાર્થના કરવામાં આવે છે. વેદ હંમેશાં એવું ઈચ્છે છે કે બધાનું શુભ થાય, બધાં નિર્ભયતાને પામે. સમગ્ર સૃષ્ટિમાં સદાય સુખ અને શાંતિ પ્રવર્તમાન રહે. આ પ્રકારની સ્થિતિ માટે ચોક્કસ પ્રકારની માનસિકતા જરૂરી છે અને વેદમાં તે માટે પણ સૂચન કરાયાં છે.

વેદની એ પ્રકારની આજ્ઞા છે કે મન-વચન-કર્મથી એક સમાન કહી શકાય તેવા શુભ વિચાર બધાનાં મનમાં પ્રગટે અને સ્થાપિત થાય. જો સમાજના દરેક નાગરિકના મનમાં સમાન વિચાર, સમાન અગ્રતાક્રમ, સમાન મૂલ્યો સ્થાપિત હોય તો વિકાસ અને ઉન્નતી બધા માટે સરળ બને. તે ઉપરાંત તેનાથી સામાજિક સમરસતા જળવાઈ રહે.

વેદમાં એ પણ ઈચ્છા વ્યક્ત કરાઈ છે કે બધા એકબીજા પ્રત્યે મધુર, શિષ્ટ તથા 'ભલી' વાણીનું ઉચ્ચારણ કરે. એનો અર્થ એમ નહીં કે વાણી મીઠી બની શકે તે માટે અસત્યનો સહારો લઈ શકાય. વેદમાં સત્ય-કથનનું સૌથી વધુ મહત્ત્વ છે. જો સત્યની ભૂમિકા સચવાઈ જતી હોય તો પછી મીઠાશનો ઉમેરો કરી, ત્યારબાદ શિષ્ટાચાર યુક્ત ભલી વાણી બોલવી. જો આમ થાય તો બધાં જ પરસ્પર મિત્ર અને સુહૃદયી બની શકે. સામાજિક પરિપ્રેક્ષ્યમાં અંતે તો માનવીએ માનવ બનવાનું હોય છે, વેદનું આ અગત્યનું કથન છે.

માનસિક ક્ષમતાના વિકાસ પર વેદ જોર આપે છે. તેમાં એમ કહેવાયું છે કે માનવીમાં એટલો આત્મવિશ્વાસ હોવો જોઈએ કે પર્વત પણ ડગી જાય. વેદ ભાવનાશીલ થવાની પણ વાત કરે છે. વેદના સૂચન પ્રમાણે માનવીએ નિષ્ઠુર અને જડ ન બનવું જોઈએ. વેદમાં શારીરિક ક્ષમતાને પણ મહત્ત્વ અપાયું છે. વેદનું એક મહત્ત્વનું વિધાન છે કે સો વર્ષ જીવો અને ઉત્તમ કાર્ય કરો. આ માટે ઊભા થઈ અને આગળ વધવાની વાત કહેવાઈ છે. વ્યક્તિનું શરીર શસ્ત્ર-ખડગ જેવું દૃઢ બને તે માટે વેદમાં સૂચન કરાયાં છે. વેદ સદ્બુદ્ધિને પણ મહત્ત્વ આપે છે.

એક રીતે જોવાં જઈએ તો વેદમાં અસ્તિત્વના દરેક પ્રકારને મહત્ત્વ અપાયું છે અને તે બધાં માટે શુભકામના છે. અસ્તિત્વના દરેક સ્વરૂપ દ્વારા સૃષ્ટિના સંચાલનમાં હકારાત્મક ફાળો આપવાનું સૂચન છે. આ પ્રકારની પ્રક્રિયામાં ક્યારેક અડચણ પણ ઊભી થાય તો પણ તેનાથી વિચલિત નહીં થવાનું, ધીરજ જાળવી રાખવાની,



તટસ્થતાથી સાક્ષીભાવ જાળવીને પુરુષાર્થ કરવાનો-વેદનું આ પણ એક મહત્ત્વનું સૂચન છે.

વેદમાં રાષ્ટ્ર અને માતૃભૂમિને વફાદાર રહેવાની પણ વાત છે. અહીં કહેવાયું છે કે કુટુંબના ભલા માટે વ્યક્તિનો, ગામના ભલા માટે કુટુંબનો, રાજ્યના ભલા માટે ગામનો તથા રાષ્ટ્રના ભલા માટે રાજ્યનો ભોગ આપવા તૈયાર રહેવું જોઈએ. રાષ્ટ્ર પ્રત્યેના આ પ્રકારના ઉત્તરદાયિત્વ સાથે વેદમાં સામાજિક ઉત્તરદાયિત્વ માટે દાન કરવાનું, અપંગ, અસમર્થ કે વૃદ્ધોની સેવા કરવાનું, જરૂરિયાતમંદને મદદરૂપ થવાનું સૂચન પણ કરાયું છે.

વેદની સમજ પ્રમાણે દાન કરવાથી સંપત્તિ વધતી હોય છે. દાન ઉપરાંતના પ્રત્યેક સત્કર્મથી પણ ધન ઉપરાંત સંતાન અને સદ્બુદ્ધિ પણ પ્રાપ્ત થઈ શકે. વેદમાં વ્યવહાર માટે પણ ચોક્કસ સૂચનો કરવામાં આવેલાં છે. મિત્રતા હંમેશાં સમજુ, વિવેકી તેમજ ડાહ્યા માણસ સાથે કરવી.

સ્વાભાવિક છે કે વેદમાં ઈશ્વર-પ્રભુ પ્રત્યે શ્રદ્ધા રાખવાની પણ વાત હોય. વેદમાં જણાવ્યા પ્રમાણે કર્મનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ ઈશ્વર સ્મરણનું છે. અહીં ખાસ કરીને સવારે અને સાંજે સાત્વિક ભાવ અને શ્રદ્ધા સાથે ઈશ્વરના સ્મરણનું અને ચોક્કસ ક્રિયાકાંડનું મહત્ત્વ સ્થાપિત કરવામાં આવ્યું છે.

અહીં એમ પણ દર્શાવાયું છે કે પ્રભુ ભરણપોષણ કરનાર છે – યોગક્ષેમનું વહન ઈશ્વર કરે છે. તે ઈશ્વરના શરણે જવું બધાં માટે ઈચ્છનીય છે. વળી, સારા વિચારો માટે, સારા કાર્યોમાં પ્રેરણા મળે તે માટે, ઈશ્વર પ્રત્યેનો માર્ગ પ્રશસ્ત થાય તે માટે વેદમાં સત્સંગને પણ મહત્ત્વ અપાયું છે. વેદના સૂચન પ્રમાણે સત્સંગથી જ દરેક પ્રકારનું સુખ પ્રાપ્ત થઈ શકે છે.વેદમાં નારીને નારાયણી તરીકે સ્થાપિત કરાઈ છે. તેનું નિમિત્ત કર્મ ગૃહસ્થાશ્રમને સુનિયોજિત રીતે સકારાત્મકતાથી ચલાવવાનું છે અને તેથી તે કાર્ય તે કુશળતાથી કરે તે પ્રમાણે વેદ સૂચન કરે છે. ગૃહસ્થાશ્રમની સંતોષજનક સ્થિતિ માટે ધર્મનિષ્ઠ પુરુષાર્થ કરી ધન પ્રાપ્ત કરવાની પણ વાત છે.

ઉપનિષદ વેદના એક ભાગ સમાન છે. ઉપનિષદના જે ચાર મહા કથન ચાર ભિન્ન ભિન્ન વેદમાંથી લેવાયા છે. ઋગ્વેદમાંથી 'પ્રજ્ઞાનં બ્રહ્મ', સામવેદમાંથી 'તત્ત્વમસિ', અથર્વવેદમાંથી 'અયમાત્મા બ્રહ્મ', તથા યજુર્વેદમાંથી 'અહમ્ બ્રહ્માસ્મિ'. આ ચાર મહાકથન જ વેદનું ઊંડાણ તથા તેનો વ્યાપ સમજવાં માટે પૂરતાં છે.

તેના ઉલ્લેખ વગર વેદની વાત ન થઈ શકે. આ ચાર કથનમાં સનાતનની સંસ્કૃતિની આધ્યાત્મિક સ્થિતિની ઉચ્ચ સ્થિતિ દર્શાવે છે. અગત્યની વાત એ છે કે વેદમાં જેમ આધ્યાત્મનું મહત્ત્વ સ્થાપિત થયું છે તેમ સુ-વ્યવહાર અને સુ-વ્યક્તિત્વ માટે પણ જોર અપાયું છે.



## સફળતાના કર્તા

ગત અંકમાં સફળતા અને સિદ્ધિ માટે અધિષ્ઠાનની અનિવાર્યતાને સમજ્યા. હવે ભગવાન કૃષ્ણ સફળતાનું બીજું કારણ 'કર્તા' એટલે કે વ્યક્તિ પોતે કેવો હોવો જોઈએ તે બતાવે છે.સફળતા માટે સૌથી અગત્યની બાબત વ્યક્તિ કે માણસ પોતે છે. ગીતા તેને 'કર્તા' કહીને વર્ણવે છે. હા, વ્યક્તિની કે કર્તાની ઓળખ તેના વ્યક્તિત્વથી થાય છે. સિદ્ધિ માટે આ અતિ અનિવાર્ય તત્ત્વ છે. સફળતા અને સિદ્ધિ માટે માત્ર અધિષ્ઠાન, પ્રયત્ન કે સંજોગ પૂરતા નથી, પરંતુ મનુષ્યનું વ્યક્તિત્વ ઊંચું હોવું અનિવાર્ય છે. વ્યક્તિત્વ એ માત્ર બહારનો દેખાવ કે બોલવાની શૈલી નથી, પરંતુ મનની ઉન્નતિ, વિચારની શુદ્ધિ, વર્તનની શિસ્ત અને જીવનની મૂલ્યવ્યવસ્થા એ બધાનો સંગમ છે. કોઈ માણસ પાસે જ્ઞાન અને કુશળતા હોઈ શકે, પણ જો વ્યક્તિત્વમાં ઉદારતા, વિનમ્રતા અને સદ્ગુણોનો અભાવ હોય તો તેની સફળતા તાત્કાલિક હશે, લાંબાગાળાની નહીં.

વ્યક્તિત્વ ઊંચું થવા માટે સૌપ્રથમ જરૂરી છે સકારાત્મક દૃષ્ટિકોણ. જે વ્યક્તિ મુશ્કેલીમાં પણ અવસર શોધે છે, નિષ્ફળતા વચ્ચે પણ શીખવા જેવી બાબતો જુએ છે, તે જ સાચા અર્થમાં આગળ વધી શકે છે. બીજું મહત્ત્વનું તત્ત્વ છે ઈમાનદારી અને વિશ્વાસ. ઈમાનદાર માણસ ભલે થોડી વાર માટે પાછળ રહી જાય, પરંતુ લાંબા ગાળે તેને સમાજનો વિશ્વાસ અને માન પ્રાપ્ત થાય છે. વળી વિશ્વાસ તેને સફળતાના લાંબા પંથ સુધી દોરી જાય છે.

તદુપરાંત સફળતા માટે વ્યક્તિત્વમાં શિસ્ત, સમયની કદર અને મહેનત પણ હોવી જરૂરી છે. આ બધું હોવા છતાં જો સ્વભાવમાં વિનય અને કરુણા ન હોય તો સિદ્ધિ અધૂરી રહી જાય છે. મહાન વિજ્ઞાની, નેતા અથવા સંતોના જીવનમાં આપણે જોઈએ છીએ કે તેમની મહાનતાનું મૂળ તેમના જ્ઞાનમાં નહોતું, પરંતુ તેમના વ્યક્તિત્વની ઉંચાઈમાં હતું. ગાંધીજીનું વ્યક્તિત્વ વિશ્વને પ્રેરણા આપે છે કારણ કે તેમાં સત્ય, અહિંસા અને કરુણાનો સંગમ હતો. તેમની પાસે સૈન્ય શક્તિ કે રાજકીય પદ ન હતું, છતાં તેમના વ્યક્તિત્વમાં રહેલા સત્ય, અહિંસા અને સાદગીના તત્ત્વોએ સમગ્ર રાષ્ટ્રને એક સૂત્રમાં બાંધી દીધું.એક સામાન્ય વકીલથી લઈને 'રાષ્ટ્રપિતા' બનવાનો યાત્રાપથ માત્ર તેમના વિચારોના જોરથી નહોતું, પરંતુ તેમની ઊંચી માનવતા અને નિર્મળ વ્યક્તિત્વથી શક્ય બન્યું. તેઓ પોતાના જીવનમાં જે આદર્શ અપનાવતા, એ જ આદર્શોનો ઉપદેશ આપતા, એટલે લોકોમાં તેમની વાણી પ્રેરક બની શકી.પરંતુ વ્યક્તિત્વ ઊંચું કરવા માટે માનવને સતત આત્મચિંતન કરવું પડે છે. પોતાના દોષોને સ્વીકારીને સુધારવા, બીજાના સદ્ગુણોને અપનાવવા અને પોતાના વિચારને સતત શુદ્ધ બનાવવા પ્રયત્ન કરવો પડે છે. માત્ર ભૌતિક સિદ્ધિ જીવનને મહાન નથી બનાવતી; મહાનતા ત્યારે જ મળે છે જ્યારે સમગ્ર વ્યક્તિત્વ ઉન્નત બને છે.

પ્રમુખ સ્વામી મહારાજ ઘણીવાર કહેતા કે સફળતા અને સિદ્ધિનું સાચું મૂળ ભૌતિક સંપત્તિ કે બાહ્ય ગૌરવમાં નથી, પરંતુ ઊંચા વ્યક્તિત્વમાં છે. જે મનુષ્યનું વ્યક્તિત્વ ઊંચું હોય છે, તે જ્યાં જાય ત્યાં પ્રેરણા જગાવે છે, વિશ્વાસ આપે છે અને પોતાની સફળતાથી સાથે બીજાને પણ ઊંચો ઉઠાવવાની શક્તિ ધરાવે છે.

સ્વામી વિવેકાનંદજી અમેરિકા ગયા અને વિશ્વધર્મ પરિષદમાં ભાષણ આપ્યું, ત્યારે તેમણે 'સિસ્ટર્સ એન્ડ બ્રધર્સ ઓફ અમેરિકા' શબ્દોથી શરૂઆત કરી.

**વિશેષ**

## ખાદ્યતેલ ઉદ્યોગ માટે બજેટમાં નવા પગલાંનો અભાવ

કેન્દ્રના નાણાંપ્રદાને બજેટમાં ખાદ્યતેલો તથા તેલિબિંયાંની બજાર તથા ઉદ્યોગ માટે કોઈ વિશેષ પગલાં ભર્યા નથી. જોકે નાળિયેરનું ઉત્પાદન દેશમાં વધારવા માટે નાણાંપ્રધાને વિવિધ પગલાઓ જાહેર કરતાં દક્ષિણ ભારતના નાળિયેર ઉત્પાદકો તથા કોપરેલ બનાવતા ઉદ્યોગમાં આના પગલે પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યાના સમાચાર મળ્યા હતા. દેશમાં નાળિયેર ઉપરાંત કાજુ, કોકો, અખરોટ વિ.નું ઉત્પાદનન વધારવા બજેટમાં પ્રોત્સાહક પગલાં રજૂ કરાયા હોવાનું કૃષી બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, બજેટ પૂર્વે સરકારે દેશમાં આયાત થતા વિવિધ ખાદ્યતેલોની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં ફેરફારો કરતાં આયાતી ખાદ્યતેલોની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ફેરફાર થયા હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. આવી ટેરીફ વેલ્યુ ક્રૂડ પામ ઓઈલ સીપીઓમાં ૧૦૭૫ ડોલરથી ઘટાડી સરકારે ૧૦૬૭ ડોલર ટનદીઠ કરી હતી જ્યારે આરબીડી પામ ઓઈલની આવી ટેરીફ વેલ્યુ ૧૧૭૩ વાળી વધી ૧૧૮૬ ડોલર કરાઈ છે. આના પગલે આયાતી પામતેલની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ઘટાડો થયો છે જ્યારે આયાતી સોયાતેલની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં વૃદ્ધી થઈ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, મલેશિયાથી પામતેલની નિકાસ જાન્યુઆરીમાં ૧૭થી ૧૮ ટકા વધી હોવાના વાવડ મળ્યા હતા.

ભારતમાં આયાતી ખાદ્યતેલો પરનો આધાર વધ્યો છે તથા તેની ટકાવારી વધી આશરે૬૦ ટકા થઈ છે. ભારતમાં વિવિધ ખાદ્યતેલોની કુલ વાર્ષિક માગ સરેરાશ ૨૬૦થી ૨૬૫ લાખ ટન જેટલી રહે છે ત્યારે સામે ઘરઆંગણે ઉત્પાદન માત્ર ૧૧૦થી ૧૧૫ લાખ ટન રહેતાં આયાત પર આધાર વધ્યો હોવાનું સોલવન્ટ એક્સટ્રેકટર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું. ઘરઆંગણે ઉત્પાદન વધારવા બજેટમાં કોઈ વિશેષ પગલાં જોવા મળ્યા નથી. દેશને આ ક્ષેત્રે આત્મનિર્ભર કરવાના પગલાં ગેરહાજર રહ્યા છે. ઈમ્પોર્ટ ડયુટીના દરોમાં કોઈ ફેરફારો કરાયા નથી. દરમિયાન, ભારત તથા નેપાળ વચ્ચે થયેલા કરારના પગલે નેપાળથી ભારતમાં ડયુટી-ફ્રી ધોરણે વિવિધ ખાદ્યતેલોની ઈમ્પોર્ટ હાલ વધી છે તથા આવી આયાતને કાબુમાં રાખવા માટે બજેટમાં કોઈ લક્ષ રાખવામાં આવ્યું નથી.

ખાદ્યતેલો ઉપરાંત કઠોળની ઈમ્પોર્ટ પર આધાર ઘટાડવો પણ જરૂરી છે. ૮૦ લાખ ટન દાળ કઠોળની આયાત આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુરોપ વિ. ખાતેથી ભારતમાં થાય છે. રેશનમાં મોટા પ્રમાણમાં અનાજ આપવામાં આવે છે પરંતુ તેના બદલે ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર જનધન ખાતા મારફત કરવામાં આવે તો સરકારને પોતાને મોટી રાહત થઈ શકે તેમ છે તથા સરકાર પરનો નાહકનો બોજ ઘટાડી શકાય તેમ છે મલ્ટીનેશનલ મોટી કંપનીઓને લાભ થાય એવી સરકારની નીતિ છાશવારેબદલાતી જોવા મળી છે એવી ચર્ચા પણ દેશના કૃષી બજારોમાં થતી રહી છે. ૬૦ લાખ કરોડનું ટર્નઓવર તથા મોટી ટેક્સ રેવેન્યુ મેળવી આપતા તથા લાખોને રોજગાર આપતા વેપારી સમાજની ઉપેક્ષા બજેટમાં જણાઈ છે.

# ડોલરના સામ્રાજ્યનો સૂર્ય અસ્તાચલે

વીસમી સદીના મધ્યકાળથી અમેરિકન ડોલર વૈશ્વિક અર્થતંત્રનો કેન્દ્રબિંદુ રહ્યો છે. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ સ્થાપિત થયેલી બ્રેટન વુડ્સ વ્યવસ્થાએ ડોલરને

**ડોલરનો ઉદય અને સંભવિત અસ્ત એટલે વૈશ્વિક અર્થતંત્રની બદલાતી દિશા. પશ્ચિમમાં અમેરિકાનો સૂર્ય આદમી રહ્યો છે બીજી બાજુ પૂર્વ દિશાએ ભારતનો સૂર્યોદય થઈ રહ્યો છે.**

આંતરરાષ્ટ્રીય વેપાર અને નાણાકીય વ્યવહારની મુખ્ય કરન્સી બનાવી. અમેરિકાની મજબૂત અર્થવ્યવસ્થા, રાજકીય સ્થિરતા અને વૈશ્વિક પ્રભાવને કારણે ડોલર પર વિશ્વનો વિશ્વાસ સતત વધતો ગયો. તેલથી લઈને સોનાં સુધી, મોટા ભાગના આંતરરાષ્ટ્રીય સોદા ડોલરમાં જ થવા લાગ્યા અને ધીમે ધીમે ડોલર વૈશ્વિક રિઝર્વ કરન્સી તરીકે સ્થાપિત થયો.

ડોલરના ઉદય પાછળ માત્ર આર્થિક શક્તિ જ નહીં પરંતુ રાજકીય અને સૈન્ય પ્રભાવ પણ જવાબદાર રહ્યા. અમેરિકાની આગેવાની હેઠળનું વૈશ્વિક વ્યવસ્થાપન, આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓમાં તેનું પ્રભુત્વ અને ડોલર આધારિત નાણાકીય સિસ્ટમને કારણે અનેક દેશો માટે ડોલર અનિવાર્ય બની ગયો. વિકાસશીલ દેશોએ પોતાના વિદેશી મુદ્રા ભંડાર ડોલરમાં રાખ્યા, જ્યારે બહુરાષ્ટ્રીય કંપનીઓએ પણ ડોલરને વ્યવહારની ભાષા બનાવી.

પરંતુ એકવીસમી સદીમાં પરિસ્થિતિ બદલાતી દેખાઈ રહી છે. ચીન, રશિયા અને અન્ય ઉદયમાન અર્થતંત્રો ડોલર પરની નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. દ્વિપક્ષીય વેપારમાં સ્થાનિક કરન્સીનો ઉપયોગ, ડિજિટલ કરન્સીનો વિકાસ અને વૈકલ્પિક ચુકવણી વ્યવસ્થાઓ ડોલરના પ્રભાવને પડકાર આપી રહી છે. ઉપરાંત, અમેરિકાના વધતા જાહેર દેવું, વારંવાર થતા આર્થિક સંકટો અને પ્રતિબંધો દ્વારા ડોલરને રાજકીય હથિયાર તરીકે ઉપયોગમાં લેવાની નીતિએ પણ અનેક દેશોમાં અસંતોષ ઊભો કર્યો છે.

ડોલરનો અસ્ત તરત જ થશે તેવી વાત નથી, પરંતુ તેની અખંડિત સત્તા હવે પ્રશ્નચિહ્ન હેઠળ આવી છે. ભવિષ્યમાં બહુધ્રુવીય કરન્સી વ્યવસ્થા વિકસે તેવી શક્યતા છે, જેમાં ડોલર સાથે યુરો, યુઆન અને અન્ય કરન્સીઓનું મહત્વ વધશે. આ બદલાવ ધીમો અને ક્રમશઃ હશે, પરંતુ તે વૈશ્વિક અર્થતંત્રને વધુ સંતુલિત બનાવી શકે છે.

આ રીતે ડોલરનો ઉદય એક ઐતિહાસિક જરૂરિયાત હતો, જ્યારે તેનો સંભવિત અસ્ત વૈશ્વિક શક્તિના સંતુલનમાં થતા ફેરફારનું પ્રતિબિંબ છે. ડોલર રહેશે, પરંતુ કદાચ હવે એકમાત્ર અપ્રતિમ શાસક નહીં.

વિશ્વના આર્થિક ઈતિહાસમાં આપણે એક એવા વળાંક પર ઊભા છીએ જ્યાં સત્તાના પરંપરાગત કેન્દ્રો ધીમે ધીમે ખસતા દેખાય છે. દાયકાઓથી વૈશ્વિક અર્થતંત્ર પર અપ્રતિમ વર્ચસ્વ ધરાવતો અમેરિકન ડોલર હવે અડગ નથી રહ્યો. આ પરિવર્તનના કેન્દ્રમાં ભારત ઉભરી રહ્યું છે. યુવા વસ્તી, ટેકનોલોજી પ્રત્યેનો આત્મવિશ્વાસ, મજબૂત લોકશાહી અને સ્વદેશી આર્થિક મોડલના આધારે ભારત હવે માત્ર અનુયાયી દેશ નથી રહ્યો, પરંતુ નવા વૈશ્વિક આર્થિક ક્રમનો આકાર આપતો મુખ્ય ખેલાડી બની રહ્યો છે.

બ્રિક્સ સંગઠન આ બદલાવનું સૌથી શક્તિશાળી પ્રતીક બની રહ્યું છે. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાથી શરૂ થયેલું આ મંચ આજે યુએઇ, સાઉદી અરેબિયા જેવા શક્તિશાળી દેશોના જોડાણથી વધુ મજબૂત બન્યું છે. આ દેશો કોઈના વિરોધમાં નહીં, પરંતુ પોતાની આર્થિક સ્વતંત્રતા અને લોકકલ્યાણ માટે ભેગા થયા છે. પશ્ચિમી દેશોની જેમ પ્રતિબંધો, દબાણ અને આર્થિક હથિયારોનો ઉપયોગ કરીને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાની અહીં કોઈ મનોભાવના નથી. અહીં વાત છે

**આસપાસ ચોપાસ** — **સુરેશ ભટ્ટ**


સહકારની, સમાનતાની અને બહુધ્રુવીય વિશ્વ રચવાની.

આ સમગ્ર પરિવર્તનનું કેન્દ્રબિંદુ છે ડિજિટલ કરન્સી નેટવર્ક. ખાસ કરીને ભારતની ઈ-રૂપી. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ આ સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી માત્ર નાણાંનો ડિજિટલ સ્વરૂપ નથી, પરંતુ એક સંપૂર્ણ આર્થિક વિચારધારા છે. ડિસેમ્બર ૨૦૨૨માં શરૂ થયેલી ઈ-રૂપી આજે પણ પાઈલટ તબક્કામાં છે, પરંતુ તેની ક્ષમતાઓ જોઈને સ્પષ્ટ થાય છે કે ભવિષ્યમાં તે ભારતની આર્થિક રીઢ બની શકે છે.

ઈ-રૂપીની સૌથી મોટી તાકાત એ છે કે તે મધ્યસ્થોને દૂર કરે છે. સીધો, સુરક્ષિત અને તત્કાળ વ્યવહાર શક્ય બને છે. એનએફસી ટેકનોલોજી દ્વારા ઈન્ટરનેટ વગર પણ લેવડદેવડ શક્ય છે, જે ભારત જેવા વિશાળ અને વિવિધ દેશ માટે ક્રાંતિકારી સાબિત થઈ શકે છે. ગામડાં, અંતરિયાળ વિસ્તારો અને સામાન્ય નાગરિકો માટે આ નાણાકીય સમાવેશનું શક્તિશાળી સાધન છે. સરકારી સબસિડી અને કલ્યાણકારી યોજનાઓ સીધી લાભાર્થી સુધી પહોંચે છે, જેના કારણે ભ્રષ્ટાચાર અને લીકેજ પર અસરકારક અંકુશ આવી શકે છે.

ઈ-રૂપીનું યુપીઆઈ અને ડિજિટલ વોલેટ્સ સાથેનું સંકલન ભારતની ફિનટેક શક્તિને નવી ઊંચાઈ આપે છે. આજે જ કરોડો લોકો ડિજિટલ ચુકવણીનો ઉપયોગ કરે છે અને આ મોડલને દુનિયાના અનેક દેશો આશ્ચર્યથી જોઈ રહ્યા છે. પશ્ચિમી વિશ્વ માટે ભારત હવે માત્ર સસ્તું બજાર નથી, પરંતુ એક નવું વિચાર કેન્દ્ર બની રહ્યું છે.

આ સંદર્ભમાં બ્રિક્સ માટે ઈ-રૂપીની ભૂમિકા અત્યંત મહત્વની બનવાની છે. જો બ્રિક્સ દેશોની સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સીઓ એકબીજા સાથે જોડાય, તો ક્રોસ બોર્ડર વેપાર સેકન્ડોમાં શક્ય બનશે. સ્વિફ્ટ જેવી અમેરિકી પ્રભાવિત વ્યવસ્થાઓ પરની નિર્ભરતા ઘટશે. ડોલરની ફરજિયાત જરૂરિયાત તૂટશે અને દેશો પોતાની કરન્સી પર આધાર રાખીને વેપાર કરી શકશે. આ કોઈ આર્થિક યુદ્ધ નથી, પરંતુ આર્થિક સ્વતંત્રતાની શાંતિપૂર્ણ ચળવળ છે.




આ પરિવર્તનથી અમેરિકામાં ચિંતા સ્વાભાવિક છે. ડોલરનું વર્ચસ્વ માત્ર નાણાકીય નથી, પરંતુ રાજકીય અને વ્યૂહાત્મક શક્તિનું સાધન રહ્યું છે. તેથી જ ડોનાલ્ડ ટ્રમ્પ જેવા નેતાઓ બ્રિક્સ અને ડિજિટલ કરન્સી પહેલોને આર્થિક પડકાર તરીકે જુએ છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે સમયની ધારા સામે કોઈ એકલવાયું સામ્રાજ્ય લાંબા સમય સુધી ટકી શકતું નથી.

ભારત માટે આ તક માત્ર વૈશ્વિક પ્રતિષ્ઠાની નથી, પરંતુ આંતરિક સમૃદ્ધિની પણ છે. જો ઈ-રૂપી અને બ્રિક્સ નેટવર્ક સફળતાપૂર્વક અમલમાં આવે, તો ભારતનું અર્થતંત્ર આગામી દાયકાઓમાં અનેકગણું વધી શકે છે. ચાર ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાથી પંદર ટ્રિલિયન ડોલરની દિશામાં આગળ વધવું અશક્ય નથી. ભારત વિશ્વનું સૌથી મોટું ઉપભોક્તા કેન્દ્ર બની શકે છે અને સાથે સાથે ઉત્પાદન, નવીનતા અને ટેકનોલોજીનું હબ બની શકે છે.

આ સમગ્ર યાત્રામાં સૌથી મહત્વની બાબત એ છે કે આપણે જાતે શું કરીએ છીએ. નાગરિક તરીકે, નીતિનિર્માતા તરીકે અને સમાજ તરીકે આ પરિવર્તનને સમજવું અને જવાબદારીપૂર્વક તેનો સ્વીકાર કરવો જરૂરી છે. આ માત્ર સરકાર કે બેન્કોની વાત નથી, પરંતુ દરેક ભારતીયના ભવિષ્યની વાત છે.

વિશ્વ એક નવા યુગમાં પ્રવેશી રહ્યું છે. ડોલરના એકચક્રી શાસનનો અંત ધીમે ધીમે નજીક આવી રહ્યો છે. અને આ નવા યુગમાં ભારત માત્ર દર્શક નથી, પરંતુ દિશા દર્શાવનાર બની રહ્યું છે. જય ભારત, જય ભારતના લોકો.

# ઉંમર નહીં, ફિટનેસ અને પ્રદર્શન ખેલાડીઓની પસંદગીનો આધાર હોવો જોઈએ : ધોની



નવીદિલ્હી,

મહેન્દ્ર સિંહ ધોની આઈપીએલના બે મહિના સિવાય જાહેર પ્લેટફોર્મ પર ભાગ્યે જ જોવા મળે છે. તેથી, જ્યારે પણ ભારતના સૌથી સફળ કેપ્ટન કોઈ પ્રમોશનલ અથવા જાહેર કાર્યક્રમમાં ભાગ લે છે, ત્યારે ક્રિકેટ ચાહકો તેના દરેક શબ્દને ધ્યાનથી સાંભળે છે. આ વખતે પણ ધોનીએ ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની ભાગીદારી અંગેના પ્રશ્નનો ખૂબ જ સચોટ અને સ્પષ્ટ જવાબ આપ્યો. ધોનીએ સ્પષ્ટપણે કહ્યું કે ઉંમર નહીં, ફિટનેસ અને પ્રદર્શન ખેલાડીઓની પસંદગીનો આધાર હોવો જોઈએ. તેમણે એમ પણ સ્પષ્ટ કર્યું કે કોઈને પણ રોહિત કે વિરાટને કહેવાનો અધિકાર નથી કે તેમણે આગામી વર્લ્ડ કપ રમવો જોઈએ કે નહીં.એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન ધોનીએ કહ્યું, "કેમ નહીં? કોઈએ આગામી વર્લ્ડ કપ કેમ ન રમવો જોઈએ? ઉંમર ક્યારેય તેના માટે માપદંડ રહી નથી. ફિટનેસ અને પ્રદર્શન મહત્વપૂર્ણ છે. કોઈને પણ નક્કી કરવાની જરૂર નથી કે તેમણે રમવું જોઈએ કે નહીં. રોહિત, વિરાટ કે અન્ય કોઈ, ફક્ત એટલા માટે કે તેઓ ૩૦ વર્ષથી વધુ ઉંમરના છે તે નક્કી કરતું નથી કે તેઓ વર્લ્ડ કપ રમશે કે નહીં."ધોનીએ વધુમાં કહ્યું કે જો ખેલાડીઓ ફિટ હોય અને દેશ માટે સારું પ્રદર્શન કરવાની ભૂખ ધરાવતા હોય, તો તેમને મોટી ટુર્નામેન્ટથી દૂર રાખવાનું કોઈ કારણ નથી. ધોનીએ કહ્યું કે આ નિર્ણય ખેલાડીઓનો હોવો જોઈએ. જો તેઓ સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે અને ટીમમાં યોગદાન આપવા તૈયાર છે, તો તેમનો અનુભવ ખૂબ જ ફાયદાકારક રહેશે. સચિન તેંડુલકર સિવાય ૨૦ વર્ષનો અનુભવી ખેલાડી શોધવો સરળ નથી.એ નોંધનીય છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી બંનેએ તાજેતરના મહિનાઓમાં રમાયેલી વનડે શ્રેણીમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ૨૦૨ રન બનાવ્યા, જેમાં એક સદી અને એક અડધી સદીનો સમાવેશ થાય છે. શ્રેણીમાં તેણે સરેરાશ ૧૦૧ રન બનાવ્યા અને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મેળવ્યો. આ દરમિયાન, વિરાટ કોહલીને ઓસ્ટ્રેલિયા પ્રવાસની શરૂઆતમાં સતત બે રનનો સામનો કરવો પડ્યો, પરંતુ સિડનીમાં અડધી સદી સાથે તેણે જોરદાર વાપસી કરી. આ પછી, દક્ષિણ આફ્રિકા સામેની ઘરઆંગણેની શ્રેણીમાં, વિરાટે ત્રણ મેચમાં ૩૦૨ રન બનાવ્યા, જેમાં બે સદીનો સમાવેશ થાય છે.

# આ વખતનો ટી ૨૦ વર્લ્ડ કપ બે દિગ્ગજ ખેલાડી વગર યોજાશે

નવીદિલ્હી,

આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ઘણી રીતે ખાસ બનવાનો છે, પરંતુ આ વખતે ટુર્નામેન્ટ બે નામો વિના યોજાશે જેમણે વર્ષોથી પોતાની હાજરીથી આ ઈવેન્ટને ખાસ બનાવી છે. આ પહેલી વાર બનશે જ્યારે ટી ૨૦ વર્લ્ડ કપ બે એશિયન દિગ્ગજો વિના રમાશે. આ ખેલાડીઓમાંથી એક ભારતનો છે, જ્યારે બીજો બાંગ્લાદેશનો છે.

હકીકતમાં, ૨૦૨૬નો ટી ૨૦ વર્લ્ડ કપ રોહિત શર્મા અને શાકિબ અલ હસન બંને વિના રમાશે. આ પહેલી વાર બનશે જ્યારે બંને ખેલાડીઓ ટી ૨૦ વર્લ્ડ કપનો ભાગ નહીં હોય. રોહિત અને શાકિબ બંને ૯-૯ ટી ૨૦ વર્લ્ડ કપમાં રમવાનો રેકોર્ડ ધરાવે છે. આ બંને કરતાં વધુ ટી ૨૦ વર્લ્ડ કપ કોઈ અન્ય ખેલાડી રમ્યો નથી.

૨૦૦૭ માં ટી ૨૦ વર્લ્ડ કપ શરૂ થયો ત્યારથી, રોહિત શર્મા અને શાકિબ અલ હસન ટી ૨૦ વર્લ્ડ કપના દરેક આવૃત્તિમાં વારંવાર મેદાન પર દેખાયા છે. ભારતના રોહિત શર્મા અને બાંગ્લાદેશના શાકિબ અલ હસન ટુર્નામેન્ટના કાયમી ચહેરા રહ્યા છે, તેમની હાજરી દરેક પેઢીના ક્રિકેટ ચાહકોને મોહિત કરે છે.

ટી ૨૦ વર્લ્ડ કપના ઈતિહાસ પર નજર કરીએ તો, બંને ખેલાડીઓ બધી આવૃત્તિઓમાં રમ્યા છે: ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૬, ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૪. જોકે, ૨૦૨૬ ની આવૃત્તિ પહેલીવાર આ પરંપરા તોડશે. જ્યારે રોહિત શર્મા હવે ટી ૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે, ત્યારે શાકિબ અલ હસને પણ સપ્ટેમ્બર ૨૦૨૪ માં નિવૃત્તિની જાહેરાત કરી છે. આમ, આ ટુર્નામેન્ટને એક નવા યુગની શરૂઆત તરીકે જોવામાં આવી રહી છે.

નોંધનીય છે કે બંને ખેલાડીઓએ ૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં ઘણી યાદગાર ઈનિંગ્સ રમી છે. રોહિતની વિસ્ફોટક બેટિંગ અને શાકિબનું ઓલરાઉન્ડ પ્રદર્શન આ ટુર્નામેન્ટની ખાસિયત રહી છે. હવે જ્યારે ૨૦૨૬નો ટી ૨૦ વર્લ્ડ કપ આ દિગ્ગજો વિના રમાશે, ત્યારે એ જોવાનું રસપ્રદ રહેશે કે કયા નવા સ્ટાર્સ આ ખાલી જગ્યા ભરે છે અને ઈતિહાસ બનાવે છે.

ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમવાનો રેકોર્ડ રોહિત શર્માના નામે છે.

# સંજુ સેમસનના સ્થાને ઈશાન કિશન વિકેટકીપર-બેટ્સમેન અને ઓપનર તરીકે ફિલ્ડિંગ કરે તેવી સંભાવના




નવીદિલ્હી,

સંજુ સેમસન હાલમાં સમાચારમાં છે. ટીમ ઈન્ડિયા ન્યૂઝીલેન્ડ સામે શ્રેણી જીત્યા પછી આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ માટે તૈયારી કરી રહી છે, પરંતુ ધ્યાન સંજુ સેમસન પર છે. આનું કારણ એ છે કે તે ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીમાં મોટો ફ્લોપ રહ્યો હતો. આવી સ્થિતિમાં, હવે સવાલો ઉભા થયા છે કે સંજુને ટી ૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવશે કે પછી તેને બહાર બેસવું પડશે.

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપવાળી ટીમ ઈન્ડિયા ૭ ફેબ્રુઆરીએ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પોતાનો પહેલો મેચ રમશે. આ મેચ ૪ ફેબ્રુઆરીએ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે યુએસએ સામે રમાશે. આ મેચ માટે ટીમ ઈન્ડિયાની મોટાભાગની પ્લેઈંગ ઈલેવનનો નિર્ણય ૪ ફેબ્રુઆરીએ લેવામાં આવશે. ભારતીય ટીમ વર્લ્ડ કપ પહેલા ૪ ફેબ્રુઆરીએ દક્ષિણ આફ્રિકા સામે પોતાનો વોર્મ-અપ મેચ રમશે. જ્યારે આ મેચનું બહુ મહત્વ નથી, પરંતુ તૈયારીની દ્રષ્ટિએ તે મહત્વપૂર્ણ રહેશે. આ મેચમાં સૂર્યકુમાર યાદવ કયા ખેલાડીઓને મેદાનમાં ઉતારે છે તે જોવું રસપ્રદ રહેશે.તમને યાદ હશે કે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ટી૨૦ શ્રેણીની અંતિમ મેચ દરમિયાન, સંજુ સેમસન ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં વિકેટકીપર-બેટ્સમેન તરીકે રમી રહ્યો હતો. જોકે, જ્યારે ભારત બીજી ઈનિંગમાં ફિલ્ડિંગ કરવા આવ્યું ત્યારે ગ્લોવ્સ ઈશાન કિશનને આપવામાં આવ્યા હતા, અને સંજુ ફિલ્ડિંગ કરતો જોવા મળ્યો હતો. આનાથી એવી અટકળો શરૂ થઈ હતી કે સંજુને ડ્રોપ કરવામાં આવશે અને ઈશાન કિશન વિકેટકીપર-બેટ્સમેન અને ઓપનર તરીકે ફિલ્ડિંગ કરશે.ભારત વિરુદ્ધ ન્યુઝીલેન્ડ ટી૨૦ શ્રેણી દરમિયાન, ઈશાન કિશને ફક્ત ચાર મેચ રમી અને ૨૧૫ રન બનાવ્યા. તેણે ન્યુઝીલેન્ડના બોલરોને ૨૩૧.૧૮ ના સ્ટ્રાઈક રેટથી હરાવ્યા. તે તે શ્રેણીમાં સૂર્યકુમાર યાદવ પછી બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો.

# ટી ૨૦ વર્લ્ડ કપમાં જસપ્રીતથી લઈને દિલપ્રીત સુધીના ભારતીય મૂળના ખેલાડીઓ વિદેશી ટીમો તરફથી રમતા જોવા મળશે




નવીદિલ્હી,


ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે. ટુર્નામેન્ટની ૨૦ ટીમો એવા ભારતીયોથી ભરેલી છે જેમનું સ્વપ્ન ટીમ બ્લુ જર્સીમાં ભારત માટે ક્રિકેટ રમવાનું હતું. પરંતુ તે આગામી ટી ૨૦ વર્લ્ડ કપમાં વિદેશી ટીમો તરફથી રમતા જોવા મળશે. ભારતીય મૂળના લગભગ ૪૦ ખેલાડીઓ વિવિધ રંગોની જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે. આ વર્લ્ડ કપ માટે કેનેડાની ટીમમાં સૌથી વધુ ભારતીય મૂળના ખેલાડીઓ છે, ૧૧. કેનેડા પછી, યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતીય મૂળના ખેલાડીઓની સંખ્યા બીજા ક્રમે છે, જેમાં ભારતીય મૂળના નવ ખેલાડીઓ છે. ઓમાન અને યુએઈ દરેકમાં ભારતીય મૂળના સાત ખેલાડીઓ છે. ન્યુઝીલેન્ડમાં બે ખેલાડીઓ છે અને દક્ષિણ આફ્રિકામાં ભારતીય મૂળનો એક ખેલાડી છે. આ દરમિયાન, અમે તમને કેટલાક ભારતીય મૂળના ખેલાડીઓ વિશે જણાવીશું જે આ ટુર્નામેન્ટ દરમિયાન દરેકની નજરમાં રહેશે.

યુનાઈટેડ સ્ટેટ્સના સૌરભ નેત્રાવલકરે ૨૦૨૪ના ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાની શાનદાર બોલિંગથી હેડલાઈન્સમાં સ્થાન મેળવ્યું હતું. આ ડાબોડી ફાસ્ટ બોલરે ગયા વર્લ્ડ કપમાં પોતાની બોલિંગથી બધાને પ્રભાવિત કર્યા હતા. નેત્રાવલકરે વ્યવસાયે સોફ્ટવેર પ્રોફેશનલ છે.

ઈટાલીની ટીમ પણ આ વર્લ્ડ કપમાં રમશે. તેમના એક ખેલાડી, જસપ્રીત સિંહ, ભારતીય મૂળનો છે. ઈટાલીએ પહેલીવાર વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું છે. જસપ્રીતનો જન્મ ઈટાલીના ટી ૨૦ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જસપ્રીતનો જન્મ પંજાબના ફગવાડામાં થયો હતો. જસપ્રીતે એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તે ખૂબ જ નાની ઉંમરે ઈટાલી ગયો હતો અને હવે અહીં ઘરે જેવો અનુભવ કરે છે. યુએસએ ટીમના ૩૨ વર્ષીય કેપ્ટન મોનંક પટેલ ગુજરાત માટે અંડર-૧૯ ક્રિકેટ રમ્યા હતા. જોકે, તેમને સિનિયર સ્તરે રમવાની તક મળી ન હતી.

# ચિરંજીવીની પુત્રવધૂ લાવણ્યા લિંગ પૂર્વગ્રહ વિવાદને લગતા વિવાદ પર તેમના સમર્થનમાં આવી





મુંબઈ,

સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ આરોપ લગાવ્યો હતો કે ચિરંજીવી તેમના પૌત્રો કરતાં છોકરાઓને પ્રાથમિકતા આપે છે. ચિરંજીવીની પુત્રવધૂ અને અભિનેત્રી લાવણ્યા ત્રિપાઠીએ હવે તેલુગુ સુપરસ્ટારને ટેકો આપ્યો છે. સોશિયલ મીડિયા પરના વિરોધ વચ્ચે, લાવણ્યાએ ખુલ્લેઆમ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો અને ચિરંજીવીના પક્ષમાં વાત કરી.

૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રામ ચરણ અને ઉપાસનાએ જોડિયા બાળકો - એક પુત્ર અને એક પુત્રી -નું સ્વાગત કર્યું ત્યારે વિવાદ શરૂ થયો. જન્મ પછી, ચિરંજીવીએ મીડિયા સાથે સારા સમાચાર શેર કરવા માટે હોસ્પિટલમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી.દરમિયાન, ચિરંજીવીએ એક જૂનું નિવેદન ફરી ઉજાગર કર્યું. તેમણે કહ્યું હતું કે તેમને ડર છે કે રામ ચરણને બીજી પુત્રી હોઈ શકે છે. આનાથી લિંગ ભેદભાવ અંગે સોશિયલ મીડિયા પર નવી ચર્ચા શરૂ થઈ.આ પછી, એક પોસ્ટમાં ચિરંજીવીને પુત્ર પસંદ કરવા બદલ નિશાન બનાવવામાં આવ્યું. આ વિશે એક પોસ્ટમાં લખ્યું હતું કે, "૨૦૨૬ માં દીકરા પ્રત્યેનો આ જુસ્સો જોઈને ખૂબ જ નિરાશા થઈ. જ્યારે ક્લિન કારા (રામ ચરણ અને ઉપાસનાની પહેલી પુત્રી)નો જન્મ થયો, ત્યારે તેનું આટલી ભવ્યતાથી સ્વાગત કરવામાં આવ્યું ન હતું.

# નિર્માતાઓએ 'કલ્કી ૨' માટે દીપિકા પાદુકોણનો વિકલ્પ શોધી કાઢ્યો



મુંબઈ,

નાગ અશ્વિનની 'કલ્કી ૨૮૯૮ એડી', જે ૨૦૨૪ માં રિલીઝ થઈ હતી, તે બોક્સ ઓફિસ પર ખૂબ જ સફળ રહી હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર આશરે ૧,૧૮૦ કરોડની કમાણી કરી હતી. પ્રભાસ, દીપિકા પાદુકોણ અને અમિતાભ બચ્ચન અભિનીત આ ફિલ્મે હવે સિક્વલ પર કામ શરૂ કરી દીધું છે, પરંતુ થોડા મહિના પહેલા, નિર્માતાઓએ જાહેરાત કરી હતી કે દીપિકા હવે આ ફિલ્મનો ભાગ નથી. હવે, કલ્કી સિક્વલ અંગે એક નવું અપડેટ સામે આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે નિર્માતાઓએ 'કલ્કી ૨' માટે દીપિકા પાદુકોણનો વિકલ્પ શોધી કાઢ્યો છે. નિર્માતાઓએ સુમતિનું પાત્ર ભજવવા માટે એક અગ્રણી દક્ષિણ ભારતીય અભિનેત્રીની પસંદગી કરી છે.

અહેવાલ મુજબ, નિર્માતાઓ કલ્કી ૨ માં 'રામાયણ' ફેમ સાઈ પલ્લવી સાથે દીપિકા પાદુકોણને બદલવાનું વિચારી રહ્યા છે, જોકે હજુ સુધી કંઈ નક્કી થયું નથી. જોકે, એવું કહેવામાં આવી રહ્યું છે કે સાઈ પલ્લવી હવે 'કલ્કી ૨૮૯૮ એડી' માં દીપિકાના પાત્ર, સુમતિની વાર્તાને આગળ ધપાવતી જોવા મળશે અને નિર્માતાઓ માને છે કે તે આ ભૂમિકા માટે યોગ્ય છે. જોકે, ફિલ્મના નિર્માતાઓએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

એ નોંધવું જોઈએ કે દીપિકા પાદુકોણ અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૫ માં સંદીપ રેડ્ડી વાંગાની 'સ્પિરિટ' ફિલ્મ છોડી ચૂકી હતી. તે આ ફિલ્મમાં પ્રભાસ સાથે કામ કરવાની હતી, પરંતુ દિગ્દર્શક સાથેના મતભેદને કારણે, તેણીએ ફિલ્મ છોડી દીધી હતી અને તેના સ્થાને તૃપ્તિ ડિમરી આવી હતી. ત્યારબાદ, 'કલ્કી ૨૮૯૮ એડી' ની સિક્વલમાંથી તેણીના બહાર નીકળવાના અહેવાલો સામે આવ્યા હતા, જેની નિર્માતાઓએ પણ પુષ્ટિ કરી હતી. વૈજયંતી મૂવીઝે એક પોસ્ટ શેર કરીને દીપિકાના ફિલ્મ છોડી દેવાની પુષ્ટિ કરી હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ક | ક | ત | ચી | ત્રિ | અ | બા | ક | ળ | ર | મ |
| ક | દ | ત્રિ | ર | હિ | વે | ગ | ક | ણે | ર | શિ | દ |
| હા | ધ | ધી | કો | અ | ણી | લા | એ | ઈ | ત | બ | નિ |
| બં | ગ | ર | ધ | ણ | ગ | ર | બા | ઔ | દ | વિ | વે |
| મા | ચા | જ | દુ | કી | બા | ક્ષ | ચી | બો | લા | ભો | દ |
| કી | કા | એ | મ | નિ | ગ | કુ | પ્ર | ડી | દુ | મો | ન |
| ન | ર | કે | સ | રી | યા | શ | ધ | મા | ગી | વિ | રા |
| આ | ભો | હિ | મા | વ | પ્ર | ન | કા | કા | સ | જી | ધા |
| બં | સ | બા | ઈ | ક્રો | લી | ક | સા | ઈ | મા | મ | ઈ |
| ર | ર | ભો | ધ | વ | મા | લ | ર | કા | સ | ડો | લી |
| ધો | ર | ણ | મા | દ | ફ | ત | રો | ણ | મા | ક | લ |
| જી | પ્રા | ધ | જી | ક | બૂ | ભો | કા | આ | ર | લા | સ |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# આપ સાંસદ સંજય સિંહની પુત્રી હવે ફિલ્મમાં રોમાંસનો ઉમેરો કરશે



મુંબઈ,

આમ આદમી પાર્ટી (આપ) ના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય સિંહ હંમેશા પોતાના નિવેદનો માટે ચર્ચામાં રહે છે. સંજય સિંહનો પરિવાર લાઈમલાઈટ અને હેડલાઈન્સથી દૂર રહે છે, પરંતુ જ્યારે સંજય જેલમાં ગયો, ત્યારે તેમની પત્ની અને પુત્રી આગળ આવીને તેમની સાથે ઉભા રહ્યા. પિતાના જેલમાંથી મુક્ત થયા પછી પણ પુત્રીની ખૂબ ચર્ચા થઈ. સંજય સિંહની પુત્રીનું નામ ઈશિતા સિંહ છે, અને ઈશિતાએ રાજકારણથી દૂર પોતાની દુનિયામાં પોતાને સ્થાપિત કરી લીધા છે. ઈશિતા વ્યવસાયે અભિનેત્રી છે અને બોલીવુડમાં પણ પોતાને સ્થાપિત કરી છે. તેણી ઘણી ફિલ્મોમાં પણ દેખાઈ છે, અને હવે એક નવી ફિલ્મ રિલીઝ માટે તૈયાર છે, જેમાં તે મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળશે.

સંજય સિંહ અને તેમનો પરિવાર રાજકીય વર્તુળોમાં જાણીતા નામ છે, પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે તેમની પુત્રી ઈશિતા સિંહનો પણ બોલીવુડ સાથે ઊંડો સંબંધ છે. સંજય સિંહ રાજકારણમાં સક્રિય છે, તો ઈશિતાએ ફિલ્મ ઉદ્યોગમાં પણ પોતાની એક અલગ ઓળખ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ઈશિતા સિંહે અનુભવ સિંહા દ્વારા દિગ્દર્શિત ફિલ્મ "મુલ્ક" માં કામ કર્યું હતું. આ ફિલ્મમાં તેણીએ પીઢ અભિનેતા ઋષિ કપૂર અને અભિનેત્રી તાપસી પન્નુ સાથે સ્ક્રીન શેર કરી હતી.

# અમેરિકા સાથે ટ્રેડ ડીલથી 'આત્મનિર્ભર ભારત' મેક ઈન ઈન્ડિયાને વેગ મળશે: જગદીશભાઈ વિશ્વકર્મા

**આ કરારમાં ભારતની અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા સંવેદનશીલ ક્ષેત્રો કૃષિ અને ડેરીને સુરક્ષિત રાખવામાં આવ્યા છે જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દેશના ખેડૂતો અને ગામડાના નાગરિકોના હિતને સાચવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે :: શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**



રાજકોટ

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ઐતિહાસિક ભારત—અમેરિકા ટ્રેડ ડીલ માટે વૈશ્વિક નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે, આ કરાર ભારત અને અમેરિકાના સંબંધો માટે મહત્વપૂર્ણ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નિર્ણયાત્મક નેતૃત્વ હેઠળ ભારત વૈશ્વિક મંચ પર તેની આર્થિક શક્તિ સાથે વધુ મજબૂત બનીને ઉભરી રહ્યું છે. આ ડીલથી 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા' અભિગમને વેગ મળશે, જેની સકારાત્મક અસર દૂરગામી હશે.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, આ ટ્રેડ ડીલથી દરેક ભારતીય માટે નવા અવસરોના દ્વાર ખુલશે. આપણી અર્થવ્યવસ્થાને વધુ ગતિ આપનાર આ ડીલ માત્ર રોજગાર વધારશે એટલું જ નહીં પરંતુ ૨૦૪૭ સુધી દરેક ક્ષેત્રમાં ભારતને અગ્રણી બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ ટ્રેડ ડીલથી સ્જીસ્ઈ, એન્જિનિયરિંગ, ટેક્સટાઈલ અને મરીન ક્ષેત્ર સહિત તમામ સેક્ટરને મહત્વપૂર્ણ લાભ થશે. આ ડીલથી 'મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' અને 'ડિઝાઈનડ ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' મંત્ર સાચા અર્થમાં સાકાર થશે. આપણે ગર્વથી કહી શકીએ છીએ કે આ એક લેન્ડમાર્ક ડીલ છે.

તેઓએ વધુમાં કહ્યું કે, આ ડીલ દ્વારા અમેરિકા દ્વારા ભારતીય ઉત્પાદનો માટે ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, જેના કારણે ભારતીય નિકાસને વેગ મળવાની અપેક્ષા છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કૃષિ અને ડેરી સેક્ટરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે અને આ કરારમાં ભારતની અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા સંવેદનશીલ ક્ષેત્રો કૃષિ અને ડેરીને સુરક્ષિત રાખવામાં આવ્યા છે. વિશ્વ ભારતની આશાવાદથી આગળ વધી રહ્યું છે. ભારતની આજની પ્રગતિ આર્થિક બાબતમાં વિશ્વ સ્તરે મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જે 'મેક ઈન ઈન્ડિયા' ના વધતા વૈશ્વિક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

# રાજકોટમાં જાહેરખબર એજન્સી સિમ્પલ એડ.નો ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ

**વ્યવસાયની સાથોસાથ અનેક પ્રકારની સામાજીક અને સેવાકીય પ્રવૃતિઓ**





રાજકોટ,

કહેવાય છે કે વર્ષો વિતી જાય છે એક આગવી ઓળખ ઉભી કરતા. સૌરાષ્ટ્ર ની અનેક પ્રોડકટસ/સર્વિસીસને ટુંક સમયમાં બ્રાન્ડ બનાવવામાં એક અનોખો પ્રયાસ કરવામાં માહીર રાજકોટની નામાંકીત જાહેરખબર એજન્સી સિમ્પ્લ એડ. એન્ડ કોમ્યુનીકેશન ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે.

૩૨ વર્ષની તનતોડ મહેનત, વિશ્વાસ અને પ્રેમના અનોખા સંગમથી ગુજરાતના જાહેરખબર જગતમાં સિમ્પકલ એડ. અગ્રીમ સ્થાપન ધરાવે છે. એક આગવી ઓળખ ઉભી કરેલ છે.૪ ફેબ્રુઆરી ૧૯૯૪માં સરદારનગર રોડ ઉપર નાનકડી ઓફીસમાં એડવર્ટાઈઝીંગ ક્ષેત્રે પદાર્પણ કરી આજે સિમ્પુલ એડ. વટવળક્ષ બન્યુંપ છે. ભરતભાઈ રસીકભાઇ જોષી અને રાજુભાઈ નોંધાભાઈ જુંજાએ નફાના ધોરણને કયારેય પ્રાધાન્ય ન આપી ગ્રાહકોને વધુમાં વધુ લાભ આપી તેની સાથે એક ગ્રાહક અને વેપારી તરીકેનો નહીં પરંતુ મિત્રતાનો સેતુ બાંધીને પારિવારીક વાતાવરણ ઉભુ કર્યુ તેનાથી આજે સિમ્પેલ એડ. બહોળો મિત્રવર્તુળ વર્ગ ધરાવે છે. સિમ્પલ એડ. એ માત્ર કમાણીનું માધ્યમ નહીં પરંતુ સેવા ક્ષેત્રે પણ એટલું જ પદાર્પણ છે.

પરીવર્તન અને સમયની માંગ છે સમયની સાથે તાલ મીલાવા સિમ્પલ એડ. ડીઝીટલ ક્ષેત્રે પણ પદાર્પણ કર્યું છે. આંગળીના ટેળવે વ્યવસાયનો વ્યાપ વધારવા પ્રયાસ થઈ રહયો છે. ગ્રાહકોને તેના પૈસાનું પુરૂ વળતર મળે તે હેતુથી ફેસબુક, ઈન્ટાગ્રામ, વ્હોટસએપ, ગુગલ એડ, યુ-ટયુબ સહીતના તમામ સોશ્યલ મીડીયા સાઈટ પર તમામ પ્રકારની ડીજીટલ એડવર્ટાઈઝીંગ સર્વિસ પૂરી પાડી રહયા છીએ. ડીજીટલ યુગમાં અમારી આ ડીજીટલ સર્વિસને ગ્રાહકોનો સંપૂર્ણ સહકાર મળી રહ્યો છે.

ત્રણ દાયકાની તમામ પ્રેસ મીડીયા તરફથી જે પ્રેમ અને હુંફ મળી છે તે અવિસ્મરણીય છે. મીડીયાએ બિઝનેશની સાથોસાથ સિમ્પલ એડ.ની સામાજીક અસ્મિતાને પણ ટોચ પર પહોંચાડવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ભરતભાઈ જોષી (મો. ૯૮૨૫૨૮૬૫૬૦) અને રાજુભાઈ જુંજા (મો. ૯૮૯૮૧૦૨૪૭૨) દ્વારા વ્યવસાયની સાથોસાથ અનેક પ્રકારની સામાજીક અને સેવાકીય પ્રવતિઓ પણ કરવામાં આવે છે. જેમાં સાંધાના દુઃખાવાના આયુર્વેદિક તેલનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે આ તેલથી દર વર્ષે ૬૦૦૦ થી વધુ લોકો દુઃખાવામાં રાહત મેળવે છે. આ ઉપરાંત સમુહલગ્ન, રકતદાન કેમ્પ, આરોગ્ય સેવા કેમ્પ૪ જેવી વિવિધ સેવાકિય પ્રવળતિના કારણે બન્નેએ સમાજ જીવનમાં અદકેરૂ સ્થાન હાંસલ કર્યુ છે. સિમ્પલ એડ.ની સફળ સફર યાત્રાના સંગાથી એવા લલીતભાઈ શાહ (માસા), બિપીન રાઠોડ, હાર્દિક જોશી, કરણ જુંજા, રોનક વાગડિયા વગેરેનું પણ અનન્ય યોગદાન રહયું છે.

# રાજકોટની શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી ખાતે ગીરના વન્યજીવોના ફોટાનું પ્રદર્શન યોજાયું



રાજકોટ,

રાજકોટ શહેરના રેસકોર્સ સ્થિત ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી ખાતે ગીરની પ્રકૃતિ, પર્યાવરણ અને વન્યજીવોની દુર્લભ ક્ષણોને કંડારતું એક વિશિષ્ટ ફોટો પ્રદર્શન યોજાયું હતું. મૂળ ધારીના વતની અને નિવૃત્ત શિક્ષક એવા અદભુત તસવીરકાર અજીતભાઈ ભટ્ટ દ્વારા ગીરના જંગલોમાં પરિભ્રમણ કરીને કેમેરામાં કેદ કરવામાં આવેલી તસવીરોએ રાજકોટવાસીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

ગત રવિવાર, ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ગુજરાત ટુરિઝમના પૂર્વ ડાયરેક્ટર અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ રાજુભાઈ ધ્રુવ દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે આકાશવાણી રાજકોટના ઓજસ મકોડી, લોક વિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર ડો. રમેશ ભાયાણી, ડો. વી.ડી. બાલા, ભરતભાઈ સુરેજા, કિશોરભાઈ કોટેચા, પ્રફુલભાઈ જોશી, કિરીટભાઈ શુકલ, ઉમેશભાઈ અને કમલેશભાઈ ભટ્ટ સહિતના કલા અને પર્યાવરણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શનમાં એશિયાઈ સિંહના વિવિધ અંદાજ ઉપરાંત તૃણાહારી પ્રાણીઓ, રંગબેરંગી પક્ષીઓ અને અનેક પ્રકારના પતંગિયાઓની એવી તસવીરો રજૂ કરવામાં આવી હતી જે ગીરના જંગલમાં રૂબરૂ જવા છતાં પણ જોવા મળવી મુશ્કેલ હોય છે.

અજીતભાઈની છાયા-પ્રકાશના સંયોજન અને વન્ય જીવોની વર્તણૂકને સમજવાની એકાગ્રતા દરેક તસવીરમાં ઝળકતી હતી. આજના યુવાનો ને પર્યાવરણ અને વન્ય સંસ્કૃતિ ને સમજાવવાનો એક પ્રયાસ આજે સેલ્ફી અને રિલ બનાવવાના ચક્કર માં આપણી વન્ય પ્રાણીઓ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ભૂલી ગયા છીએ ત્યારે એક આ પ્રયાસ વાઈલ્ડ લાઈફ ને વધુ પ્રોત્સાહિત કરવાનું આ કાર્ય ફોટોગ્રાફી પ્રદશન મારફત લોકો સુધી જાગૃતિ સ્વરૂપે પહોંચે એવા ઉદ્દેશ્ય સાથે કલા ને પણ આગળ વધારવા નો એક પ્રયાસ.

# સૌરાષ્ટ્ર યુનિનો મધ્યપ્રદેશની આર.એસ.એસ. યુનિને હરાવી સેમી ફાઈનલમાં પ્રવેશ



રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આયોજિત વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ.ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિ.ની ટીમે સિંધવાડા (મધ્યપ્રદેશ)ની આર.એસ.એસ. યુનિને ૧૩૮ રને હરાવી સેમી ફાઈનલમાં પ્રવેશ કરી દીધો છે.

સૌરાષ્ટ્ર યુનિના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આજે સૌરાષ્ટ્ર યુનિ અને ક્વાર્ટર ફાઇનલમાં મેચમાં આરએસએસ યુનિવર્સિટી સામે ટોસ જીતી સૌરાષ્ટ્રયુનિની ટીમે બેટિંગ કરી અને ચાર વિકેટના નુકસાને ૨૪૯ રનનો વિશાળ સ્કોર ઉભો કર્યો. આ મેચમાં લક્કીરાજ વાઘેલા અને કેરવ રાવલે શાનદાર બેટિંગ કરી હતી અને કેરવે ૪૪ બોલમાં ૬૩ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી જયારે લક્કીરાજે ફક્ત ૧૫ બોલમાં ૭૩ રન ફટકાર્યા હતાં.

૨૫૦ રનના લક્ષ્ય સામે આરએસએસ યુનિવર્સિટીનો ટીમ માત્ર ૧૦૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી આદિત્યસિંહ રાઠોડે શાનદાર બોલિંગ કરી ચાર વિકેટ મેળવી મેચનો પલ્લુ સંપૂર્ણપણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તરફેણમાં વાળી દીધુ હતું.ટુર્નામેન્ટ શ્રેષ્ઠ પ્રદર્શન બદલ મેન ઓફ ધ મેચ ટ્રોફી કેરવ રાવલને આપવામાં આવી હતી.કાલે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સેમિફાઈનલમાં ટકરાશે.

ટીમના કોચ આસિફભાઈ અને મેનેજર સંજયકુમાર ખાણીયાએ ટીમને ઉત્તમ સંતુલન સાથે તૈયાર કરી ખેલાડીઓમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન બહાર લાવ્યું હતું.

વેસ્ટ ઝોન ક્રિકેટ સ્પર્ધાની શરૂઆતથી જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આ વિજયથી સમગ્ર સ્પર્ધામાં ટીમનું આત્મવિશ્વાસ અને ઉત્સાહ નોંધપાત્ર રીતે વધ્યો છે.કાલે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સેમી ફાઇનલ મુકાબલો રમશે.

આ વિજય બદલ યુનિના ખેલાડીઓને કુલપતિ ડો ઉત્પલ જોશી અને રજીસ્ટર તેમજ ઇન્ચાર્જ શારીરિક શિક્ષણ ડો.હરીશ રાબા એ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

# રાજકોટના ઈએનટી સર્જન ડૉ. હિમાંશુ ઠક્કરના LIBF એક્સ્પો-૨૦૨૬માં આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત

**તબીબી ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સેવાઓ અને જટિલ સર્જરીઓ માટે મુંબઈ ખાતે રઘુવંશી સમાજની માતૃ સંસ્થા દ્વારા વિશેષ સન્માન**



રાજકોટ

રાજકોટના જાણીતા ઈએનટી સર્જન ડો. હિમાંશુ જગદીશચંદ્ર ઠક્કરને લોહાણા મહાપરિષદ દ્વારા આયોજિત બિઝનેસ એક્સ્પો-૨૦૨૬' દરમિયાન પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. મુંબઈના જિયો વર્લ્ડ કધવેન્શન સેન્ટર ખાતે ૩૧ જાન્યુઆરીના રોજ યોજાયેલા ભવ્ય સમારંભમાં તબીબી ક્ષેત્રે તેમના બહુમૂલ્ય યોગદાન બદલ આ ગૌરવશાળી સન્માન એનાયત કરવામાં આવ્યું હતું.

ડો. હિમાંશુ ઠક્કરને તબીબી વ્યવસાયમાં તેમની નિષ્ઠા, જીવ બચાવતી અત્યંત જટિલ સર્જરીઓને સફળતાપૂર્વક પાર પાડવાની કુશળતા તેમજ તેમની સેવાકીય પ્રવૃત્તિઓ અને માનવતાવાદી અભિગમ માટે આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ સન્માન લોહાણા મહાપરિષદના પ્રમુખ સતીશભાઈ વિઠ્ઠલાણીના વરદ હસ્તે આપવામાં આવ્યું હતું.

આ આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના ધર્મપત્ની અમૃતા ફડણવીસ તેમજ જામનગરના શ્રી આણદાબાવા સેવા સંસ્થાના મહંત પૂજ્ય દેવપ્રસાદજી મહારાજ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વના ૩૫થી વધુ દેશોમાંથી મોટી સંખ્યામાં રઘુવંશી અગ્રણીઓની હાજરીએ આ કાર્યક્રમને વૈશ્વિક ઓપ આપ્યો હતો. આ પ્રસંગે ગૌરવની લાગણી વ્યક્ત કરતા ડો. હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતુ કે, રઘુવંશીઓની માતૃ સંસ્થા એવી લોહાણા મહાપરિષદ દ્વારા મળેલું આ આંતરરાષ્ટ્રીય સન્માન તેમના માટે અત્યંત ગર્વની વાત છે. આ સિદ્ધિથી સમગ્ર રઘુવંશી સમાજ અને રાજકોટના તબીબી જગતમાં આનંદની લહેર છવાઈ ગઈ છે.

# "વિશ્વ કેન્સર દિવસ" દર્દીની "સંપુર્ણ સારવાર" એટલે શારીરિક, માનસિક અને ભાવનાત્મક દ્રસ્ટીકોણથી સારવાર : ડો. ખ્યાતી વસાવડા



રાજકોટ

"વિશ્વ કેન્સર દિવસ" ૪ ફેબ્રુઆરી, વૈશ્વિક સ્તરે કેન્સર વિશે જાગૃતિ વધારવા માટે ઉજવવામાં આવે છે.તે વિશ્વભરમાં કેન્સરના વધતા કેસો અને ગંભીરતાને પ્રકાશિત કરે છે.આ દિવસ નિવારણ, વહેલી તપાસ અને સમયસર સારવારને પ્રોત્સાહન આપે છે.વહેલું નિદાન રોગની આક્રમકતા અને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરે છે.આ ઉપરાંત કેન્સર વિશેની અફવાઓ,ભય અને કલંકને પણ સંબોધિત કરે છે. તે દરેક માટે કેન્સર સંભાળની સમાન પહોંચને પ્રોત્સાહન આપે છે.આ દિવસ વ્યક્તિઓ,સંસ્થાઓ અને આરોગ્ય વ્યવસ્થાઓને વિશ્વભરમાં એક કરે છે.મહત્વની વાત એ છે કે વિશ્વ કેન્સર દિવસ આપણને યાદ અપાવે છે કે કેન્સર તબીબી સમસ્યા સાથે સામાજીક,સાથિક અને ભાવનાત્મક પડકાર છે.

આ વિશ્વ કેન્સર દિવસ નીમીતે રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર ઈન્સ્ટીટ્યુટ)ના મેડીકલ ડાયરેક્ટર અને મોઢા તથા ગળાના કેન્સરના નિષ્ણાંત ડો.ખ્યાતી વસાવડા માહિતી આપેલ હતી કે રાજકોટ કેન્સર સોસાયટી સોરાષ્ટ્ર કચ્છ રિજીયનમાં કેન્સરની સંપુર્ણ સારવાર એકજ હેઠળ પુરી પાડતી હોસ્પિટલ છે.

રાજકોટ કેન્સર સોસાયટી આ વિશ્વ કેન્સર દિવસ નીમીતે વહેલું નિદાન અને તપાસ કરાવવાની હિમાયત કરે છે કારણ કે આ કેન્સરની સારવારમાં સૌથી મોટી સમસ્યા છે તપાસ અને નિદાનમાં સમયનો વિલંબ જેનાથી દર્દીને કેન્સરના રોગમાંથી બહાર લાવવો પડકારરૂપ બને છે. તથા કેન્સરગ્રસ્ત દર્દી અને એમનું પરીવાર આ કેન્સર જેવા ગંભીર બીમારીની કરુણતામાં સ્પડાય છે.

મેડીકલ ડાયરેક્ટર ડો.ખ્યાતી વસાવડાએ અંતમાં જાહેર જનતાએ સંદેશ આપેલ કે જેમ હેલ્થ ચેકઅપ કરાવીએ છીએ તેમ કેન્સર માટે વહેલું ચેકઅપ કરાવો કે જેમાં બ્રેસ્ટ કેન્સર તપાસ માટે મેમોગ્રાફી,ફેફસાના કેન્સર માટે લો-ડોઝ સીટી સ્કેન, ઓરલ કેન્સર તપાસ,પ્રોસ્ટેટ સ્પેસીફિક એન્ટીજન ટેસ્ટ જેવા અન્ય સામાન્ય અને પ્રાથમીક તપાસ ફરજીયાત કરાવવી જોઈએ.જેથી કેન્સરનો ભય છે તેને ઓછો કરી શકાય અને સંભાવના છે કે ૨૦૫૦ સુધીમાં કેન્સરના કેસો ૭૭% વધવાના છે તે આંકડાઓમાં આપણી જાગૃતાના કારણે ઘટાડો કરી શકાય છે.

# રાજકોટના વોર્ડ નં. ૧૪ના ભક્તિનગર સર્કલ વિસ્તારમાં કોંગ્રેસનું જનસંપર્ક અભિયાન



રાજકોટ,

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ''કોંગ્રેસ આપને દ્વાર જનતાની વેદના'' અભિયાન અંતર્ગત રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૪ના ભક્તિનગર સર્કલ વિસ્તારમાં કોંગ્રેસની ટીમ દ્વારા વ્યાપક જનસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યોં હતો. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં જોડાઈ ખુલ્લે આમ પોતાની સમસ્યાઓ, પ્રશ્નો અને અપેક્ષાઓ વ્યક્ત કરી કોંગ્રેસને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો.

જનસંપર્કદરમિયાન લોકોએ વધતી મોંઘવારી, યુવાનોમાં બેરોજગારી, પાણી પુરવઠાની અનિયમિતતા, ખાડાવાળા રસ્તાઓ, ટ્રાફિક સમસ્યા,સામાન્યિ લોકોને ટેક્સ માટે હેરાન કરવા,સ્થાનિક વહીવટની નિષ્ક્રિયતા જેવા ગંભીર મુદ્દાઓ ઉપર અસંતોષ વ્યક્ત કર્યો હતો. નાગરિકોએ જણાવ્યું હતું કે વર્તમાન સત્તાધીશો જનતાની અવાજ સાંભળવામાં નિષ્ફળ રહ્યા છે.

આ તકે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ''જનતા આજે જવાબ માંગે છે અને કોંગ્રેસ તે જવાબ મેળવવા માટે રસ્તા પરથી લઈ તંત્ર સુધી સંઘર્ષ કરશે. ભક્તિનગર સર્કલ સહિત સમગ્ર વોર્ડમાં લોકોનો પ્રતિસાદ સ્પષ્ટ સંદેશ આપે છે કે જનતા હવે બદલાવ ઈચ્છે છે. કોંગ્રેસ જનતાની સાથે છે અને તેમની લડતને લોકશાહી રીતે આગળ વધારશે.આ જનસંપર્ક કાર્યક્રમ દ્વારા કોંગ્રેસ અને જનતા વચ્ચેનો સંવાદ વધુ મજબૂત બન્યો છે. વોર્ડ નં. ૧૪ના ભક્તિનગર સર્કલ વિસ્તારમાં મળેલા ઉત્સાહજનક પ્રતિસાદથી સ્પષ્ટ થાય છે કે લોકો કોંગ્રેસ સાથે ઉભા છે અને પોતાના હક્કો માટે સંગઠિત થવા તૈયાર છે. જનતાની વેદનાને અવાજ આપવા અને જવાબદારી નિભાવવામાં કોંગ્રેસ સતત મેદાનમાં રહેશે.

વોર્ડ નંબર ૧૪ માં જનસંપર્ક દરમિયાન રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા, પ્રદેશ અગ્રણી ડો.હેમાંગ ભાઈ વસાવડા સહિત વોર્ડ પ્રમુખ બિજલભાઈ ચાવડિયા,જયદીપ મિયાત્રા, વૈશાલી શીદે,દીપેન ભાઈ ભગદેવ,મીનાબેન ચૌહાણ, અનીશ ભાઈ જોશી,હિરેનભાઈ ચાવડિયા, પ્રીતેશ ભાઈ ચાવડિયા,પરેશ ભાઈ સોની, જયદીપ સરીખડા, હિરેન ભાઈ ખૂટ, ધર્મેશ ભાઈ કોબરિયા, જયંતી કાકા ડોબરિયા, મુજમિલ ભાઈ બેલીમ, ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મહાનગર પાલિકાની સરકારી પ્રા. શાળાઓમા ફાયર સેફટીની તાલીમ અપાઇ




રાજકોટ, શાળા સલામતી સપ્તાહ અંતર્ગત રાજકોટ મહાનગર પાલિકાની સરકારી પ્રાથમિક શાળાઓમા ફાયર એન્ડ સેફ્ટિ, પ્રાથમિક સારવાર તેમજ ડિઝાસ્ટર મનેજમેન્ટ અંગે દરરોજ પાંચ શાળાઓમા વિધાર્થીઓ અને શિક્ષકોને તાલિમો આપવામા આવી હતી.

રાજકોટ શહેરમા આવેલ સરકારી પ્રાથમીક શાળાઓમા કુલ વિધાર્થીઓ ૨૭૬૭ અને ૧૫૧ શિક્ષકોને પ્રાથમિક સારવાર ફાયર એન્ડ સેફ્ટિ ડેમોસ્ટ્રેશન તથા પૂર, ભૂકંપ, વાવાઝોડુ,ત્સુનામી,આગ જેવી આપત્તિઓ દરમિયાન ધ્યાનમા રાખવાની બાબતો અંગે વિડિયો,પ્રેક્ટિકલ અને ડેમોસ્ટ્રેશન કરી તાલીમો આપવામા આવી હતી.ફાયર એન્ડ ઈમર્જન્સી વિભાગ દ્વારા આગના પ્રાકારો,કઈ આગ લાગે ત્યારે ક્યા એસ્ટીગ્યુશરનો ઉપયોગ કરવો,આગ લાગે ત્યારે કોઈપણ ઈલેક્ટ્રિક સ્વિચ ચાલુ કે બંધ ન કરવી,આગના બનાવ વખતે ધુમાડો હોય છે ત્યારેનિચે જમીન પર જુકીને બહાર નિકળવુ અને રહેણાક બિલ્ડિંગ કે શાળાઓમા ફાયર સિસ્ટમ મુકવામા આવેલ હોય છે તેનો ઉપયોગ કેમ કરવો તેની સમજ આપવામા આવી હતી.ફાયર એસ્ટિગ્યુશરનો ઉપયોગ કઇ રીતે કરવો તેનુ પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન કરવામા આવ્યુ હતુ.

# રાજકોટ જિલ્લા - શહેરી સહકારી બેંકો માટે આવકવેરા અંગે સેમીનાર

રાજકોટ,

શ્રી રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંક લી. ના જનરલ મેનેજરશ્રી વી.એમ. સખીયાની યાદીમાં જણાવ્યાજ મુજબ સૌરાષ્ટ્ર કચ્છની તમામ અર્બન અને જિલ્લા સહકારી બેંકોના સીઈઓ તેમજ ટોપ મેનેજમેન્ટટના અધિકારીઓને આવકવેરા વિભાગ આયોજીત સેમનારમાં માર્ગદર્શન આપેલ.

સેમીનારનો મુખ્યમત્વે હેતુ ઈન્ક મટેક્ષ એકટ-૧૯૬૧ ની કલમ ૨૮૫બીએ, રૂલ્સ ૧૧૪ એફ મુજબ ફોર્મ ૬૦, ૬૧-એ, ૬૧-બી બેંકોને ફરજીયાત ફાઈલીંગ કરવું જરૂરી છે. તે ફોર્મ સબમશીન બાબતે માર્ગદર્શન આપેલ. જો આ ફોર્મ સબમશીન મોડુ અથવા નો-ફાઈલીંગ હોય તો ઈન્કમટેક્ષના કાયદા મુજબ પેનલ્ટીોની જોગવાઈ પણ છે. બેંકોને પેનલ્ટી બચવા માટે ઈન્ક મટેક્ષના વિવિધ કાયદાઓનું પાલન થાય તે હેતુથી ઈન્કામટેક્ષ અને ક્રીમનલ ઈન્કમટેક્ષના અધિકારી શ્રી તપેશ સોની તથા શ્રી દુષ્યંકત એ માર્ગદર્શન આપેલ હતું.

# બંગાળને લક્ષ્ય બનાવીને ફક્ત નામો કાઢી નાખવા માટે એસઆઈઆર લાગુ કરવામાં આવી:મમતા બેનર્જી

## પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી



નવીદિલ્હી,

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા અંગે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી યોજાઈ હતી. સુનાવણી દરમિયાન વકીલોમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી હાજર હતા. આ કેસની સુનાવણી મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે તેમને પશ્ચિમ બંગાળના તેમના બે સાથી ન્યાયાધીશો પાસેથી માહિતી મળી હતી, જેમણે પાસ પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયા સમજાવી હતી, અને આ સમજણના આધારે, આ મુદ્દાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કેસમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ શ્યામ દિવાનએ સમજાવ્યું કે કોર્ટે અગાઉ તાર્કિક વિસંગતતાઓની યાદી પ્રદર્શિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશે ટિપ્પણી કરી કે કોર્ટને જાણ કરવામાં આવી હતી કે યાદી સંદેશાવ્યવહારનું એકમાત્ર માધ્યમ નથી અને સંબંધિત વ્યક્તિઓને વ્યક્તિગત નોટિસ પણ જારી કરવામાં આવી રહી છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચ પશ્ચિમ બંગાળમાં સઆઈઆર મુદ્દાને લગતા કેસોની સુનાવણી કરી રહી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી કોર્ટરૂમમાં હાજર છે અને તેમની રજૂઆતો કરે તેવી અપેક્ષા છે

એડવોકેટ શ્યામ દીવાને કોર્ટને અરજદારની સંક્ષિપ્ત નોંધ પર વિચાર કરવા વિનંતી કરી અને નિર્દેશ કર્યો કે પ્રક્રિયા પૂર્ણ થવામાં માત્ર ચાર દિવસ બાકી છે. તેમણે જણાવ્યું કે ૩.૨ મિલિયન મતદારો સૂચિબદ્ધ નથી, તાર્કિક વિસંગતતાને કારણે ૧૩.૬ મિલિયન નામો સૂચિમાં છે, અને ૬.૩ મિલિયન કેસ હજુ પણ સુનાવણી બાકી છે. તેમણે એ પણ નિર્દેશ કર્યો કે ૮,૩૦૦ માઈક્રો-ઓબ્ઝર્વર્સની નિમણૂક કરવામાં આવી છે, જે બંધારણ હેઠળ કલ્પના કરાયેલી શ્રેણી નથી.

# ઉત્તર જાપાનમાં થયેલી ભારે હિમવર્ષાથીં ૩૫ લોકોના મોત

## ઉત્તર જાપાન છેલ્લા બે અઠવાડિયાથી સતત ભારે હિમવર્ષા : મોટાભાગના મૃત્યુ હાર્ટ એટેક બરફ કાઢતી વખતે લપસી જવાથી થયા

ટોક્યો,

ઉત્તર જાપાનમાં થયેલા ભયંકર હિમવર્ષાથી સમગ્ર શહેરમાં મોતનો માહોલ છવાઈ ગયો છે. ઉત્તર જાપાન છેલ્લા બે અઠવાડિયાથી સતત ભારે હિમવર્ષાનો અનુભવ કરી રહ્યું છે. આ ભારે હિમવર્ષામાં અત્યાર સુધીમાં ૩૫ લોકોના મોત થયા છે. આમાંથી મોટાભાગના મૃત્યુ અચાનક હાર્ટએટેક અથવા બરફ કાઢતી વખતે લપસી જવાથી થયા છે.

જાપાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, બુધવાર સુધીમાં ૧૫ પ્રીફેક્ચર પ્રભાવિત થયા છે, જેમાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં ૨ મીટર (૬.૫ ફૂટ) સુધી બરફ પડ્યો છે. ઉત્તર જાપાનના ચોખા ઉત્પાદક પ્રદેશ નિગાતા પ્રીફેક્ચરમાં સૌથી વધુ ૧૨ લોકોના મોત નોંધાયા છે. ૨૧ જાન્યુઆરીએ ઉઓનુમા શહેરમાં એક ૫૦ વર્ષીય વ્યક્તિનું ઘરની છત પરથી લપસી જવાથી મૃત્યુ થયું હતું. નાગાઓકા શહેરમાં, ૭૦ વર્ષીય એક વ્યક્તિ તેના ઘરની સામે પડેલો મળી આવ્યો હતો અને તેનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. છત પરથી બરફ હટાવતી વખતે તે પડી ગયો હોવાની શંકા છે. નિગાતા ઉપરાંત, અકિતા પ્રીફેક્ચરમાં સાત અને યામાગાતામાં પાંચ લોકોના મોત નોંધાયા છે.

હિમવર્ષાને કારણે દેશભરમાં ભૂસ્ખલન અને લપસણોમાં વધારો થયો છે. અત્યાર સુધીમાં, ૩૯૩ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ૧૨૬ ગંભીર છે, જેમાંથી ૪૨ ઘાયલ નિગાતામાં થયા છે. ચૌદ ઘરોને નુકસાન થયું હતું, જેમાં નિગાતામાં ત્રણ અને આઓમોરીમાં આઠ ઘરોનો સમાવેશ થાય છે. મુખ્ય કેબિનેટ સચિવ મિનોરુ કિહારાએ ચેતવણી આપી હતી કે ગરમીના કારણે બરફ પીગળી જશે, જેના કારણે ભૂસ્ખલન અને લપસણીનું જોખમ વધશે. તેમણે કહ્યું, "સુરક્ષા પર ખાસ ધ્યાન આપો.

# દિલ્હીમાં ફૂડ ડિલિવરી કર્મચારીઓ સાથેના વિવાદ બાદ ઉદ્યોગપતિની માર મારીને હત્યા

## દિલ્હીના સૌથી પોશ અને વ્યસ્ત વિસ્તારોમાં થયેલી હત્યા

નવીદિલ્હી,

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી એક ચોંકાવનારો ગુનો પ્રકાશમાં આવ્યો છે. રાજીવ ચોક (કનોટ પ્લેસ) માં ૩૬ વર્ષીય ઉદ્યોગપતિને માર મારીને હત્યા કરવામાં આવી છે. રાજીવ ચોક, અથવા કનોટ પ્લેસ, રાજધાની દિલ્હીના સૌથી પોશ અને વ્યસ્ત વિસ્તારોમાંનો એક માનવામાં આવે છે. અહીં થયેલી હત્યાએ બધાને ચોંકાવી દીધા છે.

દિલ્હીના રાજીવ ચોકમાં હત્યા કરાયેલા ૩૬ વર્ષીય ઉદ્યોગપતિનું નામ શિવમ ગુપ્તા છે. આ ઘટના ૩ જાન્યુઆરીએ બની હોવાનું કહેવાય છે. અહેવાલો અનુસાર, શિવમ ગુપ્તા પાર્ટી માટે કનોટ પ્લેસ ગયો હતો પરંતુ ફૂડ ડિલિવરી બોય્સ સાથે ઝઘડો થયો. ત્યારબાદ આરોપીએ તેના માથા પર હેલ્મેટ વડે ઘણી વાર માર માર્યો.

ઉદ્યોગપતિ શિવમ ગુપ્તાને શરૂઆતમાં ઘાયલ હાલતમાં એલએનજીપી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, ત્યારબાદ તેને આરએમએલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. લગભગ ૧૭ દિવસ પછી, ૧૯ જાન્યુઆરીએ, શિવમ ગુપ્તાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, શિવમ ૨ જાન્યુઆરીએ એક મિત્ર સાથે કનોટ પ્લેસમાં એક પાર્ટીમાં ગયો હતો. રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળ્યા પછી, તેણે રાજીવ ચોક મેટ્રો સ્ટેશન નજીક કંપનીના પ્રતિનિધિ પાસે પાણી માંગ્યું. બંને વચ્ચે ઝઘડો થયો. કંપનીના પ્રતિનિધિએ તેને હેલ્મેટથી માર્યો, અને તેના બે સાથીઓ (કંપનીના પ્રતિનિધિઓ પણ) એ તેને મુક્કો અને લાત મારી.

# પ્રધાનમંત્રી મોદી ૭-૮ ફેબ્રુઆરીએ મલેશિયાની મુલાકાત લેશે



નવી દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૭ થી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન મલેશિયાની સત્તાવાર મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમના આમંત્રણ પર આ મુલાકાત થઈ રહી છે. આ પીએમ મોદીની મલેશિયાની ત્રીજી મુલાકાત હશે. ઓગસ્ટ ૨૦૨૪ માં ભારત અને મલેશિયાએ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધીના સંબંધોને આગળ વધાર્યા પછી આ તેમની પહેલી મુલાકાત પણ હશે. વિદેશ મંત્રાલયે આ મુલાકાતને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.

તેમના રોકાણ દરમિયાન, પ્રધાનમંત્રી મોદી તેમના મલેશિયન સમકક્ષ સાથે બંને દેશો વચ્ચે સહકાર સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરશે.

પ્રધાનમંત્રી મલેશિયામાં ભારતીય સમુદાયના સભ્યોને પણ મળશે. આ ઉપરાંત, તેઓ ઉદ્યોગના નેતાઓ અને વ્યવસાયિક પ્રતિનિધિઓ સાથે વાતચીત કરશે. વિદેશ મંત્રાલય અનુસાર, મુલાકાત સાથે ૧૦મો ભારત-મલેશિયા સીઈઓ ફોરમ પણ યોજાશે.

ભારત અને મલેશિયા ઈતિહાસ, સભ્યતા અને સંસ્કૃતિમાં મૂળ ધરાવતા ઊંડા અને લાંબા સમયથી ચાલતા સંબંધો ધરાવે છે. મલેશિયામાં રહેતા ભારતીય ડાયસ્પોરા દ્વારા આ સંબંધો વધુ મજબૂત બને છે, જે લગભગ ૨.૯ મિલિયન લોકો ધરાવે છે અને વિશ્વનો ત્રીજો સૌથી મોટો ભારતીય સમુદાય છે.

ભારત-મલેશિયા સંબંધો

સ્ઈઇ એ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચેનો સંબંધ વ્યાપક છે અને સતત વધતો રહે છે. સહયોગના ક્ષેત્રોમાં વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સુરક્ષા, દરિયાઈ સહયોગ, ડિજિટલ અને નાણાકીય ટેકનોલોજી, ઊર્જા, આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ, પર્યટન અને લોકો-થી-લોકોના આદાનપ્રદાનનો સમાવેશ થાય છે.

સ્ઈઇ એ ઉમેર્યું હતું કે આ મુલાકાત બંને નેતાઓને આ તમામ ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરવાની અને પરસ્પર લાભ માટે ભવિષ્યના સહયોગ માટે એક માર્ગ નક્કી કરવાની તક આપશે.

# અમેરિકી સેનાએ અરબી સમુદ્રમાં ઈરાનના દક્ષિણ કિનારા પર ઈરાની ડ્રોનને તોડી પાડ્યું

વોશિંગ્ટન,

અલગ અલગ મીડિયા સુત્રો એ અમેરિકન સૈન્યને ટાંકીને અહેવાલ આપ્યો છે કે યુનાઈટેડ સ્ટેટ્સ નેવીના એક ફાઈટર જેટે અરબી સમુદ્રમાં અમેરિકન વિમાનવાહક જહાજની નજીક આવેલા ઈરાની ડ્રોનને તોડી પાડ્યું છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે આ ઘટના મંગળવારે બની હતી જ્યારે ડ્રોન એરક્રાફ્ટ કેરિયર યુએસએસ અબ્રાહમ લિંકન તરફ આગળ વધ્યું હતું. સૈન્યએ ડ્રોનની ક્રિયાઓને "અસ્પષ્ટ ઈરાદા" સાથે આક્રમક ગણાવી હતી.

ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલા એક નિવેદનમાં, સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે યુએસ દળોએ તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યા પછી પણ ડ્રોન જહાજ તરફ ઉડતું રહ્યું. તે સમયે વાહક જહાજ આંતરરાષ્ટ્રીય પાણીમાં કાર્યરત હતું.

ડ્રોનની ઓળખ શાહેદ-૧૩૯ તરીકે કરવામાં આવી હતી. તેને યુએસએસ અબ્રાહમ લિંકનથી છોડવામાં આવેલા હ્ન-૩૫ઝ ફાઈટર જેટ દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. વિમાનવાહક જહાજ ઈરાનના દક્ષિણ દરિયાકાંઠાથી લગભગ ૫૦૦ માઈલ અથવા ૮૦૦ કિલોમીટર દૂર જઈ રહ્યું હતું.

યુએસ સૈન્યએ જણાવ્યું હતું કે ઘટના દરમિયાન કોઈ અમેરિકન કર્મચારી ઘાયલ થયો નથી અને કોઈ સાધનસામગ્રીને નુકસાન થયું નથી.

આ ડ્રોન શૂટઆઉટ પ્રદેશમાં બીજી અથડામણના થોડા કલાકો પછી જ થયું. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે ઈરાની દળોએ હોર્મુઝ સ્ટ્રેટમાં યુએસ ધ્વજ લહેરાવતા વેપારી જહાજને હેરાન કર્યું હતું.

સૈન્યના જણાવ્યા અનુસાર, બે ઈરાની બોટ અને એક મોહજેર ડ્રોન ખૂબ જ ઝડપે વેપારી જહાજ પાસે પહોંચ્યા.

ઈરાન-અમેરિકા તણાવ અને ખામેનીની ચેતવણી

ઉગ્ર વિરોધ પ્રદર્શનો દરમિયાન નાગરિકોના મૃત્યુ વચ્ચે અમેરિકા ઈરાન વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી પર વિચાર કરી રહ્યું હોવાના સંકેત આપ્યા બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી ગયો છે.

ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીએ ચેતવણી આપી હતી કે અમેરિકા દ્વારા કોઈપણ લશ્કરી કાર્યવાહી સમગ્ર મધ્ય પૂર્વમાં વ્યાપક સંઘર્ષને વેગ આપશે. તેમણે રવિવારે આ ટિપ્પણી કરી હતી કારણ કે તેહરાન અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધો વધુને વધુ તણાવપૂર્ણ રહ્યા છે.

૮૬ વર્ષીય નેતા દ્વારા આપવામાં આવેલી આ ચેતવણી, અત્યાર સુધીનું તેમનું સૌથી મજબૂત નિવેદન છે અને આ ક્ષેત્રમાં યુએસ લશ્કરી હાજરીમાં વધારો થયો છે. એરક્રાફ્ટ કેરિયર યુએસએસ અબ્રાહમ લિંકન, વધારાના અમેરિકન યુદ્ધ જહાજો સાથે, અરબી સમુદ્રમાં તૈનાત કરવામાં આવ્યું છે. રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોના હિંસક દમન બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તૈનાતીને અધિકૃત કરવામાં આવી હતી.

# રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત : યુમનામ ખેમચંદ સિંહે મણિપુરના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

## લોકભવન ખાતે રાજ્યપાલ અજય ભલ્લા દ્વારા શપથ લેવડાવ્યા

ઈમ્ફાલ,

યુમનામ ખેમચંદ સિંહે મણિપુરના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. લોકભવન ખાતે રાજ્યપાલ અજય ભલ્લા દ્વારા શપથ લેવડાવ્યા. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતા સિંહને ગઈકાલે નવી દિલ્હીમાં પાર્ટીના ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. આ બેઠકમાં પાર્ટીના કેન્દ્રીય નિરીક્ષક તરુણ ચુઘ, તેના ઉત્તરપૂર્વ પ્રભારી સંબિત પાત્રા અને ભાજપ પ્રદેશ પ્રમુખ એ શારદા દેવી સહિત ૩૭ ભાજપના ૩૫ ધારાસભ્યો હાજર રહ્યા હતા. અગાઉ, સિંહે રાજયપાલ ભલ્લાને મળીને રાજયમાં સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

કુકી ભાજપના ધારાસભ્ય નેમચા કિપગેને પણ વર્ચ્યુઅલી મણિપુરના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. નાગા પીપલ્સ ફ્રન્ટ (NPF) ના ધારાસભ્ય લોસી દિખોએ પણ મણિપુરના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, જ્યારે ભાજપના ગોવિંદદાસ કોંથોઉજમ અને નેશનલ પીપલ્સ પાર્ટી (NPP) ના કે લોકેન સિંહે મણિપુરના મંત્રી તરીકે શપથ લીધા હતા.

"અમે અમારા નવા ચૂંટાયેલા વિધાનસભા પક્ષના નેતા અને ભાજપ નિરીક્ષક તરુણ ચુઘની હાજરીમાં રાજયપાલને મળ્યા. NDA એ રાજયમાં લોકપ્રિય સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો," રાજ્ય ભાજપ પ્રમુખ એ શારદા દેવીએ જણાવ્યું.

"નવી દિલ્હીથી મારા આગમન પછી, આજે લોકભવન ખાતે માનનીય રાજયપાલ શ્રી અજય કુમાર ભલ્લાજી સમક્ષ, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ, શ્રી તરુણ ચુઘજી અને ભાજપ ઉત્તરપૂર્વ સંયોજક, શ્રી સંબિત પાત્રાજીની ઉપસ્થિતિમાં નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરતાં આનંદ થયો," તેમણે કહ્યું.

"બંધારણના અનુચ્છેદ ૩૫૬ ની કલમ (૨) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, હું, ભારતના રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ, ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ઉપરોક્ત અનુચ્છેદ હેઠળ મારા દ્વારા જારી કરાયેલ ઘોષણાને ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં મુકીને રદ કરું છું," રાષ્ટ્રપતિ દ્વારા જારી કરાયેલા એક જાહેરનામામાં કહેવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ સોમવારે મણિપુરમાં સરકાર બનાવવાની તૈયારીઓ ઔપચારિક રીતે શરૂ કરી દીધી, જેમાં તેના રાષ્ટ્રીય મહાસચિવ, તરુણ ચુઘને આ પ્રક્રિયાની દેખરેખ માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

મણિપુરના ધારાસભ્યો સહિત ભાજપના ઘણા વરિષ્ઠ નેતાઓ પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ સાથે ચર્ચા માટે દિલ્હી ગયા.

# ભારત—ઈયુ ભાગીદારી સ્થિરતાનો આધાર અને વૈશ્વિક કલ્યાણ માટેની શક્તિ : વિદેશ રાજ્યમંત્રી

**નવી દિલ્હીમાં સાઈપ્રસ હાઈ કમિશન દ્વારા યુરોપિયન યુનિયન કાઉન્સિલની અધ્યક્ષતાની શરૂઆતની ઉજવણીમાં વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહનું સંબોધન**





નવી દિલ્હી

ભારતમાં સાઈપ્રસ ગણરાજ્યના હાઈ કમિશને નવી દિલ્હીમાં યુરોપિયન યુનિયન કાઉન્સિલની સાઈપ્રસ અધ્યક્ષતાની શરૂઆત નિમિત્તે ભવ્ય સ્વાગત સમારોહનું આયોજન કર્યું. આ કાર્યક્રમ ઈમ્પિરિયલ હોટલ, જનપથ સ્થિત રોયલ બૉલરૂમમાં યોજાયો હતો, જેમાં વરિષ્ઠ સરકારી અધિકારીઓ, રાજદૂતઓ, નીતિ નિર્માતાઓ અને વિશિષ્ટ મહેમાનો હાજર રહ્યા.

આ અવસરે કેન્દ્રિય વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા, જ્યારે ભારતમાં સાઈપ્રસના હાઈ કમિશનર એવાગોરસ વ્રાયોનિડેસે સ્વાગત ભાષણ આપ્યું.

કાર્યક્રમને સંબોધતા એવાગોરસ વ્રાયોનિડેસે યુરોપિયન યુનિયન કાઉન્સિલની અધ્યક્ષતા સંભાળવા અંગે આનંદ વ્યક્ત કર્યો અને સાઈપ્રસ અધ્યક્ષતાની પ્રાથમિકતાઓ રજૂ કરી. તેમણે જણાવ્યું કે સાઈપ્રસ એક સ્વાયત્ત, મજબૂત અને વૈશ્વિક દૃષ્ટિકોણ ધરાવતા યુરોપિયન યુનિયનના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે, જેમાં આર્થિક વિકાસ, રોજગાર સર્જન, સંરક્ષણ સહયોગ, નવીનતા અને ટ્રાન્સ-એટલાન્ટિક સંબંધોને મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે.

તેમણે ભારત અને સાઈપ્રસ વચ્ચેના ઐતિહાસિક સંબંધો પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે બંને દેશો ગેરજોડાણ આંદોલન સાથે જોડાયેલા રહ્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સાઈપ્રસ નેતૃત્વ વચ્ચેના તાજેતરના સંવાદ બાદ દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ મળી છે. વેપાર, પ્રવાસન, સંરક્ષણ, ટેક્નોલોજી અને લોકો વચ્ચેના સંપર્ક જેવા ક્ષેત્રોમાં સહયોગની વિશાળ સંભાવનાઓ પણ તેમણે દર્શાવી.

આગામી કૂટનીતિક કાર્યક્રમોની માહિતી આપતા તેમણે જણાવ્યું કે આવતા મહિનાઓમાં સાઈપ્રસ તરફથી ભારત માટે અનેક ઉચ્ચસ્તરીય મુલાકાતો યોજાનારી છે. તેમાં એઆઈ સમિટમાં ૩પ મંત્રીની ભાગીદારી, રાઈસીના ડાયલોગ માટે વિદેશ મંત્રીની મુલાકાત અને મે ૨૦૨૬માં સાઈપ્રસના રાષ્ટ્રપતિની ભારત યાત્રાનો સમાવેશ થાય છે.

# ચીન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સને પાછળ છોડીને ભારત જવાબદાર રાષ્ટ્રોની યાદીમાં આગળ

## વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ ફાઉન્ડેશન અનુસાર, સિંગાપોર સૌથી જવાબદાર દેશ

નવીદિલ્હી,

વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ ફાઉન્ડેશન (ડબ્લ્યુઆઈએફ) એ ૨૦૨૬ માટે જવાબદાર રાષ્ટ્રોની યાદી જાહેર કરી છે, પરંતુ આશ્ચર્યજનક રીતે, ચીન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ ટોચના ૧૦ માં નથી. ભારત પણ આ યાદીમાં ટોચના ૧૦ માં નથી.

આ યાદી વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ ફાઉન્ડેશન દ્વારા ૧૯ જાન્યુઆરીએ પ્રકાશિત કરવામાં આવી હતી. સિંગાપોર યાદીમાં ટોચ પર છે. વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ ફાઉન્ડેશન અનુસાર, સિંગાપોર સૌથી જવાબદાર દેશ છે. સ્વિટ્ઝર્લેન્ડ અને ડેનમાર્ક આ યાદીમાં અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.

ભારત આ યાદીમાં ૦.૫૫૧૫ ના સ્કોર સાથે ૧૬મા ક્રમે છે. ભારત ટોચના ૧૦ માં નથી, છતાં તે ચીન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સને પાછળ છોડી દે છે. આ યાદી તૈયાર કરવા માટે કુલ ૧૫૪ દેશોનો સર્વે કરવામાં આવ્યો હતો. ભારત માટે આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે કે તેને ચીન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ કરતા વધુ જવાબદાર દેશ માનવામાં આવ્યો.

આ યાદી પ્રામાણિક અને સુશાસન, સામાજિક સુખાકારી, પર્યાવરણ અને વિશ્વ પ્રત્યેની જવાબદારીનું માપન કરે છે. આ યાદી વૈશ્વિક રેંકિંગથી સંપૂર્ણપણે અલગ છે. તે કોઈ દેશની આર્થિક કે લશ્કરી શક્તિને માપતી નથી. તે ફક્ત તેના પોતાના લોકો અને બહારના લોકો માટે દેશ કેટલો જવાબદાર છે તેના પર આધારિતછે. ટોચના૧૦માં સિંગાપોર, સ્વિટ્ઝર્લેન્ડ, ડેનમાર્ક, સાયપ્રસ, સ્વીડન, ચેકિયા, બેલ્જિયમ, ઓસ્ટ્રિયા, આયર્લેન્ડ, જ્યોર્જિયા, યુએસએ દેશોનો સમાવેશ થાય છ

આ યાદીમાં અમેરિકા ૬૬મા ક્રમે છે. ચીન ૬૮મા ક્રમે છે, જ્યારે પાકિસ્તાન ૯૦મા ક્રમે છે. આમ, ભારતે આ દેશોને પાછળ છોડીને ૧૬મું સ્થાન મેળવ્યું છે.

# અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સહિત ૩ ભાઈઓ સામે ૩ કરોડની છેતરપિંડીની વડોદરામાં ફરિયાદ! ૩૧મી ડિસેમ્બરે દીકરો સ્યુસાઈડ નોટ લખી ગુમ થયો'તો

## તમને અને તમારા પરિવારને જોઈ લઈશું, તમે પોલીસ ફરિયાદ કરી છે:ફરિયાદીને ધમકાવ્યા

અમરેલી/વડોદરા

અમરેલી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સુરેશભાઈ ભાદાભાઈ પાનસુરીયા તેમના ત્રણ સગા ભાઈઓ તથા પુત્ર સામે વડોદરા શહેરના દર્શિતભાઈએ ૩ કરોડની છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે, જેને પગલે ભાજપ વર્તુળમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. હરણી પોલીસે પાંચ આરોપીની શોધખોળ શરૂ કરી છે

શહેરના અમિત નગર સર્કલ પાસે આવેલ મંગલ પાર્ક સોસાયટીમાં રહેતા દર્શિતભાઈ કમલેશભાઈ શાહ (ઉંમર ૪૨ વર્ષ)એ હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ડિસેમ્બર ૨૦૨૩માં સુરેશભાઈએ હરણી સમા લિંક રોડ પર આવેલા 'શ્રી સિદ્ધેશ્વર પેરેડાઈઝ' અને 'શ્રી સિદ્ધેશ્વર પ્રાઈમ પ્લસ' પ્રોજેક્ટમાં રોકાણ કરવાની લાલચ આપી હતી. તેમણે ૧.૫ ટકા માસિક વળતરની શરૂઆતમાં અને પછી ૨ ટકા વળતરની ખાતરી આપી હતી તેમજ પ્રોપર્ટીની સિક્યોરિટી આપવાનું કહ્યું હતું. આ વિશ્વાસ પર દર્શિતભાઈ અને તેમના પિતા કમલેશભાઈ શાહે કુલ ૩ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

આ રકમના બદલામાં દર્શિતભાઈ અને તેમના પિતાના નામે કુલ ૬ મિલ્કતો (ફ્લેટ અને દુકાનો)ના રજિસ્ટર્ડ બાનાખત કરાવ્યા હતા. શરૂઆતમાં ફેબ્રુઆરી ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ સુધી માસિક ૧.૫%થી ૨% વળતર રોકડ/બેન્ક દ્વારા ચૂકવવામાં આવ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૫થી વળતર બંધ થઈ ગયું. દર્શિતભાઈએ વારંવાર પૂછપરછ કરતાં રિયલ એસ્ટેટમાં તકલીફનું બહાનું કાઢ્યું હતું અને રૂપિયા પરત ચૂકવણીનો ભરોસો આપ્યો હતો પરંતુ, કોઈ રકમ મળી નહીં. દર્શિતભાઈના પિતાને લીવર




કેન્સરની બીમારી થતાં સારવાર માટે રકમની જરૂર પડી હતી તો પણ રૂપિયા પરત કર્યા ન હતા.

આ દરમિયાન આરોપીઓએ આપેલા ચેકો બેન્કમાં બાઉન્સ થયા હતા. સપ્ટેમ્બર, ૨૦૨૫માં ઓફિસમાં મળવા બોલાવી અસભ્ય વર્તન કરીને ધમકીઓ આપવામાં આવી કે, તમને અને તમારા પરિવારને જોઈ લઈશું, તમે પોલીસ ફરિયાદ કરી છે, હવે રૂપિયા મળવાના નથી. થાય એ કરી લો આ દરમિયાન પ્રોજેક્ટમાં બાંધકામ અધૂરું છે અને બાનાખતવાળી મિલ્કતો પર બેંક લોન લેવાઈ હોવાનું પણ જાણવા મળ્યું હતું.

આરોપીઓમાં સુરેશભાઈ ભાદાભાઈ પાનસુરીયા, મનિષભાઈ ભાદાભાઈ પાનસુરીયા, પ્રવીણભાઈ ભાદાભાઈ પાનસુરીયા, કિશોરભાઈ ભાદાભાઈ પાનસુરીયા અને રવિભાઈ સુરેશભાઈ પાનસુરીયા (પુત્ર)નો સમાવેશ થાય છે. હરણી પોલીસે આ ફરિયાદની તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ અમરેલીમાં ભાજપના ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરિયાના પુત્ર રવિ પાનસુરિયા વ્યાજખોરના ત્રાસથી લાપતા થયો હતો. સુરેશ પાનસુરિયાનો પુત્ર ૩૧મી ડિસેમ્બરે સ્યુસાઈડ નોટ લખીને ગુમ થયો હતો. પોલીસે તેની શોધખોળ માટે તપાસ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન આ કેસમાં જેની સામે આક્ષેપ થયા હતા, એ દિક્ષિત પટેલ વડોદરામાં પ્રેસ કોન્ફરન્સ યોજીને રવિ અને તેના પિતા સુરેશ પાનસુરીયા સામે આક્ષેપો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, દિક્ષિત પટેલ ગોધરાના બહુચર્ચિત NEET કાંડમાં પણ આરોપી છે અને હાલ જામીન પર મુક્ત છે.ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરિયાનો પુત્ર રવિ પાનસુરિયા વ્યાજખોરોના ત્રાસથી ગુમ થયો હોવાની પોલીસમાં અરજી થઈ હતી. ૩૧મી ડિસેમ્બરે રાત્રે સ્યુસાઈડ નોટ લખીને રવિ ગુમ થયો હતો. રવિએ ગોધરા નીટ કાંડના દિક્ષિત પટેલ સહિત ૧૬ લોકો પાસેથી ૧૧.૨૫ કરોડ રૂપિયા વ્યાજે લીધા હતાં. ૪.૯૦ કરોડની મિલકત અને ૩.૩૮ કરોડ રૂપિયા RTGSથી તેણે ચૂકવ્યા હતાં. વ્યાજખોરોએ માત્ર ૨.૯૭ કરોડની સામે ૧૫ કરોડની ઉઘરાણી કરી હતી.

વ્યાજખોરો દ્વારા થતી પઠાણી ઉઘરાણીનો વીડિયો વાયરલ થયો હતો. ૩૧મી ડિસેમ્બરની રાત્રે રવિ ઘરેથી નીકળ્યો તે સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. ગુમ થયેલા રવિ પાનસુરિયાની પોલીસે શોધખોળ હાથ ધરી હતી. ગોધરા નીટ કાંડના દીક્ષિત પટેલ સહિતના ૧૬ જેટલા વ્યાજખોરોના ત્રાસથી રવિ પાનસુરીયા ગુમ થયો હોવાનો આરોપ લગાવાયો હતો.

# અમરેલીમાં ખુલ્લા પ્લોટમાં કેબલના ડ્રમમાં આગ

## ફાયર વિભાગે સમયસર કાબુ મેળવતાં મોટી દુર્ઘટના ટાળી

અમરેલી:

અમરેલી શહેરમાં વહેલી સવારે હનુમાનપરા રોડ પર આવેલા એક ખુલ્લા પ્લોટમાં લાઈટ કેબલના અંદાજે ૩૩ ડ્રમમાં આગ લાગી હતી. આ ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.ફાયર કંટ્રોલ રૂમને ટેલિફોનિક જાણ કરાયા બાદ, ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ ફાયર વાહન સાથે દોડી ગઈ હતી. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ટીમે વિલંબ કર્યા વિના પાણી અને ફોમનો સતત મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.આગ લાગેલા ખુલ્લા પ્લોટની આસપાસ રહેણાંક મકાનો આવેલા હોવાથી આગ વધુ ફેલાય તો મોટી જાનમાલની નુકસાની થવાની શક્યતા હતી. જોકે, ફાયર



વિભાગની સમયસૂચકતા, કુશળતા અને સતર્ક કામગીરીને કારણે આગને બાજુના મકાનો સુધી પહોંચતી અટકાવવામાં આવી અને એક મોટી દુર્ઘટના ટળી હતી.આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા નોંધાઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી અને તે અંગે તપાસ ચાલી રહી છે. ફાયર ઓફિસર અને ફરજ પર હાજર સ્ટાફે હિંમતપૂર્વક ફરજ બજાવી શહેરના નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. સ્થાનિક નાગરિકોએ પણ ફાયર વિભાગની આ કામગીરીને બિરદાવી હતી.

# ભાવનગર-સોમનાથ હાઈવે પર બે સિંહ રોડ ક્રોસ કરતા દેખાયા

## આજ સ્થળે દસેક દિવસ અગાઉ દીપડાનું મોત થયું હતું, વન્યજીવોની સુરક્ષા પર સવાલ

અમરેલી:અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ નજીક ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર બે સિંહોએ રોડ ક્રોસ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે, જેના કારણે વન્યજીવોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. ઉલ્લેખનીય છે કે આ જ સ્થળે દસ દિવસ પહેલા એક દીપડાનું વાહન અડફેટે મોત થયું હતું.દિવસના સમયે બનેલી આ ઘટનામાં, વ્યસ્ત હાઈવે પર અચાનક સિંહોને જોઈને વાહનચાલકોએ વાહનો થંભાવી દીધા હતા. જેના કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો. વાહનચાલકોએ આ સમગ્ર ઘટનાને પોતાના મોબાઈલમાં કેદ કરી હતી.



એક જ સ્થળે ટૂંકા ગાળામાં દીપડાના મોત અને સિંહોના રોડ ક્રોસિંગની ઘટનાઓ દર્શાવે છે કે આ વિસ્તારમાં વન્યજીવો માટે સુરક્ષા વ્યવસ્થાનો અભાવ છે. આ પરિસ્થિતિ સિંહો તેમજ વાહનચાલકો બંને માટે જોખમી બની શકે છે.નેશનલ હાઈવે પર સિંહોની અવરજવર સૂચવે છે કે આસપાસના વિસ્તારોમાં તેમનું કુદરતી આવાસ સંકોચાઈ રહ્યું છે. જેના પરિણામે વન્યજીવો માનવ વસ્તી અને માર્ગો તરફ આવવા મજબૂર બન્યા છે.

છેલ્લા કેટલાક સમયથી અમરેલી જિલ્લામાં સિંહો અને અન્ય વન્યજીવોના રોડ અકસ્માતોની ઘટનાઓમાં વધારો થયો છે. વારંવાર બનતી આવી ઘટનાઓ છતાં નેશનલ હાઈવે પર સ્પીડ કંટ્રોલ, વાઈલ્ડલાઈફ વૉર્નિંગ બોર્ડ, અન્ડરપાસ કે અન્ય સુરક્ષા વ્યવસ્થાઓનો અભાવ જોવા મળે છે.દેશની શાન ગણાતા એશિયાટિક સિંહોની સુરક્ષા માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવામાં આવે તેવી સ્થાનિક લોકો, પર્યાવરણપ્રેમીઓ અને વન્યજીવ સંરક્ષણ સાથે સંકળાયેલા વર્ગોમાંથી માંગ ઉઠી રહી છે. જો સમયસર યોગ્ય આયોજન અને વ્યવસ્થાઓ નહીં થાય તો સિંહોના અકસ્માતનો ખતરો વધુ વધવાની ભીતિ સેવાઈ રહી છે.

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર જાફરાબાદ તાલુકામાં અત્યાર સુધીમાં એક દીપડો અને બે સિંહ સહિત કુલ ત્રણ વન્યપ્રાણીઓના વાહન અડફેટે મોત થયા છે. દીપડાને અકસ્માત કરી ભાગી જનાર વાહનચાલક હજુ પકડાયો નથી, જોકે વનવિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વાહનચાલકની નંબર પ્લેટ મળી આવતા તેની ઓળખ થઈ ગઈ છે.

# ૨૦૦ વિદ્યાર્થીઓને અપાઈ AIની જાણકારી

અમરેલી:અમરેલીમાં ડૉક્ટર કલામ ઈનોવેટિવ સ્કૂલમાં



''એ.આઈ ફોર યુથ'' પ્રોગ્રામના ભાગરૂપે ૨ દિવસની હેન્ડ્સ-ઓન એ.આઈ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪ સરકારી શાળાઓના કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ આ ટ્રેનિંગનો ભાગ બન્યા હતા.

આ વર્કશોપનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મૂળભૂત બાબતોનો પરિચય કરાવવાનો અને તેમને તેના અલગ અલગ ક્ષેત્રો જેમ કે કોમ્પ્યુટર વિઝન, ડેટા સાયન્સ અને નેચરલ લેન્ગવેજ પ્રોસેસીંગ વિષે પ્રાયોગિક અનુભવ પ્રદાન કરવાનો છે.

એ આઈ ફોર યુથ'' પ્રોગ્રામ વિદ્યાર્થીઓને એઆઈ ક્ષમતાઓથી સશક્ત બનાવવા, નવીનતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

વર્કશોપમાં એઆઈની મૂળભૂત બાબતો, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ જેમ કે ઓબ્જેક્ટ ડિટેક્શન, સેલ્ફ ડ્રાઈવિંગ કાર ડેમો, કોડિંગના કોન્સેપ્ટ અને ઈન્ટરેક્ટિવ સેશનનો સમાવેશ થાય, જે શિક્ષણને મજેદાર અને આકર્ષક બનાવે છે. જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહ ગોહિલે ટ્રેઈનિંગ વર્કશોપની મુલાકાત લીધી, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરી.

કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે અમરેલીના વિદ્યાર્થીઓ માટે ભવિષ્યલક્ષી કૌશલ્યોનું નિર્માણ કરવાની પહેલ માટે ઈન્ટેલ અને ડૉ. કલામ ઈનોવેટિવ સ્કૂલના પ્રયાસોની પણ પ્રશંસા કરી.આ પહેલ ઈન્ટેલની યુવાનોમાં એ.આઈ. એ.આઈ અને ડિજિટલ સાક્ષરતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસોની એક ભાગરૂપે યોજાઈ હતી.

# અમરેલી, સાવરકુંડલા ઝોનમાં ૩,૩૪,૦૦૦ છાત્રો ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા આપશે

અમરેલી:ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ અગાઉ જ જાહેર કરી દેવાયો છે. ત્યારે અમરેલી જિલ્લાનું શિક્ષણ તંત્ર પરીક્ષાના આયોજન માટે સજ્જ બન્યું છે. જિલ્લામાં કુલ ૩૩૪૦૦ છાત્ર ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપશે.આગામી ૨૬મી તારીખથી પરીક્ષાના જુદા જુદા તબક્કા શરૂ થઈ જશે. ધોરણ ૧૦ અને ૧૨ના છાત્રો હાલમાં શાળાકીય પરીક્ષા આપી રહ્યા છે અને ફાઈનલ એક્ઝામની પુરજોશથી તૈયારી કરી રહ્યા છે. તેવા સંજોગોમાં શિક્ષણ વિભાગે પણ આ પરીક્ષાની તૈયારી પુરજોશમાં શરૂ કરી છે. અમરેલી જિલ્લામાં ૧૯૪૦૦ છાત્રો ધોરણ ૧૦ની પરીક્ષા આપશે.

આ અંગે શિક્ષણ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે આ પરીક્ષા માટે અમરેલી અને સાવરકુંડલા એમ બે ઝોન પાડવામાં આવ્યા છે. અમરેલી ઝોનમાં ૧૪ કેન્દ્ર પર ૪૯ બિલ્ડીગમાં ધોરણ ૧૦ની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે સાવરકુંડલા ડીવીઝનમાં ૧૪ કેન્દ્ર પર ૪૫ બિલ્ડીગમાં ધોરણ ૧૦ની પરીક્ષા લેવાશે. આમ સમગ્ર જિલ્લામાં ૨૮ કેન્દ્રમાં ૯૪ બિલ્ડીગમાં ધોરણ ૧૦ની



પરીક્ષા લેવાશે.જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા અમરેલી ડીવીઝનના ૩ કેન્દ્રમાં જુદી જુદી ૮ બિલ્ડીગમાં લેવાશે અને સાવરકુંડલા ડીવીઝનના ૨ કેન્દ્રમાં ૪ બિલ્ડીગમાં લેવાશે. આમ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા જિલ્લામાં ૫ કેન્દ્રમાં જુદા જુદા ૧૨ સ્થળે લેવાશે.

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા અમરેલી ડીવીઝનના ૭ કેન્દ્રમાં ૨૦ બિલ્ડીગમાં તથા સાવરકુંડલા ડીવીઝનના ૮ કેન્દ્રમાં ૩૦ બિલ્ડીગમાં લેવાશે. આમ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૧૫ કેન્દ્રો રહેશે. આ કેન્દ્રો પર જુદી જુદી ૫૦ શાળામાં પરીક્ષાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.શિક્ષણ વિભાગના સુત્રોએ એમ પણ જણાવ્યું હતું કે ગુજકેટની પરીક્ષા જિલ્લામાં એક માત્ર અમરેલી કેન્દ્રમાં લેવાશે. અમરેલી શહેરમાં જુદા જુદા ૧૧ શાળામાં આ માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટીકલ પરીક્ષા અમરેલી ઝોનમાં ૩ કેન્દ્રમાં ૫ બિલ્ડીગમાં લેવામાં આવશે. આવી જ રીતે આ પરીક્ષા સાવરકુંડલા ઝોનમાં ૨ કેન્દ્રમાં જુદી જુદી ૨ બિલ્ડીગમાં લેવાશે.

અમરેલી જિલ્લામાં યોજાનારી બોર્ડની પરીક્ષામાં દરેક સ્થળે સીસીટીવી કેમેરાની નજર રહેશે. પરીક્ષા ખંડમાં સીસીટીવી કેમેરા લગાવવા ઉપરાંત સ્થાનિક પોલીસ દ્વારા પણ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. પરીક્ષાને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેકટીકલ પરીક્ષા અમરેલી ઝોનમાં લાઠી, બગસરા અને અમરેલી કેન્દ્રમાં લેવામાં આવશે. અમરેલી શહેરમાં ૩ સ્થળે આ પરીક્ષા હશે. જ્યારે સાવરકુંડલા ડીવીઝનમાં રાજુલા અને સાવરકુંડલા એમ બે સ્થળે પરીક્ષા લેવામાં આવશે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટીકલ પરીક્ષા અમરેલી ઝોનમાં ૩?કેન્દ્રમાં ૫ બિલ્ડીગમાં લેવામાં આવશે. આવી જ રીતે આ પરીક્ષા સાવરકુંડલા ઝોનમાં ૨ કેન્દ્રમાં જુદી જુદી ૨ બિલ્ડીગમાં લેવાશે.

# કાગધામ મજાદર ખાતે કાગ એવોર્ડ રજત મહોત્સવ:૨૫ વિદ્વાનોને સન્માનિત કરાશે, મોરારિબાપુ ઉપસ્થિત રહેશે

રાજુલા:રાજુલા તાલુકાના મજાદર કાગધામ ખાતે ૨૧ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ કાગ એવોર્ડના રજત મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થશે. આ દિવસે કવિ કાગની ૪૯મી પુણ્યતિથિ છે. પૂ. મોરારિબાપુની નિશ્રામાં કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત અને રાજસ્થાનના ૨૫જેટલા વિદ્વાનોને કાગ એવોર્ડ અર્પણ કરવામાં આવશે.

આ પ્રસંગે બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન 'કાગના ફળિયે કાગની વાતો' અંતર્ગત પરિસંવાદ યોજાશે, જેમાં મુખ્ય વક્તા રમજાન હાસણીયા પોતાના વિચારો રજૂ કરશે. કાગ એવોર્ડના સંયોજક ડો. બળવંતભાઈ જાની દ્વારા આ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. આ એવોર્ડ ચારણી સાહિત્યકારો, સ્ટેજ સંચાલકો, સંશોધકો, વિદ્વાનો તેમજ દિવંગત વિદ્વાનો સહિત વિવિધ ક્ષેત્રના શબ્દસાધકો અને કલાકારોને અપાશે.

કાગ એવોર્ડ ભક્ત કવિ દુલા ભાયા કાગની પુણ્યતિથિ નિમિત્તે તેમની યાદમાં આપવામાં આવે છે. કાગબાપુને લોકો ભગતબાપુ તરીકે




પણ ઓળખતા હતા. તેમનો જન્મ ૨૫નવેમ્બર, ૧૯૦૩ના રોજ થયો હતો. તેમણે પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો, પરંતુ તેઓ ઉત્તમ વાચક અને ચારણી સાહિત્યના અભ્યાસુ હતા. તેમની રચનાઓ 'કાગવાણી' પુસ્તકમાં સંગ્રહિત છે.તેઓ ભાવનગર ચારણ બોર્ડિંગના પ્રેરણાસ્ત્રોત હતા. તેમણે વિનોબા ભાવેના ભૂદાન યજ્ઞમાં જમીનનું દાન કર્યું હતું અને ચારણ હિતવર્ધક સભાના પ્રમુખ પણ હતા. ભાવનગર રાજવી પરિવાર તેમજ કાઠિયાવાડ-બાબરિયાવાડના કાઠી ગિરાસદારો અને રાજ પરગણા સાથે તેમને પારિવારિક સંબંધો હતા. ભારત સરકાર દ્વારા તેમને ૧૯૬૨માં પદ્મશ્રીનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો. તેમનું અવસાન ૨૨ફેબ્રુઆરી, ૧૯૭૭ના રોજ થયું હતું.

મજાદર ગામે કાગબાપુના નામ પર ગામનો પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યો છે. કાગબાપુના ઓરડામાં સમયના ઓરડા અને રાષ્ટ્રપતિ એવોર્ડ ભીતર શોભી રહ્યા છે. કાઠિયાવાડ-બાબરિયાવાડ શૈલીના ભરતગૂંથણ, મોતીકામ અને કિનખાબી ભરતકામના બેનમૂન નમૂનાઓ પણ તેમની સ્મૃતિ રૂપે સચવાયેલા છે. કાગના ફળિયે કાગબાપુના સમયનો લીમડો, જેની નીચે બેસીને તેઓ સાહિત્ય ચિંતન કરતા હતા, તે પણ આજે સ્મૃતિ રૂપે સચવાયેલો છે. કાગબાપુની મેડી તેમજ મજાદરના ચોકમાં કવિ કાગબાપુની દેરી અને મા સોનલ માનું મંદિર આસ્થાના કેન્દ્ર સમાન છે.

# દોલતપરાના યુવકે દારૂ સાથે ઝેરી દવા પીધી, સારવારમાં મોત નિપજ્યું

જૂનાગઢ:દોલતપરાના એક યુવકે સોમવારે દારૂ સાથે ઝેરી દવા પી લેતા તેનું સારવારમાં મોત નિપજ્યું હતું. દોલતપરામાં બાઈકના શોરૂમ ની બાજુમાં આવેલ ગિરનાર કારખાનામાં મજૂરી કામ કરતા મૂળ ઉત્તર પ્રદેશના કેશવલી ગામના ૨૪ સુરેન્દ્રરભાઈ પુનવાસી હરજણ નામના યુવકને દારૂ પીવાની ટેવ હતી.

સોમવારે સાંજે ૫ વાગ્યાના અરસામાં યુવકે કારખાના ખાતે દારૂની સાથે ઝેરી દવા પણ ગટગટાવી લેતા તેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન યુવાનનું મૃત્યુ નિપજ્યું હતું.

ઘટનાની જાણ થતા એ ડિવિઝન પોલીસે દોડી જઈને યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી ધર્મેન્દ્રકુમાર પુનવાસી હરજણના નિવેદન આધારે આગળની કાર્યવાહી કરી હતી. યુવાને દારૂની સાથે ઝેરી દવા કેમ પીધી તેનું કારણ મેળવવા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજુલામાં રેતી અને ધૂળ ઉડવા મુદ્દે યુવક પર લાકડી વડે હુમલો

અમરેલી:રાજુલાના કુંભારવાડા શેરી નંબર ૬માં રહેતા અકરમભાઈ આદમભાઈ સેલોત (ઉ.વ.૨૫)એ હસન ટપુભાઈ મહેતર, કાળુ હસન મહેતર, હુસૈન હસન મહેતર અને સમીર સલીમભાઈ મહેતર સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તે નવું મકાન બનાવતા હતા. ત્યારે રેતી તથા બીજી વસ્તુઓ તેમના ઘરની બહાર શેરીમાં નખાવતા હતા.તે દરમિયાન ચારેય શખ્સો તેના મકાનની સામે રહેત હતા. અહી રેતી અને ધુળ ઉડવા બાબતે ચારેય શખ્સોએ અકરમભાઈ સેલોત સહિતના લોકોને અપશબ્દો આપી અને લાકડી વડે માર માર્યો હતો. તેમજ તેને મારી નાખવાની ધમકી આપી હતી.

# એક તરફી પ્રેમમાં યુવકનું પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન

## જિંદગીના છેલ્લા બે સ્ટેટસ સો. મીડિયામાં મૂકી જીવન ટૂંકાવ્યું, દીકરાના મોતથી પિતાનું હૈયાફાટ રુદન

જૂનાગઢ:જૂનાગઢ શહેરના મોતીબાગ વિસ્તારમાં આવેલી 'ટ્રાન્સ ગ્લોબલ એજ્યુકેશન' ઓફિસમાં આજરોજ એક અજૂગતી ઘટના સામે આવી છે. એકતરફી પ્રેમમાં યુવકે પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટનામાં યુવક ભડથું થતા સ્થળ પર જ તેનું કરુણ મોત નીપજ્યું હતું. યુવકની આ હાલત જોઈને પિતા ભાંગી પડ્યા હતા.મળતી માહિતી મુજબ મૃતક જાવિદ ગુલામઅલી કાદરી નામનો યુવક કોઈ બાબતથી નારાજ હતો. તે મોતીબાગ નજીક આવેલી 'ટ્રાન્સ ગ્લોબલ એજ્યુકેશન' ઓફિસમાં અચાનક પ્રવેશ્યો હતો. ઓફિસમાં ગયા બાદ તેણે પોતાના શરીરે પેટ્રોલ છાંટીને સળગીને આપઘાત કર્યો હોવાની પ્રાથમિક




દ્રષ્ટિએ માહિતી મળી રહી છે. આગને કારણે યુવક ઘટનાસ્થળે જ ગંભીર રીતે દાઝી ગયો હતો અને તેનું મોત નીપજ્યું હતું.આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ટ્રાન્સ ગ્લોબલ એજ્યુકેશન ઓફિસમાં યુવકનો સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસે પંચનામું શરૂ કર્યું હતું. જ્યારે યુવકના પરિવારને આ સમાચાર મળ્યા ત્યારે તેઓ દોડી આવ્યા હતા. પરિવારજનોના કરુણ આક્રંદથી આસપાસના લોકોની આંખો પણ ભીની થઈ ગઈ હતી.યુવકે આ અંતિમ પગલું ભરતા પહેલા પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર બે 'સેડ સોંગ્સ' ના સ્ટેટ્સ પણ મૂક્યા હતા. આ બાબત પરથી સ્પષ્ટ થાય છે કે, યુવક માનસિક રીતે કોઈ મોટી મૂંઝવણ કે પીડામાં હતો. તેના સ્ટેટ્સ પરથી તે કોઈ વ્યક્તિ પ્રત્યેની નારાજગી વ્યક્ત કરી રહ્યો હોય એવું લાગી રહ્યું છે.પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. આ આપઘાત પાછળનું ચોક્કસ કારણ શું છે તે દિશામાં પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. ઓફિસના સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ કોલ ડિટેલ્સના આધારે વધુ વિગતો સામે આવી શકે છે.

# વડિયામાં લગ્નમાં વરઘોડામાં બબાલ થતા જાહેર રોડ પર છુટ્ટા હાથની મારામારી!

વડીયા:વડીયામાં સુરગપરામાં લગ્ન પ્રસંગ દરમિયાન એક વરઘોડામાં કોઈ કારણે બબાલ મચી હતી. જેના કારણે છુટા હાથની મારામારી થતા થોડીવાર માટે અફડાતફડી મચી હતી અને વરઘોડો પણ અટકી ગયો હતો.

હજુ ધારી તાલુકાના ખીસરી ગામે એક લગ્ન પ્રસંગમાં જાનૈયા અને માંડવીયા વચ્ચે જમણવારમાં રોટલી પીરશવાના મુદ્દે મારામારીની ઘટનામાં ૧૫ લોકોને ઈજા પહોંચ્યાની અને જાન લીલાતોરણે પાછી ગયાની ઘટના તાજી છે. ત્યા આજે



વડીયાના સુરગપરા વિસ્તારમાં વરઘોડા દરમિયાન મારામારીની ઘટના બની હતી. અહીં લગ્ન પ્રસંગ દરમિયાન ખેતાણી રોડ પર વરઘોડો કાઢવામાં આવ્યો હતો.જેમાં કોઈ કારણે મહેમાનો વચ્ચે ડખો થઈ ગયો હતો અને આ ડખો મારામારીમાં પલટાયો હતો. જે લોકો રાસ-ગરબા લેતા હતા.

તેની વચ્ચે મારામારી અને ગાળા-ગાળી થતા ડીજેના સુર પણ અટકી ગયા હતા. થોડાવાર અહીં નાસ ભાગ મચી ગયા જેવી સ્થિતિ ઘટનાને પગલે વરરાજા પણ અહીંથી નીકળી ગયા હતા.જો કે બાદમાં મામલો થાળે પડ્યો હતો અને આ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી ન હતી.